

પેજ-08
દિશા ડેથ કેસ: સેલિના જેટલી ભાવુક થઈ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
આઈપીએલ ઈતિહાસમાં સુનીલ નરેનના નામે રેકોર્ડ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 30.00 |
| વડોદરા | 40.00 | 31.00 |
| સુરત | 36.00 | 29.00 |

પેજ 5

એપલને પાછળ છોડી ગૂગલ બની વિશ્વની નંબર વન બ્રાન્ડ

27
MAY-2026
WEDNESDAY

દલાઈ લામા મામલે ચીનની ભારતને ફરી ચેતવણી

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76009.70 ▼ | 479.26 |
| નિફ્ટી | 23913.70 ▼ | 118.00 |
| સોનું | 157755.00 ▼ | 1326.00 |
| ચાંદી | 270649.00 ▼ | 6067.0 |

વર્ષ-15 । અંક-195 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### કેન્દ્ર સરકારે કમિટી બનાવી, ગૃહમંત્રી શાહ બોલ્યા- ઘૂસણખોરી દેશ માટે મોટો પડકાર

# વસ્તીમાં જ્યાં અચાનક ફેરફાર આવ્યો, ત્યાંની તપાસ થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કેન્દ્ર સરકારે દેશના વિવિધ વિસ્તારોમાં વસ્તીમાં થઈ રહેલા અસામાન્ય ફેરફારોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી છે. આ સમિતિના અધ્યક્ષ પદે નિવૃત્ત જસ્ટિસ પ્રકાશ પ્રભાકર નાવલેકરની નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ગેરકાયદેસર ઘૂસણખોરી અને અન્ય પરિબળોને કારણે દેશમાં થઈ રહેલા વસ્તી વિષયક ફેરફારોનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરવાનો છે.



● જસ્ટિસ પ્રકાશ પ્રભાકર નાવલેકરની અધ્યક્ષતામાં વસ્તી પરિવર્તનનો અભ્યાસ કરશે સમિતિ

## સમિતિના મુખ્ય કાર્યો

આ સમિતિનો વ્યાપ ઘણો વિસ્તૃત છે. તેના કાર્યોમાં નીચેની બાબતો મુખ્ય રહેશે:

ગેરકાયદેસર સ્થળાંતર અને અસામાન્ય કારણોથી થતા વસ્તી પરિવર્તનના મૂળ કારણો શોધવા.

ધાર્મિક અને સામાજિક સમુદાયોના સ્તરે થઈ રહેલા વસ્તી ફેરફારની પેટર્નનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવું.

આ ફેરફારોના આધારે ઉકેલો અને નીતિવિષયક સુધારા માટે સરકારને ભલામણ કરવી.

## નિષ્ણાત સભ્યોની ટીમ

સમિતિને સર્વગ્રાહી બનાવવા માટે વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમિતિમાં સેન્સસ કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણ, નિવૃત્ત IAS દુર્ગા શંકર મિશ્રા, નિવૃત્ત IPS બાલાજી શ્રીવાસ્તવ અને અર્થશાસ્ત્રી ડૉ. શમિકા રવિ સામેલ છે. ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ (ફોરેનર્સ-I) આ સમિતિના સભ્ય સચિવ તરીકે સેવા આપશે.

# વેણુગોપાલે કહ્યું- કર્ણાટકના CM બદલવાના સમાચાર માત્ર અટકળો



● બેઠકમાં રાજ્યસભા-MLC ચૂંટણી પર ચર્ચા થઈ, સિદ્ધારમૈયા-શિવકુમાર આજે રાહુલ-ખડગેને મળ્યા
● દિલ્હીમાં હાઈકમાન્ડ સાથે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારની બેઠક, સંગઠનાત્મક મુદ્દાઓ પર મંથન

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કર્ણાટકના CM બદલવાની અટકળો વચ્ચે મંગળવારે રાજ્યના સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારની દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધી સાથે બેઠક થઈ.બેઠક બાદ પાર્ટીના સંગઠન મહાસચિવ અને લોકસભા સાંસદ વેણુગોપાલે કહ્યું- જે અટકળો લગાવવામાં આવી રહી છે, તે માત્ર અટકળો છે, તેમાં કોઈ સત્ય નથી. બેઠકમાં રાજ્યસભા અને વિધાન પરિષદ (MLC) ચૂંટણીઓ પર ચર્ચા થઈ.તેમણે કહ્યું કે કર્ણાટકના મુખ્યમંત્રી પદ કે નેતૃત્વ પરિવર્તનને લઈને કોઈ ચર્ચા થઈ નથી. કર્ણાટકની રાજ્યસભા અને વિધાન પરિષદ બેઠકોના ઉમેદવારોના નામ અન્ય રાજ્યોની બેઠકો સાથે જાહેર કરવામાં આવશે. કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર સોમવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા.કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર સોમવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા.

## શિવકુમારે કહ્યું દિલ્હી જવું જરૂરી છે

કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર સોમવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. સિદ્ધારમૈયા સાથે કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વર આવ્યા હતા. દિલ્હી પહોંચ્યા બાદ સિદ્ધારમૈયાએ કહ્યું- હાઈકમાન્ડે બોલાવ્યો છે, તેથી આવ્યો છું. બેઠકનો એજન્ડા શું છે, તેની મને જાણ નથી. વેણુગોપાલે ફોન કરીને સમય અને તારીખ જણાવી હતી.જ્યારે શિવકુમારે દિલ્હી જવા રવાના થતા પહેલા કહ્યું હતું- કેટલીક પરિસ્થિતિઓમાં દિલ્હી જવું જરૂરી બની જાય છે, તેથી જઈ રહ્યો છું.જ્યારે, કર્ણાટક સરકારમાં મંત્રી સતીશ જારકીહોલીએ કહ્યું હતું કે દિલ્હીમાં યોજાનારી બેઠકનો હેતુ પાર્ટીની અંદર ચાલી રહેલા મુદ્દાઓને ઉકેલવાનો છે.

## BJP બોલી- ખડગે નામના અધ્યક્ષ

કર્ણાટક સરકારમાં મંત્રી સતીશ જારકીહોલીએ કહ્યું કે દિલ્હીમાં યોજાનારી બેઠકનો હેતુ પાર્ટીની અંદર ચાલી રહેલા મુદ્દાઓને ઉકેલવાનો છે. કોંગ્રેસ કાર્યકરો ગૃહમંત્રી જી. પરમેશ્વરના સમર્થનમાં પણ અવાજ ઉઠાવી રહ્યા છે. આનાથી પાર્ટીની અંદર સત્તા સંતુલનની ચર્ચા વધુ તેજ બની છે.

આ પહેલા સોમવારે જ્યારે ખડગેને કર્ણાટકની રાજકીય સ્થિતિ વિશે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું- હું આના પર ટિપ્પણી નહીં કરું. રાહુલજી બોલશે.

ખડગેના આ જ નિવેદનને લઈને ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ કહ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ માત્ર નામ પૂરતા અધ્યક્ષ છે અને પાર્ટી રિમોટ કંટ્રોલથી ચાલી રહી છે.

# અમિત શાહની ઐતિહાસિક સાંચુ પોસ્ટની મુલાકાત





● દૂરબીનથી સરહદ નિહાળી અમિત શાહે જવાનોના ઉત્સાહમાં કર્યો વધારો
● વાઈબ્રન્ટ વિલેજ યોજનાથી રાજસ્થાનના ૧૮૪ બોર્ડર ગામોનો થશે વિકાસ

(એજન્સી) બીકાનેર । તા. 26

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે રાજસ્થાનના બીકાનેર ખાતે આવેલી ભારત-પાકિસ્તાન સરહદની ઐતિહાસિક સાંચુ પોસ્ટની મુલાકાત લઈને દેશની સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવ્યો હતો. સાંચુ પોસ્ટ એ સરહદની એવી ચોકી છે જે બે મોટા યુદ્ધોની સાક્ષી રહી છે. કોઈ પણ ગૃહમંત્રી તરીકે આ પોસ્ટ પર જઈને જવાનો સાથે રૂબરૂ મુલાકાત લેનાર અમિત શાહ પ્રથમ વ્યક્તિ બન્યા છે. તેમની સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જવાનો સાથે મુલાકાત અને નાસ્તો

આશરે ૪૨ ડિગ્રી જેવી કાળઝાળ ગરમીમાં પણ અડીખમ ઉભેલા જવાનો સાથે ગૃહમંત્રીએ દોઢ કલાકનો સમય વિતાવ્યો હતો. તેમણે દૂરબીન વડે પાકિસ્તાની સરહદ અને ઝીરો પોઈન્ટનો વિસ્તાર નિહાળ્યો હતો. આ સમયગાળા દરમિયાન તેમણે સીમા સુરક્ષા દળ (BSF) ના જવાનો સાથે તેમની કામગીરી, પડકારો અને સરહદ પરની પ્રવૃત્તિઓ વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

## સરહદી સુરક્ષા અને વાઈબ્રન્ટ વિલેજ યોજના

પોસ્ટની મુલાકાત બાદ અમિત શાહ બીકાનેરમાં BSF હેડક્વાર્ટર ખાતે સુરક્ષા એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ અને સરહદી પાંચ જિલ્લાના કલેક્ટર તથા પોલીસ અધિક્ષકો સાથે મહત્વની બેઠક કરશે. આ બેઠકનો મુખ્ય એજન્ડા સરહદ પર વધી રહેલી તસ્કરીની ઘટનાઓને રોકવાનો અને સુરક્ષામાં વધુ સજ્જતા લાવવાનો છે.

### ચાકુ વડે હુમલાનો આરોપ; વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

# મુંબઈની સોસાયટીમાં બકરા લાવવા પર વિવાદ:બે પક્ષો વચ્ચે મારામારી

(એજન્સી) મુંબઈ । તા. 26

મુંબઈના મીરા રોડ સ્થિત પૂનમ ક્લસ્ટર સોસાયટીમાં ઈદ-ઉલ-અઝહા પર કુરબાની માટે લાવવામાં આવેલા બકરાઓને મંગળવારે કેમ્પસની બહાર લઈ જવામાં આવ્યા. અહીં બકરાઓની કુરબાની માટે સોમવારે બનાવવામાં આવેલો શેડ હિંદુ પક્ષની ફરિયાદ પર નગર નિગમે હટાવી દીધો હતો. ત્યારબાદ મુસ્લિમ પક્ષે ફરીથી શેડ બનાવવાનું શરૂ કરી દીધું હતું.હિંદુ પક્ષે તેનો વિરોધ કર્યો. વિવાદ વધીને મારામારી સુધી પહોંચી ગયો. જેના કારણે ત્યાં તણાવની સ્થિતિ સર્જાઈ. પોલીસ પહોંચી અને મામલો શાંત પાડ્યો.સોસાયટીમાં બકરા હોવાની જાણ થતાં જ મંગળવારે હિંદુ સંગઠનના લોકો ત્યાં પહોંચીને વિરોધ કરવા લાગ્યા. ત્યારબાદ બકરાઓને બહાર લઈ જવામાં આવ્યા. વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને લોકોને શાંતિપૂર્ણ રીતે તહેવાર મનાવવા અપીલ કરવામાં આવી છે.



## કિરીટ સોમૈયાનો આરોપ-ડરનો માહોલ બનાવવાનો પ્રયાસ

આ મામલે ભાજપના નેતા કિરીટ સોમૈયાએ આરોપ લગાવ્યો કે હિંદુ બહુમતીવાળા વિસ્તારોમાં ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે પ્રશાસન બકરાઓને હટાવવા અને આવી ઘટનાઓને રોકવા માટે કાર્યવાહી કરી રહ્યું છે. ધાર્મિક પ્રવૃત્તિઓ નિર્ધારિત સ્થળોએ જ થવી જોઈએ.સોમૈયાએ પત્રકારોને જણાવ્યું કે, "કેટલાક મુસ્લિમ નેતાઓ અહીં 'નવું પાકિસ્તાન' બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્રણ અઠવાડિયા પહેલા આ જ વિસ્તારમાં એક સુરક્ષા ગાર્ડની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ઉન્નાવમાં એક્સપ્રેસ-વે પર AC બસ પલટી: પોલીસકર્મી-કેદી સહિત 5ના મોત

● એકનો પગ કપાઈ ગયો, બારીઓમાંથી મુસાફરો પડ્યા, દિલ્હીથી બિહાર જઈ રહી હતી



(એજન્સી) ઉન્નાવ । તા. 26

યુપીના ઉન્નાવમાં મંગળવારે સવારે લગભગ 5 વાગ્યે ડબલ ડેકર AC બસ બેકાબુ થઈને લખનઉ-આગ્રા એક્સપ્રેસ-વે પર પલટી ગઈ. આ અકસ્માતમાં એક પોલીસકર્મી અને એક કેદી સહિત પાંચ મુસાફરોનાં મોત થયાં. 3 પોલીસકર્મી સહિત 15 લોકો ઘાયલ થયા છે. દિલ્હીથી બિહાર જઈ રહેલી બસમાં લગભગ 30 મુસાફરો સવાર હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ડ્રાઈવરને ઝોકું આવી જવાથી અકસ્માત થયો હતો.નજરેજોનાર મુજબ, બસ પુરપાટ ઝડપે જઈ રહી હતી. અચાનક ડ્રાઈવરે બસ પરથી કન્ટ્રોલ ગુમાવી દીધો. બસ ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ અને રેલિંગ પર લટકી ગઈ. આના કારણે ઘણા મુસાફરો બસની બારીઓમાંથી એક્સપ્રેસ-વે નીચે પડી ગયા. એકનો પગ કપાઈને અલગ થઈ ગયો.આ અકસ્માત ઔરાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક્સપ્રેસ-વેના કિલોમીટર નંબર 262 પાસે થયો હતો.

### ભારત-અમેરિકા વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ કરાર

# દિલ્હી ક્વાડ બેઠકમાં ઓસ્ટ્રેલિયાએ હોર્મુઝનો મુદ્દો ઉઠાવ્યો:કહ્યું- દરિયાઈ માર્ગોની આઝાદી જરૂરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

નવી દિલ્હીમાં આજે ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ બેઠક કરી. બેઠક પછી ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે હોર્મુઝનો મુદ્દો ઉઠાવતા કહ્યું, 'ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાથી ઊર્જા સુરક્ષા પર સ્પષ્ટ અસર દેખાઈ રહી છે. દરિયાઈ માર્ગોની સ્વતંત્રતા જાળવી રાખવી જરૂરી છે અને ક્વાડ દેશ કોઈપણ પ્રકારનો ટોલ લગાવવાનો પણ વિરોધ કરે છે.'સાથે જ તેમણે કહ્યું કે, સભ્ય દેશો માત્ર ચર્ચા નહીં, પરંતુ નક્કર પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેમણે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોના રાજદ્વારી પ્રયાસોની પણ પ્રશંસા કરી.જ્યારે, પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રી એસ જયશંકરે આતંકવાદના મુદ્દે કહ્યું કે તેની સામે ઝીરો ટોલરન્સ હોવું જોઈએ. જે દેશો પર આતંકવાદી હુમલા થાય છે, તેમને પોતાની સુરક્ષાનો અધિકાર છે.સાથે જ તેમણે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતી જતી પડકારોનો મુદ્દો ઉઠાવ્યો.



## ક્વાડ બેઠકની 5 મુખ્ય જાહેરાતો

● ક્રિટિકલ મિનરલ્સ ફ્રેમવર્ક: ચારેય દેશો હવે ખાણકામ, પ્રોસેસિંગ અને રિસાયક્લિંગમાં સાથે મળીને રોકાણ કરશે, જેથી સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવી શકાય.
● ભારત-અમેરિકા દ્વિપક્ષીય કરાર: ભારત અને અમેરિકાએ ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ સપ્લાયની સુરક્ષા માટે ખાસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
● ઉર્જા સુરક્ષા: ઈન્ડો-પેસિફિકમાં ફ્યુઅલ સિક્યોરિટી ફોરમ અને પ્રાદેશિક ઉર્જા સહયોગ દ્વારા ઉર્જા ક્ષેત્રે નવી પહેલ કરવામાં આવશે.
● સેટેલાઈટ ડેટા શેરિંગ: દરિયાઈ દેખરેખ વધારવા માટે ક્વાડ દેશો હવે સેટેલાઈટ ડેટા શેર કરશે, જે તસ્કરી રોકવા અને ગેરકાયદેસર માછીમારી સામે લડવામાં મદદરૂપ થશે.
● પોર્ટ્સ ઓફ ધ ફ્યુચર: ફિજીમાં આધુનિક બંદરગાહ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે 'પોર્ટ્સ ઓફ ધ ફ્યુચર' પરિયોજના શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

### મેં તેમનો કર્મયોગી સ્વભાવ અનુભવ્યો, કાર્યક્રમમાં ઘણા મુખ્યમંત્રીઓ પણ સામેલ થયા

# PM મોદી પર લખાયેલ શિવરાજ સિંહ ચૌહાણના પુસ્તકનું વિમોચન

(એજન્સી) ભોપાલ । તા. 26

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના પોતાના 35 વર્ષના અનુભવોને પુસ્તકના રૂપમાં રજૂ કર્યા છે.તેમણે 'આપણાપણું: નરેન્દ્ર મોદી સાથેના મારા અનુભવો' નામનું પુસ્તક લખ્યું છે, જેનું વિમોચન આજે દિલ્હીના પૂસા સ્થિત NASC કોમ્પ્લેક્સમાં સવારે 10:30 વાગ્યે કરવામાં આવ્યું.આ પુસ્તકનું વિમોચન પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ અને પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડાએ કર્યું. આ સમારોહમાં મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાન સહિત લગભગ એક ડઝન રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા.



## 1991 થી અત્યાર સુધીના અનુભવો

શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે આ પુસ્તક તેમના માટે માત્ર એક પુસ્તક નથી, પરંતુ વડાપ્રધાન મોદી સાથે વિતાવેલા લાંબા સમયનો આત્મીયતા છે. 1991ની એકતા યાત્રાથી લઈને આજ સુધીના અનુભવોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે. તે સમયે મુરલી મનોહર જોશીની યાત્રામાં નરેન્દ્ર મોદી સંગઠનાત્મક પ્રભારી હતા.

## પુસ્તક યુવાનોને પ્રેરિત કરશે

શિવરાજ સિંહ ચૌહાણનું કહેવું છે કે આ પુસ્તક યુવાનોને ખાસ કરીને પ્રેરિત કરશે. તેમાં અનુશાસન, તપસ્યા, સમર્પણ અને લોકો સાથે આત્મીયતાથી મોટા લક્ષ્યો હાંસલ કરવાની શીખ આપવામાં આવી છે. પુસ્તકમાં મોદીજીના નેતૃત્વ, સુશાસન, રાષ્ટ્ર સેવા અને નીતિ નિર્માણના વ્યક્તિગત પાસાઓને ખાસ કરીને ઉજાગર કરવામાં આવ્યા છે.

## તે એક સાચા કર્મયોગી અને અસાધારણ વ્યક્તિ

કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ક્યારેક-ક્યારેક તમને એવા વ્યક્તિ સાથે કામ કરવાનો મોકો મળે છે જેને દુનિયા નેતા કહે છે, પરંતુ વાસ્તવમાં તે એક સાચા કર્મયોગી અને અસાધારણ વ્યક્તિ હોય છે. તે વ્યક્તિ છે નરેન્દ્ર મોદી.આજ 26 મેનો એ ઐતિહાસિક દિવસ છે, જ્યારે નરેન્દ્ર મોદીએ પહેલીવાર પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. આ 35 વર્ષોમાં મેં તેમને દરેક ક્ષણે દેશ માટે જીવતા જોયા છે. તેમનું દરેક પગલું દેશની પ્રગતિ અને વિકાસ માટે ઉઠ્યું છે. મને તેમની સાથે અનેક ભૂમિકાઓમાં સંગઠનના કાર્યકર્તા તરીકે કામ કરવાનો મોકો મળ્યો.કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ, વિધાનસભા અધ્યક્ષ નરેન્દ્ર સિંહ તોમર, કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર અને ગિરિરાજ સિંહ સહિત ઘણા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

## જેસરમાં પિતા-પુત્રએ કુહાડી વડે યુવક પર જીવલેણ હુમલો કર્યો

# 'અમે જે ધંધો કરીએ તે, તમારે અમારી ગામમાં પંચાયત નહીં કરવાની'

(એજન્સી) જેસર । તા. 26

જેસર તાલુકાના કોબડીયા ગામે નજીવી બાબતમાં થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક યુવક પર પિતા-પુત્રએ કુહાડી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવકને માથાના ભાગે 8 ટાંકા આવ્યા હતા, જ્યાં યુવકે સારવાર બાદ પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.




### 'તમારે અમારી ગામમાં પંચાયત નહીં કરવાની'

મળતી વિગતો અનુસાર, જેસરના કોબડીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા હર્ષદ અરજણભાઈ મકવાણા ઉં.વ.31 સાંજના આશરે સાતેક વાગ્યે તેમના મિત્ર માવજી મેર સાથે મોટરસાયકલ પર પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ગામના જ વિનુભાઈના દીકરા ભોડીયાએ તેમને બોલાવ્યા હતા, માવજી અને ભોડીયો બંને દારૂ પીધેલી હાલતમાં હતાં. તે દરમિયાન વિનુભાઈ અને ભોડીયો બંને હર્ષદ અને માવજી સાથે બોલાચાલી કરવા લાગ્યા હતાં. તેઓએ જણાવ્યું કે, 'અમે જે ધંધો કરીએ છીએ તે કરીએ, તમારે અમારી ગામમાં પંચાયત નહીં કરવાની.'

### કુહાડી લઈને યુવક પર તૂટી પડ્યા

આ બાબતે બંને બાપ-દીકરો ગાળો આપવા લાગ્યા હતા, હર્ષદભાઈએ ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા વિનુભાઈએ પોતાના હાથમાં રહેલી કુહાડી વડે હર્ષદભાઈના કપાળના ભાગે એક ઘા ઝીંકી દીધો હતો, જેથી તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા, હુમલા બાદ હર્ષદભાઈ જેમ-તેમ કરીને પોતાના મિત્ર માવજીભાઈને મોટરસાયકલ પર બેસાડી ઘરે પહોંચ્યા હતા. ઘરે આવીને ભાઈ દીપકભાઈને સમગ્ર ઘટનાની જાણ કરતા, તેમણે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો.

### કપાળના ભાગે 8 ટાંકા આવ્યા

હર્ષદભાઈને સારવાર માટે હનુમંત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ફરજ પરના તબીબે જણાવ્યું છે કે તેમના કપાળના ભાગે 8 ટાંકા આવ્યા છે આ સમગ્ર મામલે ભોગ બનનાર યુવકે પુત્ર ભોડીયો વિનુભાઈ તથા પિતા વિનુભાઈ બને વિરુદ્ધ જેસર પોલીસે મથકે ગુન્હો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## ગોધરા તાલુકા પંચાયત પ્રમુખ લીલાબેન પટેલ બિનહરીફ વિજેતા

(એજન્સી) પંચમહાલ । તા. 26

પંચમહાલ જિલ્લાની સાત તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા સંપન્ન થઈ છે. આ તમામ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. ગોધરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે લીલાબેન પટેલ બિનહરીફ વિજેતા બન્યા છે, જેમણે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો.

જિલ્લાની તમામ સાત તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી બિનહરીફ થવા પામી છે. ભારતીય જનતા પાર્ટી (BJP) ના સત્તાવાર મેન્ડેટ ધરાવતા ઉમેદવારોએ ગત રવિવારે પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. ચૂંટણી અધિકારી સમક્ષ નિર્ધારિત સમય મર્યાદામાં અન્ય કોઈ પક્ષ કે અપક્ષ ઉમેદવાર દ્વારા ફોર્મ રજૂ ન કરાતા, તમામ બેઠકો પર બિનહરીફ વરણીની જાહેરાત કરવામાં આવી હતી.

નવનિયુક્ત પ્રમુખ લીલાબેન પટેલે પદભાર ગ્રહણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના સંગઠનના શીર્ષ નેતૃત્વનો આ તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## તાલાલા તાલુકા પંચાયતના વાયરલ ઓડિયો મામલે દેવેન્દ્ર સોલંકીનો ખુલાસો

જૂનાગઢ : ગઈકાલે દેવેન્દ્ર સોલંકી અને રોહિત વાજા વચ્ચેનો વાયરલ થયેલો ઓડિયો ચર્ચાનો વિષય બન્યો હતો. આ મુદ્દે ખુલાસો કરતા આમ આદમી પાર્ટીના નેતા દેવેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે તાલાલા તાલુકા પંચાયતની અંદર જે એક-બે ઓડિયો વાયરલ થયા છે, તેમાં તાલુકા પંચાયતના પ્રમુખ પદને લઈને અમારી કાર્યકર્તાઓ સાથે ચર્ચા થઈ રહી હતી. કોંગ્રેસ સાથે ગઠબંધન અંગે ચર્ચા દરમિયાન સામા પક્ષ તરફથી એવી વાત કરવામાં આવી હતી કે જો પ્રમુખ પદ આપવામાં આવે તો જ ગઠબંધન શક્ય બને. દેવેન્દ્ર સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે મારા પરમમિત્ર રોહિતભાઈ વાજા સાથે થયેલો ઓડિયો વાયરલ કરવામાં આવ્યો છે. આ ઓડિયોમાં મેં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે તમારી જે માંગ છે તે અમે પૂરી કરી શકીએ એમ નથી, તેથી આ બાબતે પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. આ સમગ્ર વાતચીતનો માત્ર એક ભાગ વાયરલ કરવામાં આવ્યો છે અને તેના આધારે અમારી ઉપર ખોટા આરોપો લગાવવામાં આવી રહ્યા છે. આ વીડિયો દ્વારા હું સમગ્ર હકીકત લોકો સમક્ષ મૂકવા માંગું છું જેથી જનતા પોતે સમજી શકે કે સત્ય શું છે. શરૂઆતથી જ કેટલીક બાબતો નક્કી હતી, છતાં ખોટી રીતે અમારી સામે વાતો ઉભી કરવામાં આવી રહી છે.

# ગોધરાના મોહમ્મદી મહોલ્લામાં દૂષિત પાણીની સમસ્યા

## નળમાં સીધું ગટરનું ગંદુ પાણી આવતું હોવાની ફરિયાદ



(એજન્સી) ગોધરા । તા. 26

ગોધરા શહેરના નગરપાલિકા વોર્ડ નંબર 7 માં આવેલા મોહમ્મદી મહોલ્લાના રહીશો છેલ્લા બે વર્ષથી પીવાના પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. અહીં પીવાના પાણીની લાઈનમાં ગટરનું દૂષિત પાણી ભળી જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રહીશોના આક્ષેપ મુજબ, છેલ્લા બે વર્ષથી આ સમસ્યા પ્રવર્તી રહી છે, પરંતુ છેલ્લા આઠ દિવસથી સ્થિતિ વધુ વણસી છે. નળમાં સીધું ગટરનું ગંદુ પાણી આવી રહ્યું છે, જેના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાનો ભય સેવાઈ રહ્યો છે.

સ્થાનિકો આ પાણી પીવા કે ઘરવપરાશમાં ઉપયોગ કરી શકતા નથી. બોરનું પાણી પણ ઉપલબ્ધ ન હોવાથી લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વારંવાર રજૂઆતો કરવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. રહીશોના જણાવ્યા અનુસાર, નગરપાલિકાના કર્મચારીઓ આવે છે, માત્ર એક-બે ખાડા ખોદીને જતા રહે છે, પરંતુ કોઈ કાયમી કામગીરી કરવામાં આવતી નથી.

## મહુવામાં સગીર પર જૂની અદાવતમાં હુમલો

# 4 શખસે રસ્તામાં આંતરીને બેરહેમીથી મારતા બેભાન; બગદાણા પોલીસ મથકે ગુનો દાખલ

(એજન્સી) ભાવનગર । તા. 26

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના છાપરી (ચુણા) વાડી વિસ્તારમાં જૂની અદાવતને લીધે એક 17 વર્ષીય સગીર વયના વિદ્યાર્થી પર લોખંડના પાઈપ અને લાકડીઓ વડે ઘાતકી હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. બહેન બાબતે અગાઉ થયેલી બોલાચાલીની દાઝ રાખીને 4 શખસે યુવકને રસ્તામાં આંતરીને બેરહેમીથી માર માર્યો હતો, જેના કારણે યુવક બેભાન થઈ ગયો હતો. આ સમગ્ર મામલે બગદાણા પોલીસે ચારેય હુમલાખોરો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### મોટરસાયકલ રોકીને અચાનક ગાળાગાળી શરૂ કરી

મળતી વિગતો અનુસાર, છાપરી ગામના વાડી વિસ્તારમાં રહેતો અને અભ્યાસ કરતો ચિરાગ ભરતભાઈ સાંખટ (ઉં.વ.17) ગતરોજ સાંજે આશરે 7:00 વાગ્યાના અરસામાં પોતાનું મોટરસાયકલ લઈને ગામમાંથી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન ગામમાં જ રહેતા અલ્પેશ ભવાનભાઈના ઘર નજીક પહોંચતા, અલ્પેશે અન્ય 3 શખ્સ સાથે મળીને ચિરાગને રસ્તામાં ઊભો રાખ્યો હતો.

### અઢી વર્ષ જૂની તકરારની દાઝ રાખી જીવલેણ હુમલો

પોલીસ ફરિયાદ મુજબ, આજથી આશરે 2.5 વર્ષ પહેલાં ચિરાગની મોટી બહેન બાબતે આ શખ્સો સાથે બોલાચાલી અને તકરાર થઈ હતી. તે સમયની અદાવત મનમાં રાખીને અલ્પેશ ભવાનભાઈ, ઘનશ્યામ ભવાનભાઈ, ભરત ભવાનભાઈ અને રાજુ જીવરાજભાઈએ ચિરાગને રોકીને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ચિરાગે ગાળો બોલવાની ના પાડતાં જ ચારેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને લોખંડના પાઈપ તથા લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ ચિરાગના માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં આડેધડ માર મારતાં તે બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો હતો.

### જાનથી મારી નાખવાની ધમકી આપી

થોડીવાર બાદ ભાનમાં આવતાં જ ચિરાગ પોતાનો જીવ બચાવવા ત્યાંથી ભાગ્યો હતો. તે સમયે હુમલાખોરોએ 'હવે પછી આ બાજુ આવીશ તો તને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સગીરને તાત્કાલિક સારવાર અર્થે મહુવાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બગદાણા પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે ચારેય આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 115(2), 352, 351(3), 54 તેમજ જી.પી. એક્ટની કલમ 135 મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી-બનાસકાંઠામાં કાળા વાદળો ઘેરાયા, ચોમાસા જેવો માહોલ

### ચાર દિવસ અસહ્ય અકળામણની ચેતવણી; લોકોએ કહ્યું- 'ઘર તપેલા રહે છે, AC કામ નથી કરી રહ્યાં, હાર્ટ ફેલ થઈ જશે!'

(એજન્સી) અમદાવાદ । તા. 26

રાજ્યમાં ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે, જેના કારણે વિવિધ સાત શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. અમદાવાદ 43C મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. જ્યારે ગાંધીનગર અને રાજકોટમાં 42.5C તેમજ સુરેન્દ્રનગરમાં 42.3C મહત્તમ તાપમાન નોંધાયું છે.

મે મહિનાની આકરી ગરમી અને અસહ્ય બફારાના કારણે લોકોને રાત્રિના સમયે પણ રાહત મળી રહી નથી. ઉકળાટભર્યા વાતાવરણને લીધે વડીલો (સિનિયર સિટીઝન્સ) ના સ્વાસ્થ્ય પર જોખમ વધ્યું છે અને હાર્ટ ફેલિયર જેવી ગંભીર સ્થિતિ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. રાત્રિના સમયે પવન સાવ ઠપ થઈ જતાં (ઝાડનું એક પણ પાન ન હલવાના કારણે) સોસાયટીઓમાં લોકોને ઘરની બહાર પંખો લગાવીને બેસવાની નોબત આવી છે. કાળઝાળ ગરમીને લીધે ઘરો પણ 'તપેલા' જેવા થઈ ગયા છે, જેના કારણે એસીની અસર પણ અડધી થઈ ગઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ચાર દિવસ સુધી લોકોને આવી જ અસહ્ય અકળામણ અને ગરમીનો સામનો કરવો પડશે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજવાળા પવનો ફૂંકાવાના કારણે ભારે ડિસ્કમ્ફર્ટ (અકળામણ) અનુભવાશે અને રાજ્યભરમાં રાત્રે પણ બફારો યથાવત રહેશે. જો કે, આ દિવસોમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે, પરંતુ ગરમી અને ભેજનું ઊંચું પ્રમાણ સામાન્ય જનજીવનને પ્રભાવિત કરતું રહેશે. બીજી તરફ, વહેલી સવારથી અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અહીંના ગ્રામ્ય પંથકોમાં કાળાડિબાંગ વાદળો ઘેરાતાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. ઉનાળાની સીઝનમાં અચાનક વરસાદી વાતાવરણ બનવાના કારણે ખેડૂતોની ચિંતામાં ભારે વધારો થયો છે.

## ભાવનગરમાં સસરા-જમાઈને ફ્રી મૂવી જોવાની લાલચ પડી ભારે

# મોબાઈલ હેક કરી ખાતામાંથી ₹1.22 લાખ પડાવ્યા; સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ

(એજન્સી) ભાવનગર । તા. 26

ઈન્સ્ટાગ્રામ પર ફ્રી મૂવી અને વેબ સિરીઝ જોવાની જાહેરાત જોઈને અજાણી એપ્લિકેશન ડાઉનલોડ કરવી ભાવનગરના સસરા-જમાઈને ભારે પડી છે. મોબાઈલ ફોનમાં એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતી વખતે તમામ પરમિશન આપતાં જ બંનેના ફોન હેક થઈ ગયા હતા. ત્યારબાદ સાયબર ઠગોએ સસરાના બેંક ખાતામાંથી 52,000 અને જમાઈના ખાતામાંથી 70,000 મળી કુલ 1,22,000 ઓનલાઈન ઉપાડી લીધા હતા. આ સમગ્ર મામલે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતી વખતે એપ ડાઉનલોડ કરી

પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર શહેરના વિઠ્ઠલવાડી વિસ્તારમાં આવેલી નવજીવન સોસાયટીમાં રહેતા અને નિર્મળનગરમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતા વેપારી પરેશભાઈ છગનભાઈ કુવરાણીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગત 5 મે, 2026ના રોજ તેઓ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રીલ્સ જોઈ રહ્યા હતા, ત્યારે 'ટ્યુબી ટીવી' નામની એપની એક જાહેરાત આવી હતી, જેમાં ફ્રી મૂવી અને વેબ સિરીઝ આપવાનો દાવો કરાયો હતો. આ લાલચમાં આવીને પરેશભાઈએ પોતાના મોબાઈલમાં તમામ પરમિશન આપીને તે એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી લીધી હતી.

### બ્લુટુથથી જમાઈને એપ મોકલી અને બંને સાથે ફ્રોડ થયું

એપ્લિકેશન શરૂઆતમાં 2થી 3 દિવસ વ્યવસ્થિત ચાલી હતી. આથી પરેશભાઈએ તેમના જમાઈ ધ્રુમીલભાઈ ભાવેશભાઈ પટેલને પણ ફ્રીમાં મૂવી જોવા માટે આ એપ અંગે વાત કરી હતી અને 8 મે, 2026ના રોજ બ્લુટુથ મારફતે આ એપ્લિકેશન જમાઈના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરાવી હતી. એપ ઈન્સ્ટોલ થતાં જ બીજા દિવસે એટલે કે 9 મેના રોજ જમાઈ ધ્રુમીલભાઈનો ફોન હેક થઈ ગયો હતો અને તેમના બેંક ખાતામાંથી 70,000 ઓનલાઈન ઉપડી ગયા હતા. નાણાં ઉપડતાં જ જમાઈએ સસરાને જાણ કરી અને સસરાએ તુરંત પોતાના મોબાઈલમાંથી પણ તે એપ્લિકેશન ડિલીટ કરી નાખી હતી. જોકે, ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. તેના બીજા જ દિવસે સસરા પરેશભાઈનો ફોન પણ હેક થયો હતો અને ઠગોએ તેમના બેંક એકાઉન્ટમાંથી પણ 52,000 ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા.

### નવા કાયદા (BNS) અને IT એક્ટ હેઠળ ગુનો દાખલ

પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાની વહેલી તકે જાણ થતાં જ પરેશભાઈએ ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે વેપારીની ફરિયાદના આધારે અજાણ્યા સાયબર ગુનેગાર સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 318(4), 319(2) તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) એક્ટની કલમ 43A, 43(F) અને 66(d) મુજબ ગુનો નોંધીને છેતરપિંડી આચરનાર આઈડી અને બેંક ખાતાના લોકેશન ટ્રેસ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પીઝા અને પંજાબી વાનગીઓના કાફેની ફ્રેન્ચાઈઝીના નામે 20 લાખનું કૌભાંડ

(એજન્સી) ભરૂચ । તા. 26

રાજ્યભરમાં પીઝા અને પંજાબી વાનગીઓના કાફે આઉટલેટ ખોલવાના બહાને એક દંપતી દ્વારા આશરે રૂપિયા 20 લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ 'વર્ધિયન' અને 'કુલચા કાફે'ના નામે ફ્રેન્ચાઈઝી આપવાની લાલચ આપીને અનેક રોકાણકારોને પોતાના શિકાર બનાવ્યા હતા. આ સમગ્ર કૌભાંડ અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ભરૂચના ભારતીનગર વિસ્તારમાં રહેતા સૌરભ શેરે અને તેની પત્ની વૈભવી શેરેએ રોકાણકારો સમક્ષ દેશભરમાં 60 ફૂડ સ્નેક્સ આઉટલેટ્સ શરૂ કરવાની મોટી યોજના રજૂ કરી હતી. આ લોભામણી યોજના બતાવીને તેમણે રોકાણકારો પાસેથી લાખો રૂપિયાનું રોકાણ મેળવી લીધું હતું. જોકે, વાસ્તવમાં માત્ર 18 આઉટલેટ્સ જ શરૂ કરવામાં આવ્યા હતા. બાકીના આઉટલેટ્સ અંગે રોકાણકારોને ખોટા વાયદા અને બહાના બતાવી લાંબા સમય સુધી ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા.

આ કૌભાંડનો ભોગ માત્ર મોટા રોકાણકારો જ નથી બન્યા, પરંતુ સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો પણ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. સુરત અને વડોદરા સહિતના શહેરોમાં આલુ ટીક્કી, પીઝા અને અન્ય ફાસ્ટફૂડ સામગ્રી તૈયાર કરતી 40થી વધુ મહિલાઓ તથા કાફેમાં કામ કરતા 50થી વધુ કર્મચારીઓ છેલ્લા ત્રણ મહિનાથી પગાર વિના કામ કરી રહ્યા છે. પગાર ન મળવાને કારણે આ શ્રમિક પરિવારો પર આર્થિક સંકટ આવી પડ્યું છે અને તેઓ ન્યાય મેળવવા માટે પોલીસ મથકના ધક્કા ખાઈ રહ્યા છે. આ છેતરપિંડી અંગે ભરૂચના આશિષ નેલશનભાઈ ક્રિચીયને ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી છે. રોકાણકારોની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે.

# આધેડની હત્યા બાદ આરોપીઓના ઘર આસપાસ ઘર અને વાહનો સળગાવાયા

## રાજીવનગરમાં 20 દિવસ પહેલા હત્યા થઈ હતી, ગુનો નોંધી અજાણ્યા શખસોની શોધખોળ શરૂ

(એજન્સી) અમદાવાદ । તા. 26

શહેરના રાજીવનગરમાં થોડા દિવસ અગાઉ આધેડની કેટલાક શખ્સોએ જાહેરમાં હત્યા કરી હતી.આ હત્યાના આક્રોશમાં આવીને મૃતકના પરિવારજનોએ આરોપીના ઘર પાસે તોડફોડ કરી હતી. ત્યારે આરોપીના પડોશમાં રહેતા એક વ્યક્તિની કોઈ રિક્ષા સળગાવી દીધી છે. જ્યારે એક વ્યક્તિનું મકાન સળગાવી દીધું છે. જે અંગે સેટેલાઈટ પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



### ઘર અને રિક્ષામાં આગ લગાવી હતી

રાજીવનગરમાં રહેતા રાધાબેન ચૌહાણે ફરિયાદ નોંધાવી છે કે, 2મેના રોજ રાજીવનગરમાં રહેતા નટુભાઈ પરમારની હત્યા થઈ હતી. હત્યામાં રાધાબેનના પડોશમાં રહેતા કનુભાઈનું નામ હતું,જેથી નટુભાઈના સંબંધીઓ ટોળા લઈને કનુભાઈના ઘર પાસે આવ્યા હતા.જેના ડરના કારણે રાધાબેન ઘર બંધ કરીને બીજી જગ્યાએ રહેવા જતા રહ્યા હતા. રાધાબેનને જાણ થઈ હતી કે તેમના બંધ મકાનનું તાળું તોડી કેટલાક અજાણ્યા તેમના ઘરમાં આવીને ઘરમાં આગ લગાડી ગયા હતા.ઘરમાં આગ લાગવાના કારણે તેમના ઘરનો તમામ સળગી ગયો છે. રાજીવનગર વિભાગ-2 માં પણ કેટલાક ઘરોમાં કોઈએ આગ લગાડી હોવાની જાણ થઈ હતી જેથી રાધાબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

### અજાણ્યા શખસો સામે પોલીસ ફરિયાદ

રાજુનગરમાં રહેતા પ્રેમચંદભાઈએ ફરિયાદ નોંધાવી શકે તેઓ રિક્ષા ડ્રાઈવિંગ કરે છે.2 મેના રોજ જ્યારે નટુભાઈની હત્યા થઈ ત્યારે નટુભાઈના સંબંધીઓ પ્રેમચંદભાઈ જે ગલીમાં રહેતા હતા ત્યાં ઝઘડો કરવા આવ્યા હતા. પ્રેમચંદભાઈ તેમની સાસરીમાં જતા રહ્યા હતા. તેઓ પરત આવ્યા ત્યારે તેમની ઓટો રિક્ષાનો આગળનો કાચ તૂટેલો હતો અને રીક્ષાની ઉપરનું હુડ અને પાછળની સીટ બળી ગયેલી હતી.તપાસ કરી તો જાણવા મળ્યું કે હત્યા બાદ કેટલાક શખ્સો તેમની રિક્ષામાં તોડફોડ કરીને આગ લગાવી હતી.જેથી પ્રેમચંદભાઈએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ટ્રેન મારફતે ભરૂચ આવી પહોંચ્યા

(એજન્સી) ભરૂચ । તા. 26

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી બે દિવસીય ભરૂચ જિલ્લાના પ્રવાસે ટ્રેન મારફતે આવી પહોંચ્યા છે. તેમની આ મુલાકાતનો મુખ્ય હેતુ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા અને ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનો છે.

ભરૂચ રેલવે સ્ટેશન ખાતે રાજ્યપાલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી, ધારાસભ્યો રમેશ મિસ્ત્રી, અરુણસિંહ રણા, ડી.કે. સ્વામી, ભરતસિંહ પરમાર, ખુમાનસિંહ વાસિયા, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, એસપી અક્ષયરાજ મકવાણા સહિતના વહીવટી અધિકારીઓ અને સ્થાનિક રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ અંકલેશ્વર તાલુકાના કાસીયા ગામ ખાતે રાત્રિ રોકાણ કરશે. ત્યાં તેઓ 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અંતર્ગત ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ



પરિસંવાદમાં ભાગ લેશે.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ પ્રાકૃતિક કૃષિ દ્વારા જળ અને જમીનનું સંરક્ષણ કરવું, ખેડૂતોની આર્થિક સ્થિતિ સુદ્રઢ બનાવવી અને દેશના નાગરિકોને સ્વસ્થ રાખવાનો છે. ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર રાજ્યપાલના સીધા માર્ગદર્શન હેઠળ આ વિશેષ ઝુંબેશ ચલાવી રહ્યું છે. ભરૂચ જિલ્લાના ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે વ્યાપક જાગૃતિ લાવવા અને આ અભિયાનને 'જન આંદોલન' બનાવવાની દિશામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# 'ટાટા કેમિકલે મરીન સેન્ચ્યુરીને કાળા રણમાં ફેરવી નાખી'

## ગુજરાત હાઈકોર્ટનું આકરું વલણ, 3 મહિનામાં આંકલન કરીને વળતર વસૂલો; ઉદ્યોગને બંધ કરવા સહિતના કડક પગલાં લેવા નિર્દેશ

(એજન્સી) અમદાવાદ । તા. 26

ગુજરાત હાઈકોર્ટે જામનગર મરીન સેન્ચ્યુરીમાં ખુલ્લી નહેરો દ્વારા ગેરકાયદેસર કેમિકલ કચરો અને પ્રદૂષિત પાણી ઠલવવા બદલ ટાટા કેમિકલ્સ લિમિટેડ સામે કડક વલણ અપનાવ્યું છે. વન વિભાગ, જામનગરના કલેક્ટર અને ઓથોરિટીના અહેવાલને આધારે કોર્ટે ગંભીર નોંધ લેતા નોંધ્યું હતું કે, કંપનીએ કોઈની પણ મંજૂરી વગર કેમિકલ કચરો દરિયામાં નાખતા મરીન સેન્ચ્યુરીને કાળા રણમાં ફેરવી નાખી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા તાલુકાના મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ લિમિટેડ વર્ષ 1939થી સોડા એશ અને અન્ય રસાયણોનું ઉત્પાદન કરે છે. કંપની દ્વારા ખુલ્લી નહેરો થકી ઔદ્યોગિક પ્રદૂષિત પાણી અને કેમિકલ વેસ્ટ દરિયાના ઈન્ટર-ટાઈડલ ઝોનમાં છોડવામાં આવતું હતું. 1982માં સરકાર દ્વારા આ દરિયાઈ વિસ્તારને મરીન સેન્ચ્યુરી જાહેર કરવામાં આવ્યો હતો. જેને લઈને જામનગરના કલેક્ટર દ્વારા કંપનીના આ વિસ્તારમાં પ્રદૂષિત પાણી છોડવાના હક્કને નકારી કાઢતા અને તેને ગેરકાયદેસર દબાણ ગણાવતો ઓર્ડર જાહેર કરવામાં આવ્યો હતો. જેના વિરૂદ્ધમાં ટાટા કેમિકલ્સે વર્ષ 2006માં ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. કંપનીનો દાવો હતો કે, તેઓ 1962-63થી આ સિસ્ટમનો ઉપયોગ કરે છે અને 1982 પહેલાથી આ હક્ક ધરાવે છે. વળી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિર્ધારિત માપદંડો મુજબ જ પાણી છોડવામાં આવતું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓસનોગ્રાફિ દ્વારા સહમત રીતે કચરાનો નિકાલ કરવામાં આવતો હતો. જેનો નિકાલ કચ્છના અખાતમાં કરવામાં આવતો હતો. ત્યાં આવેલી પાઈપોને રિપેર કરવા અને નવી નાખવા તેઓને મંજૂરી આપવામાં આવે.

## ચૂંટણી પરિણામના મહિના બાદ 8 મનપામાં પદાધિકારીઓની જાહેરાત

### અમદાવાદમાં હિતેશ બારોટ મેયર અને કમલેશ પટેલ સ્ટેન્ડિંગ ચેરમેન

ચૂંટણી પરિણામના લગભગ એક મહિના બાદ જેની કાગડોળે રાહ જોવાતી હતી તે મનપાના પદાધિકારીઓની વરણી કરી દેવામાં આવી છે. આજે (26 મે) અમદાવાદ, નવસારી, ગાંધીધામ, મોરબી, જામનગર, પોરબંદર, નડિયાદ, મહેસાણા એમ કુલ 8 મનપામાં પદાધિકારીઓની જાહેરાત કરી દેવાઈ છે. અમદાવાદના પ્રથમ નાગરિક તરીકે થલતેજ વોર્ડના કોર્પોરેટર હિતેશ બારોટની વરણી કરવામાં આવી છે. ડેપ્યુટી મેયર તરીકે સાબરમતી વોર્ડના અંજુબેન શાહની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ખોખરા વોર્ડના કોર્પોરેટર કમલેશ પટેલની વરણી કરવામાં આવી છે. ભાજપના શાસક પક્ષના નેતા તરીકે શાહીબાગ વોર્ડના જશુ ઠાકોર અને દંડક તરીકે ચાંદખેડા વોર્ડના અતુલ મિશ્રાની નિમણૂક કરવામાં આવી છે. નવસારીના પ્રથમ મેયર તરીકે વોર્ડ નંબર 2ના અશોક ધોરાજીયાની પસંદગી કરવામાં આવી છે. ડેપ્યુટી મેયર તરીકે કેયુરી દેસાઈ (વોર્ડ નંબર 1), સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે મુકેશ અગ્રવાલ (વોર્ડ નંબર 5), શાસક પક્ષના નેતા તરીકે નરેશ પુરોહિત (વોર્ડ નંબર 8) અને દંડક તરીકે રાકેશ પટેલ (વોર્ડ નંબર 7) ના નામ જાહેર કરાયા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સંવેદનશીલતાનું નાટક? રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડના તમામ 15 આરોપીઓ જેલ બહાર

# રાજકોટ અગ્નિકાંડ ને બે વર્ષ, ન્યાય હજુ અધૂરો

(એજન્સી) રાજકોટ । તા. 26



આજથી બરાબર બે વર્ષ પહેલા, ૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાનામવા રોડ પર જે અગ્નિકાંડ થયો, તેણે આખા ગુજરાતને હચમચાવી દીધું હતું. મનપાની મંજૂરી વગર ધમધમતા અનધિકૃત TRP ગેમઝોનમાં લાગેલી આગે ૨૭ લોકોનો ભોગ લીધો હતો, જેમાં માસૂમ બાળકોનો પણ સમાવેશ થાય છે. આજે આ ઘટનાને બે વર્ષ વીતી ગયા છે, પરંતુ પીડિત પરિવારો હજુ પણ ન્યાય માટે ટળવળી રહ્યા છે.

ઘટના સમયે તંત્રની કામગીરી અને સરકારની સંવેદનશીલતા પર મોટા સવાલો ઉભા થયા હતા. પોલીસ કમિશનર અને મ્યુનિ. કમિશનરની બદલીઓથી લઈને અનેક અધિકારીઓની ધરપકડ સુધીની કાર્યવાહી થઈ હતી. ટીપીઓ મનસુખ સાગઠીયા જેવા ઉચ્ચ અધિકારીઓ જેલહવાલે પણ થયા હતા. પરંતુ, કાયદાની પ્રક્રિયા અને ન્યાયતંત્રની ગતિવિધિઓ એવી રહી કે આજે તમામ ૧૫ આરોપીઓ જામીન પર મુક્ત છે. કેસની રોજેરોજ સુનાવણી થવી જોઈએ તેવી પીડિતોની માંગણી હજુ પૂરી થઈ નથી.

આ અગ્નિકાંડ બાદ એવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું કે આટલું તોતિંગ અને ગેરકાયદે બાંધકામ મોટામાથાની સંડોવણી વગર શક્ય નથી. સોશિયલ મીડિયા પર અનેક નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓના ગેમઝોનની મુલાકાતના ફોટા વાયરલ થયા હતા. છતાં, અત્યાર સુધી એક પણ જવાબદાર નેતા કે ઉચ્ચ અધિકારી સામે કડક કાયદાકીય પગલાં લેવાયા નથી. મોરબી ઝૂલતાપૂલ કાંડ જેવી ગંભીરતા રાજકોટના આ કેસમાં કેમ જોવા નથી મળી, તેવો સવાલ આજે પણ રાજકોટની જનતા પૂછી રહી છે.

#### તંત્રના વાયદાઓ અને વાસ્તવિકતા

ઘટના સમયે સરકાર દ્વારા અનેક તપાસ પંચોની રચના અને કડક કાર્યવાહીના વાયદા કરવામાં આવ્યા હતા. ડીએનએ ટેસ્ટ દ્વારા મૃતદેહોની ઓળખ કરવી પડે તેવી કરુણ સ્થિતિ હતી. જનતામાં ભ્રષ્ટ તંત્ર સામે તીવ્ર આક્રોશ હતો. આજે બે વર્ષ બાદ જ્યારે સ્થિતિ જોઈએ છીએ ત્યારે આરોપીઓ મુક્ત છે અને કેસ 'તારીખ પે તારીખ'માં અટવાયો છે. પીડિતોને માત્ર આશ્વાસનો મળ્યા છે, પરંતુ દોષિતોને સજા અને મૃતકોને ન્યાય મળવાની પ્રક્રિયા અત્યંત ધીમી છે.

રાજકોટ અગ્નિકાંડ એ માત્ર એક દુર્ઘટના નથી, પરંતુ તંત્રની ઘોર બેદરકારીનું પરિણામ છે. ફાયર વિભાગની મંજૂરી વગર અને શહેરના હાર્દમાં ચાલતો આ ગેમઝોન અનેક સવાલો ઊભા કરે છે. ઘટના પછી તંત્ર હરકતમાં આવ્યું હતું, અનેક જગ્યાએ સીલ મારવામાં આવ્યા હતા, પરંતુ શું આ માત્ર કામચલાઉ પગલાં હતા? જવાબદારોને કડક સજા નહીં મળે ત્યાં સુધી આ પ્રકારની કરુણ ઘટનાઓનો ડર લોકોના મનમાંથી દૂર નહીં થાય.

#### પીડિતોનો આક્રોશ અને અપેક્ષા

રાજકોટના આ અગ્નિકાંડમાં જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે, તેઓ આજે પણ ન્યાયની આશા રાખી રહ્યા છે. સમાજ અને મીડિયામાં આ મુદ્દો ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે ભાવનગર જેવી અન્ય ઘટનાઓ કે સ્થાનિક રાજકારણની ગતિવિધિઓ ચાલતી હોય, ત્યારે લોકોના મનમાં આ અગ્નિકાંડનો ઘા હજુ તાજો છે. ન્યાયતંત્ર અને સરકારે હવે આ કેસમાં ગતિ લાવીને જવાબદારોને સજા અપાવવાની દિશામાં મક્કમ પગલાં ભરવા જોઈએ.

ન્યાયમાં થતો વિલંબ એ ન્યાયનો ઈનકાર સમાન છે. રાજકોટની જનતા હવે આ કેસમાં ન્યાયી અને ઝડપી ચુકાદાની આશા રાખીને બેઠી છે.

## અકોટા-અક્ષરચોકમાં બાઈક ચાલકનો હાઈવોલ્ટેજ ડ્રામા, અકસ્માત બાદ ભારે હોબાળો



વડોદરા | વડોદરાના મુજમહુડા વિસ્તારમાં અકોટાથી અક્ષરચોક તરફ જતા માર્ગ પર ગઈકાલે સાંજે એક અકસ્માત બાદ બાઈક ચાલકે ભારે ધાંધલ-ધમાલ મચાવતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. કાર અને બાઈક વચ્ચે થયેલી સામાન્ય ટક્કર બાદ બાઈક ચાલકે ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને લોકોમાં ફફડાટ ફેલાવી દીધો હતો. ગઈકાલે સાંજના સમયે અકોટા અને અક્ષરચોક વચ્ચે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માત સામાન્ય હોવા છતાં, બાઈક ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે કારના કાચ તોડી નાખ્યા હતા. સ્થળ પર હાજર લોકોએ જ્યારે તેને આવું કરતા અટકાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે બાઈક ચાલકે તેમની સાથે પણ ઉદ્ધત વર્તન કર્યું હતું. આ સમગ્ર ઘટનાને પગલે ત્યાં આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને વિસ્તારમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ નજીકની પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે બાઈક ચાલકને અટકાયતમાં લઈને વધુ પૂછપરછ શરૂ કરી હતી.

## વડોદરાના તરસાલીમાં ઘર બંધ હોવાનો લાભ લઈ ચોરી, દાગીના અને રોકડની કરાઈ ચોરી

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી મનોકામના સોસાયટીમાં રહેતા એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ ૯.૯૦ લાખ રૂપિયાની મતાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. પરિવાર મહારાષ્ટ્રમાં એક સામાજિક પ્રસંગમાં ગયો હતો, ત્યારે આ ઘટના બની હતી. તરસાલીમાં રહેતા દિનેશભાઈ પરશુરામભાઈ ગત ૨૩ મેના રોજ તેમના પરિવાર સાથે મહારાષ્ટ્રના સિરપુર ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. ઘર બંધ હોવાનો ફાયદો ઉઠાવીને તસ્કરોએ મુખ્ય દરવાજાની લોખંડની જાળીનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. ચોર ટોળકીએ ઘરમાં રહેલી તિજોરીને નિશાન બનાવી હતી અને તેમાંથી ૧૫ તોલા સોનાના દાગીના, ચાંદીના દાગીના તથા ૨ લાખ રૂપિયાની રોકડ રકમ સહિત કુલ ૯.૯૦ લાખ રૂપિયાની મતાની ચોરી કરી હતી.

પરિવાર જ્યારે પરત ફર્યો ત્યારે તેમને ઘરના દરવાજાના તાળાં તૂટેલા અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. ઘરમાલિકે તરત જ આ બાબતે પોલીસને જાણ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તસ્કરો ચોક્કસ માહિતીના આધારે જ અહીં આવ્યા હતા. ફરિયાદીએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે, હાલમાં બજારમાં સોનાનો એક તોલાનો ભાવ ૧.૬૦ લાખ રૂપિયાની આસપાસ છે, પરંતુ પોલીસે ફરિયાદમાં સોનાનો ભાવ ઓછો ગણીને ચોરીની કુલ કિંમત ૯.૯૦ લાખ રૂપિયા દર્શાવી છે.

આ ઘટનાને પગલે તરસાલી વિસ્તારમાં રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેથી ચોર ટોળકીના સભ્યોને ઝડપી શકાય. તહેવાર કે સામાજિક પ્રસંગે પરિવાર બહાર જાય ત્યારે ઘરની સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવી જોઈએ, તેવી સલાહ પણ પોલીસે સ્થાનિક લોકોને આપી છે. વડોદરામાં સતત બનતી આવી ચોરીની ઘટનાઓએ પોલીસ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઉભા કર્યા છે.



## એમ.એસ. યુનિ.માં પેમેન્ટ સીટ વધારવા માટે અનોખો વિરોધ

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ. યુનિવર્સિટી)ની ફેકલ્ટી ઓફ લોમાં એડમિશન માટે પેમેન્ટ સીટોમાં વધારો કરવાના મુદ્દે આજે વાતાવરણ ગરમાયું હતું. એનએસયુઆઈ (NSUI) ના કાર્યકરોએ વિરોધ પ્રદર્શનના ભાગરૂપે ડીનને નકલી નોટો આપીને યુનિવર્સિટી વહીવટીતંત્ર સામે આકરા પ્રહારો કર્યા હતા.

મીડિયા અહેવાલ મુજબ, એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલાના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કાર્યકરો લો ફેકલ્ટીની ઓફિસે પહોંચ્યા હતા. કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરીને માત્ર કમાણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ બાળકો સાથે રમવાની નકલી ચલણી નોટો ડીનને આપીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો, જે આખા કેમ્પસમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

ફેકલ્ટી ઓફ લોના ડીને કાર્યકરોની રજૂઆત શાંતિપૂર્વક સાંભળી હતી. જોકે, તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે લો ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓની સીટમાં વધારો કરવો એ યુનિવર્સિટીના હાથની વાત નથી. આ માટે 'બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' (BCI) ની પૂર્વ મંજૂરી મેળવવી અનિવાર્ય છે. ડીન કચેરીએ વધુમાં જણાવ્યું હતું કે આ કાયદાકીય પ્રક્રિયા હોવાથી નિયમો કડક છે અને તેનું પાલન કરવું તમામ માટે જરૂરી છે. એનએસયુઆઈના કાર્યકરોએ વિવિધ મુદ્દે કરેલી રજૂઆતો અંગે વહીવટીતંત્રે ખાતરી આપી હતી કે વિદ્યાર્થીઓના હિતમાં જે શક્ય હશે તે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

## કોંગ્રેસ કોર્પોરેટર આશિષ જોષીને બોડેલી કોર્ટમાંથી જામીન મળ્યા, આશિષ જોષીને કોર્ટમાંથી રાહત

(એજન્સી) બોડેલી/વડોદરા । તા. 26

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સમયે સંખેડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં ધરપકડ પામેલા વોર્ડ નંબર-૧૫ના કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીને બોડેલી સેશન્સ કોર્ટે મોટી રાહત આપતા જામીન મંજૂર કર્યા છે. કોર્ટે પોતાના અવલોકનમાં પોલીસની ધરપકડની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉઠાવતા તેને પ્રથમદર્શનીય રીતે ગેરબંધારણીય ગણાવી છે.

મીડિયા અહેવાલ મુજબ, આશિષ જોષીને અમદાવાદથી અટકાયત કરી સંખેડા પોલીસને સોંપવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને રાજપીપળા જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. આજે બોડેલી સેશન્સ કોર્ટમાં જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બચાવપક્ષના વકીલે દલીલ કરી હતી કે આ સમગ્ર કેસ રાજકીય બદલાની ભાવનાથી પ્રેરાઈને કરવામાં આવ્યો છે અને મુખ્ય આરોપી પ્રમોદ પાંડેને જામીન મળી ચૂક્યા હોવાથી 'પેરિટી'ના સિદ્ધાંત મુજબ જોષી પણ જામીનના હકદાર છે.

કોર્ટે આ કેસની સુનાવણી દરમિયાન મહત્વના અવલોકનો કર્યા હતા. કોર્ટે નોંધ્યું કે, આશિષ જોષીની ધરપકડ વખતે બંધારણની આર્ટિકલ-૨૨ હેઠળ જરૂરી પ્રક્રિયાનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી, જે સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતોથી વિરુદ્ધ છે. અરેસ્ટ મેમો પર પરિવારના સભ્યની સહી ન હોવી અને માત્ર ૧૬ સેકન્ડના કોલના આધારે ષડયંત્રના ઈરાદા સાબિત ન થવા જેવી બાબતો કોર્ટે નોંધમાં લીધી હતી. કોર્ટે સ્પષ્ટ જણાવ્યું હતું કે જોષી સામે પ્રથમદર્શનીય રીતે કેસ મજબૂત બનતો નથી અને તેમને કસ્ટોડિયલ પૂછપરછની કોઈ જરૂર નથી.

આ સમગ્ર મામલે આશિષ જોષીએ આગાઉ મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને ડીજીપીને રજૂઆત કરી હતી કે તેમની ધરપકડ ભાજપના નેતાના ઈશારે કરવામાં આવી છે. કોંગ્રેસે પણ આ ધરપકડને રાજકીય બદલાખોરી ગણાવી હતી. પૂર્વ કાઉન્સિલર પારુલ પટેલે તો સંખેડા પોલીસ સ્ટેશનના પાંચ પોલીસ અધિકારીઓની કામગીરીની તપાસ કરવા માટે ડીજીપીને લેખિત ફરિયાદ પણ કરી હતી.

## સુરતના મહુવેજ ગામે દાદાની નજર સામે બે પૌત્ર ડૂબ્યા, માંગરોળમાં કરુણ દુર્ઘટના



સુરત | ઉનાળુ વેકેશનના માહોલમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મહુવેજ ગામે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામના તળાવમાં માછીમારી કરવા ગયેલા બે સગા સગીર ભાઈઓના ડૂબી જવાથી કરુણ મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. આ દુર્ઘટના દાદાની નજર સામે જ ઘટતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, મૃતક કિશોરો તેમના દાદા સાથે તળાવમાં માછીમારી કરવા માટે ગયા હતા. માછીમારી દરમિયાન અચાનક બંને કિશોરો તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દાદાએ તેમને ડૂબતા જોઈને બચાવવા માટે બૂમાબૂમ કરી હતી, પરંતુ ત્યાં સુધીમાં બંને પાણીમાં ગાયબ થઈ ગયા હતા. સ્થાનિક લોકોની ભારે જહેમત બાદ બંનેના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં કોસંબા પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે બંને કિશોરોના મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપ્યા છે.

### કોંગ્રેસ કોર્પોરેટરને ફસાવવા માટે રચાયું કાવતરું?

## ડભોઈ ધારાસભ્ય-બુટલેગરની સાંઠગાંઠના પુરાવા કોર્ટમાં



(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા જિલ્લાના ડભોઈના રાજકારણમાં એક સનસનાટીભર્યો ઘટસ્ફોટ થયો છે. ડભોઈના ભાજપના ધારાસભ્ય અને એક લિસ્ટેડ બુટલેગર વચ્ચેના સંબંધો અંગેના પુરાવા કોર્ટમાં રજૂ થતા ભારે ચકચાર મચી ગઈ છે. કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશીને એક દારૂના કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાના આરોપો વચ્ચે રજૂ કરાયેલા આ ફોટાએ સમગ્ર તંત્ર સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

વડોદરા કોર્પોરેશનની ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર ૧૫ના કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશી સામે સંખેડા પોલીસ મથકે એક બુટલેગરના નિવેદનના આધારે દારૂ મંગાવવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં બચાવ પક્ષના વકીલ હિતેશ ગુપ્તાએ કોર્ટમાં કેટલાક ફોટા રજૂ કર્યા છે. આ ફોટામાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ સોટ્ટા એક રેલી દરમિયાન ઘોડા પર સવાર જોવા મળે છે અને તે ઘોડાની લગામ પકડીને ચાલનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પણ કોર્પોરેટર આશિષ જોશી વિરુદ્ધ નિવેદન આપનાર બુટલેગર પ્રમોદ પાંડે છે. આ પુરાવા સૂચવે છે કે રાજકીય નેતા અને બુટલેગર વચ્ચે ગાઢ સંબંધો છે.

આ કેસ માત્ર ફોટા સુધી મર્યાદિત નથી, પરંતુ તપાસની પ્રક્રિયા પર પણ અનેક સવાલો ઉભા કરે છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ડભોઈમાં કરવામાં આવેલી કાર્યવાહીમાં જે બુટલેગરો આરોપી હતા, તેમની સાથે પોલીસના વર્તણૂક અને માહિતીની આપ-લે અંગે શંકાઓ સેવાઈ રહી છે. ખાસ કરીને, આરોપી પ્રમોદ પાંડે લાંબા સમયથી ડભોઈમાં રહેતો હોવા છતાં, સ્થાનિક પોલીસ ચોપડે તેની કોઈ સત્તાવાર નોંધ ન હોવી તે પોલીસની ભૂમિકાને શંકાના દાયરામાં લાવે છે.

બચાવ પક્ષનો દાવો છે કે આશિષ જોશી અને પ્રદીપ પાંડે વચ્ચે માત્ર ૧૬ સેકન્ડની વાતચીત થઈ હતી, જેને આધારે દારૂ મંગાવવાનો કેસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, આ ઘટનામાં સંખેડા પોલીસનું કૂદી પડવું પણ કાયદાકીય રીતે શંકાસ્પદ માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ ગુનામાં સંખેડા ગામનો કોઈ સીધો સંબંધ જણાતો નથી. કોંગ્રેસ નેતાને ખોટા કેસમાં ફસાવવા માટે આ સમગ્ર ગણિત રચાયું હોવાનો બચાવ પક્ષનો મજબૂત દાવો છે.

કોર્ટમાં રજૂ થયેલા આ પુરાવાઓ બાદ હવે આ મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસ તંત્રની નિષ્પક્ષતા સામે ઉઠેલા આ સવાલોનો જવાબ આપવો હવે પોલીસ માટે પડકારરૂપ બન્યો છે. એક તરફ રાજકીય શક્તિ પ્રદર્શન અને બીજી તરફ બુટલેગરો સાથેની સાંઠગાંઠના આક્ષેપોએ વડોદરાના રાજકારણને હચમચાવી દીધું છે. હવે જોવાનું એ રહે છે કે ન્યાયતંત્ર આ મામલે શું વલણ અપનાવે છે.

### નવાપુરા પોલીસ ની ટીમે પાંચ સામે ગુનો નોંધ્યો, મારામારી માં બંને પક્ષે સામસામી ફરિયાદ

# વડોદરા ન્યાય મંદિર પાસે બે જૂથ વચ્ચે મારામારી

(એજન્સી) વડોદરા । તા. 26

શહેરના હાર્દ સમાન ન્યાય મંદિર વિસ્તારમાં આવેલા ભગતસિંહ ચોક ખાતે ગઈકાલે રાત્રે બે જૂથો વચ્ચે મારામારીની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ વ્યાપી ગયો હતો. આ મારામારીમાં બંને પક્ષના મળીને કુલ ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે. બનાવની જાણ થતા જ નવાપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે પાંચ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પ્લમ્બિંગ સામાનની દુકાન ધરાવતા તાહિરહુસેન ગાદીવાલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પોતાના મિત્રો સાથે ભગતસિંહ ચોક ખાતે ઊભા હતા, ત્યારે સમીર ઈલાયચીવાલા અને સોએબ ઈલાયચીવાલા ત્યાં આવી પહોંચ્યા હતા. અગાઉના કોઈ ઝઘડાની અદાવત રાખીને તેમણે "તારે અહીંયા આવવાનું નહીં" કહીને ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી અને ત્યારબાદ લાકડાના દંડા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં તાહિરહુસેન ઉપરાંત તેમના મિત્ર અને ફળિયામાં રહેતા નુહ છેલાવાલાને પણ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.



બીજી તરફ, આ જ ઘટનાક્રમમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા સમીર ઈલાયચીવાલાએ પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમનો આક્ષેપ છે કે તાહિરહુસેન, મોહમ્મદફારૂક અને અયાઝ નસુકવાલાએ અગાઉના ઝઘડાની અદાવત રાખીને તેમના પર હુમલો કર્યો હતો. સમીરના જણાવ્યા અનુસાર, આરોપીઓએ તેમને અને તેમના પિતાને લાકડાના દંડા વડે માર મારતા બંને પિતા-પુત્રને ઈજાઓ પહોંચી છે.

#### પોલીસ કાર્યવાહી અને સ્થિતિ

નવાપુરા પોલીસે બંને પક્ષોની રજૂઆત સાંભળીને ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. સામસામી ફરિયાદને ધ્યાનમાં લેતા પોલીસે કુલ પાંચ વ્યક્તિઓ સામે ગુનો નોંધી ધરપકડની કાર્યવાહીની દિશામાં કામગીરી શરૂ કરી છે. ઘટનાને પગલે ન્યાય મંદિર નજીકનો આખો વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો અને સ્થાનિકોમાં પણ ભય અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

શહેરમાં અવારનવાર જૂની અદાવતને કારણે બનતી આવી હિંસક ઘટનાઓ કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉભા કરે છે. પ્લમ્બિંગના વેપારી અને ડિલિવરી બોય વચ્ચે થયેલી આ મારામારીએ વડોદરાના શાંતિપ્રિય વિસ્તારની શાંતિ ડહોળી દીધી છે. ભગતસિંહ ચોક જેવી જાહેર જગ્યાએ થયેલી આ મારામારીને કારણે પોલીસ પેટ્રોલીંગ વધારવાની માંગણી પણ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી રહી છે.

હાલ પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવા અને ઘટના સમયે ત્યાં હાજર અન્ય સાક્ષીઓની પૂછપરછ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### પીવાના પાણી માટે મહિલાઓનો જંગ

## વડોદરાના હુજરાત પાગામાં પાણીની સમસ્યાને લઈ મહિલાઓનો હોબાળો

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના ભૂતડીઝાંપા નજીક આવેલા હુજરાત પાગા વિસ્તારમાં પાણીની વિકટ સમસ્યાને લઈને સ્થાનિક મહિલાઓએ આજે કમાટીબાગ પાણીની ટાંકી ખાતે પહોંચી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. છેલ્લા એક વર્ષથી દૂષિત અને અપૂરતા પાણીના પુરવઠાથી પરેશાન રહીશોએ હવે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વિસ્તારના અંદાજે ૧૦૦ મકાનોમાં છેલ્લા એક વર્ષથી પીવાના પાણીને લઈને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. માત્ર પાણી અપૂરતું જ નથી આવતું, પરંતુ જે આવે છે તે પણ અત્યંત દૂષિત હોય છે, જેના કારણે રહીશોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આ બાબતે અગાઉ અનેક વખત વોર્ડ નંબર-૭ની કચેરીમાં રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો આપવામાં આવતા હતા, જેનાથી કંટાળીને આજે મહિલાઓ રસ્તા પર



ઉતરી આવી હતી. આજે સવારે રોષે ભરાયેલી મહિલાઓ પહેલા વોર્ડ ઓફિસે પહોંચી હતી, જ્યાંથી તેમને કમાટીબાગ પાણીની ટાંકી ખાતે મોકલી દેવામાં આવી હતી. ત્યાં પહોંચીને મહિલાઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી બે દિવસમાં તેમને શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી નહીં મળે, તો તેઓ ઉગ્ર આંદોલન કરશે. હુજરાત પાગા વિસ્તારમાં કારેલીબાગ પાણીની ટાંકી મારફતે પાણી વિતરણ કરવામાં આવે છે.

### વડોદરામાં બે કિશોરોના પલાયનથી ચકચાર

## સોશ્યલ મીડિયાના ગ્રહણથી ટીનેજર્સ માર્ગ ભટક્યા

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરામાં સોશ્યલ મીડિયાના અતિરેક અને તેની આડઅસરને કારણે કિશોર વયના બાળકો ઘર છોડીને ભાગી જતા હોવાના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. શહેરમાં એક તરફ છાણીનો વિદ્યાર્થી રોકડ રકમ અને મોબાઈલ લઈને પંદર દિવસથી ગુમ છે, તો બીજી તરફ હરણી વિસ્તારની ધોરણ-૮ની વિદ્યાર્થિની બીજીવાર ઘરેથી પલાયન થઈ જતાં પોલીસ અને વાલીઓની ચિંતામાં મોટો વધારો થયો છે. છાણી વિસ્તારમાં રહેતા ધોરણ-૮ના વિદ્યાર્થીના કિસ્સામાં, તેના સંબંધીએ મકાન ખરીદવા માટે તિજોરીમાં રાખેલા ૭૦ હજાર રૂપિયામાંથી ૫૫ હજાર રૂપિયા અને મોબાઈલ લઈને તે ગત ૯ મેના રોજ ઘર છોડી ભાગી ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, વિદ્યાર્થી મિત્રની બાઈક પર લિફ્ટ લઈને છાણી રેલવે સ્ટેશન ગયો હતો. જતી વખતે તેણે તેના મિત્રને કહ્યું હતું કે તે મુંબઈ જઈને એક અઠવાડિયામાં પરત આવી જશે, પરંતુ ૧૫ દિવસ વીતી ગયા છતાં તેનો કોઈ પત્તો મળ્યો નથી. વિદ્યાર્થીએ મોબાઈલ બંધ કરતા પહેલા સોશ્યલ મીડિયા પર ઘણા મિત્રોને 'અનફોલો' કરી દીધા હતા, જે સૂચવે છે કે તે વિચારી-સમજીને આ પગલું ભર્યું છે.

બીજી તરફ, હરણી વિસ્તારની ધોરણ-૮ની એક વિદ્યાર્થિની ફરી એકવાર ઘરેથી પલાયન થઈ જતાં હરણી પોલીસે તપાસનો દોર તેજ કર્યો છે. આ વિદ્યાર્થીની અગાઉ પણ એકવાર પલાયન થઈ ચૂકી હોવાનું સામે આવ્યું છે, જેનાથી તેની માનસિક સ્થિતિ અને ઘરના વાતાવરણ અંગે અનેક સવાલો ઉભા થયા છે. સતત વધતી જતી આ પ્રકારની ઘટનાઓએ વાલીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. પોલીસ અત્યારે ગુમ થયેલા વિદ્યાર્થીઓના મિત્રવર્તુળ અને તેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ પરથી કોઈ કડી મળે છે કે નહીં તે તપાસી રહી છે. કિશોર અવસ્થામાં સોશ્યલ મીડિયાના પ્રભાવ હેઠળ બાળકો અજાણ્યા સાહસો કરવા પ્રેરાતા હોય છે, જે ઘણીવાર જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**વૃષભ : બ. વ. ઉ.**
કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**મિથુન : ક. છ. ઘ.**
ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો.

**કર્ક : ડ. હ.**
તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે। સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.

**સિંહ : મ. ટ.**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**
આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અ ભા વ, લા લ ચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો.

**તુલા : ર. ત.**
કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.

**વૃશ્ચિક : ન. ય.**
તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**મકર : ખ. જ.**
તમે નવરાશની લહેજત માણવાના છો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**મીન : દ. ચ. ઝ. થ.**
શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

## સન્માન

### સરહદી ગોરિવાલી ગામે એસ.પી. વિકાસ સુંઢાનું કચ્છી પાઘડીથી સન્માન



| જગદીશ પી દવે | દેશલપર (ગું.)

ભુજ તાલુકાના સરહદી ગોરિવાલી ગામે આજરોજ પશ્ચિમ કચ્છના એસ.પી. શ્રી વિકાસ સુંઢા સાહેબ રણ કાંધી રિસોર્ટની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે રણ કાંધી રિસોર્ટના વીરાભાઈ આલા મારવાડા દ્વારા કચ્છી પાઘડી પહેરાવી તેમનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સાથે ગામના પૂર્વ સરપંચ મામલભાઈ મુતવાએ કચ્છી ગોદડી અર્પણ કરી સાહેબનું સન્માન કર્યું હતું.

મુલાકાત દરમિયાન એસ.પી. સાહેબે ગામની પરિસ્થિતિ, વિકાસ તેમજ સરહદી વિસ્તારની સ્થિતિ અંગે ગામજનો પાસેથી માહિતી મેળવી હતી. સરહદના છેવાડે આવેલ ગામ હોવાને કારણે સુરક્ષા અને લોકોની જરૂરિયાતો અંગે પણ તેમણે રસપૂર્વક ચર્ચા કરી હતી.આ દરમિયાન ગામના નાના બાળકો ક્રિકેટ રમતા નજરે પડતા એસ.પી. વિકાસ સુંઢા મેદાન પર પહોંચી ગયા હતા અને બાળકો સાથે હળવી વાતચીત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. પોલીસ અધિકારીની આ સાદગી અને મિત્રતાભર્યા સ્વભાવથી ગામલોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.આ અવસરે ધોરડો પોલીસ સ્ટેશનના પીઆઈ બહેન શ્રી ટી.ડી. ચુડાસમા પણ હાજર રહ્યા હતા. ગામલોકોએ પણ એસ.પી. સાહેબને શુભેચ્છા પાઠવી ઉષ્માભેર આવકાર આપ્યો હતો.એસ.પી. વિકાસ સુંઢાએ જણાવ્યું હતું કે, "પોલીસ હંમેશા પ્રજાનો મિત્ર રહી છે અને આગળ પણ રહેશે."આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેવું ઉમેશ આચાર્યએ જણાવ્યું હતું.

જેઠ સુદ એકમ થી દશમ એમ કુલ 10 અહર એટલેકે 10 દિવસ લાગ્યા હતા

# સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે ગંગાદશેરા પર ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરવામાં આવ્યા

| નરેન્દ્ર દવે | જૂનાગઢ



સોમનાથ ટ્રસ્ટ દ્વારા ત્રિવેણી સંગમ ખાતે અધિક જેઠ માસમાં આવેલ શુક્લા દશમી પર ગંગા દશેરાની ઉજવણી કરવામાં આવી હતી. જેઠ શુક્લ દશમીના પવિત્ર અવસર પર માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન અને આરતીનું અનેરૂ મહાત્મ્ય છે. આપણી સંસ્કૃતિ નદીઓને માતાનો દરજ્જો આપે છે. પ્રભાસ ક્ષેત્રમાં જ્યાં હિરણ, કપિલા, અને સરસ્વતી નદીઓનું સમુદ્ર સાથે સંગમ થાય છે. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના બાંધવોની મુક્તિ માટે તર્પણ કર્યું હતું. શાસ્ત્રોકત રીતે પરમ પવિત્ર ત્રિવેણી સંગમ પર આજરોજ ગંગા દશેરાની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી જે.ડી.પરમારએ ગંગા દશેરાના શાસ્ત્રોક્ત મહાત્મ્ય અંગે જણાવ્યું હતું કે "જે રીતે બ્રહ્માજીના કમંડળમાંથી સ્વર્ગલોક થઈને શિવજીની જટાઓમાં પસાર થઈ ગંગામાતા પૃથ્વી પર અવતારિત થયા હતા. ગંગા માતાને ગંગાસાગર સુધી પહોંચતા જેઠ સુદ એકમ થી દશમ એમ કુલ 10 અહર એટલેકે 10 દિવસ લાગ્યા હતા જેના માટે આપણે ગંગા દશેરા ઉજવીએ છીએ" ગંગા અવતરણનું આવું જ પાવન દ્રશ્ય સર્જવામાં આવ્યું હતું. 10 કન્યાઓ દ્વારા પવિત્ર ગંગાજળથી શિવજીની પ્રતિમાનો અવિરત અભિષેક કરવામાં આવ્યો હતો. નિર્મળ ગંગાજળ કળશમાંથી શિવજીની જટાઓ થકી પૃથ્વી પર પડે અને જલાધારી દ્વારા તે જળ ત્રિવેણીમાં સમાય તેવું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.સોમનાથ ટ્રસ્ટના માન. ટ્રસ્ટીશ્રી જે.ડી પરમાર દ્વારા શિવજીની પ્રતિમાની તેમજ ત્રિવેણી માતાની શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પૂજા કરવામાં આવી હતી. તેની સાથે સ્થાનિક તીર્થ પુરોહિતશ્રીઓ તેમજ સોમનાથ ટ્રસ્ટ પરિવાર જોડાયા હતા. સંધ્યા કાળે મહાનુભાવો અને પુરોહિતશ્રીઓ દ્વારા ત્રિવેણીમાતાની મહા આરતી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. મહાઆરતી પછી તમામ ભકતોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ગંગાજલથી મહાદેવનો અભિષેક કરનાર બાળાઓને ટ્રસ્ટ તરફથી પુરસ્કાર અને પ્રસાદ આપીને વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં તીર્થપુરોહિતશ્રીઓ, સ્થાનિક ભક્તો આ ધાર્મિક આયોજનમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા. ટ્રસ્ટના ઈનચાર્જ જનરલ મેનેજરશ્રી અજય કુમાર દુબે અને સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન સંપન્ન કરવામાં આવ્યું હતું.

## શ્રી સોમનાથ મંદિરમાં VIP-સ્પેશ્યલ દર્શનના નામે ચાલતા ફ્રોડથી સાવચેત રહેવા શ્રદ્ધાળુઓને શ્રી સોમનાથ ટ્રસ્ટની અપીલ

| નરેન્દ્ર દવે | સોમનાથ:તા.26

સોમનાથ દર્શનાર્થે આવતા યાત્રીઓને ઓનલાઈક ફ્રોડનો ભોગ ન બને તે માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ભક્તોને સતત ચેતવતું હોય છે. સાથે ટ્રસ્ટની આઈ.ટી ટીમ આવી પ્રવૃતિ નિવારવા સતત મોનીટરીંગ પણ કરે છે જેથી તાજેતરમાં ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક ફ્રોડ દ્વારા ઑનલાઇન માધ્યમો પર સોમનાથ મંદિરમાં "વી.આઈ.પી. દર્શન" (VIP Darshan) /સ્પેશ્યલ દર્શન કરાવવાની સેવા આપવાના બહાને યાત્રીઓ પાસેથી ગેરકાયદેસર રીતે પૈસા મંગાવી ઓનલાઈન ફ્રોડ કરવામાં આવી રહ્યું છે. અમુક ફરજી વેબસાઈટો દ્વારા સર્ચ એન્જિનના કી-વર્ડ્સનો દુરુપયોગ કરી ગુગલ AI ના સર્ચ રિઝલ્ટમાં પણ 'સોમનાથના વી.આઈ.પી. દર્શનની ટિકિટ ઉપલબ્ધ હોવાનું' દર્શાવે છે. જે સંપૂર્ણપણે ભ્રામક અને અસત્ય છે. શ્રી સોમનાથ મંદિર માં કોઈપણ પ્રકારે પૈસા લઈને વી.આઈ.પી ટિકિટ કે પાસ દ્વારા વી.આઈ.પી. કે સ્પેશ્યલ દર્શન કરાવવાની કોઈપણ વ્યવસ્થા કે પ્રથા અસ્તિત્વમાં જ નથી. શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ ઓનલાઈન પૂજા અને રૂમ બુકિંગ, પ્રસાદ ઓર્ડર, સહિતની તમામ વ્યવસ્થા માત્રને માત્ર ટ્રસ્ટની ઓફિશિયલ વેબસાઈટ somnath.org પરથી જ સ્વીકારે છે અન્ય કોઈ માધ્યમ કે સાઈટ પર ફ્રોડ નો ભોગ ન બનવા યાત્રીઓને સાવચેત કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા આવી ભ્રામક વેબસાઈટ્સને તાત્કાલિક બ્લોક કરવા ગુગલને સત્તાવાર રિપોર્ટ કરવામાં આવ્યો છે. સાથે આ ફ્રોડ કરનારાઓ સામે પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરાઈ છે.

સઘન ચેકીંગ હાથ ધરાયું

## સાળંગપુર ગામે નિયમભંગ કરી તમાકુનું વેચાણ કરતા 7 વેપારી દંડાયા

(એજન્સી) ભાવનગર | તા.26



બોટાદના સાળંગપુર ગામે જાહેરમાં તેમજ શાળાની આજુબાજુના વિસ્તારમાં તમાકું નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા હાથ ધરાયેલ સઘન ચેકીંગમાં નિયમભંગ બદલ ૭ વેપારી દંડાયાહ તા અને નિયમો અંગે માર્ગદર્શન અપાયું હતું. તમાકુ તથા તેની બનાવટોના બિનઅધિકૃત વેચાણને રોકવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા ટાસ્ક ફોર્સની આનુસાંગિક કામગીરી કરવામાં આવી રહી છે. બરવાળા તાલુકાના સાળંગપુર ગામે શાળાની આજુબાજુનાં વિસ્તારમાં સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ (કોટપા-૨૦૦૩)નાં અમલીકરણ માટે આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાન ગલ્લા, પાર્લર સહિત કુલ ૧૦ સ્થળોએ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં નિયમોના ભંગ બદલ ૭ દુકાનદારો પાસેથીકુલ રૂા. ૧૪૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તંત્રની ઘોર બેદરકારી

## ભાવનગર- સોમનાથ હાઈવે પર અંધારપટ્ટથી અકસ્માતને નિમંત્રણ

ભંડારિયા : ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર મુસાફરી કરવી વાહન ચાલકો માટે જીવનું જોખમ ખેડવા બરાબર બની ગઈ છે. હાઈવે ઓથોરિટીની ગંભીર બેદરકારીના કારણે હાઈવેની ચોકડીઓ પર રાત્રિના સમયે ઘોર અંધારપટ છવાયેલો રહે છે, જેને પગલે અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. ભાવનગર-સોમનાથ હાઈવે પરના બુધેલમાં લાખણકા ચોકડીએ રાત્રે ઘોર અંધારું હોય છે. વાહનચાલકોની સુરક્ષા અને ચેતવણી માટે ત્યાં રાખવામાં આવેલા ઈન્ડિકેટર (સિગ્નલ લાઈટો) પણ લાંબા સમયથી બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. તાજેતરમાં આ જગ્યાએ એક કારની અડફેટે આશાસ્પદ યુવાન બાઈક ચાલકનું કરૂણ મોત નીપજ્યુ હતું. આ દુર્ઘટના ઘટી હોવા છતાં સ્થાનિક તંત્ર કે હાઈવે ઓથોરિટી દ્વારા હજુ સુધી લાઈટો ચાલુ કરવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી. સ્થાનિક લોકોમાં રોષ સાથે સવાલ ઉઠી રહ્યો છે કે, શુ તંત્ર હજુ વધુ લોકોના મોતની રાહ જોઈ રહ્યું છે. માત્ર બુધેલની લાખણકા ચોકડી જ નહીં, આ જ હાઈવે પર આગળ આવેલા ભંડારિયા ગામ પાસેની ધાવડી માતાજી વાળી ચોકડીએ પણ આવી જ ભયાનક પરિસ્થિતિ જોવા મળી રહી છે.

## વડોદરા વિભાગમાં વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ



વડોદરા : પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના વિભાગીય રેલ્વે મેનેજર અને વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિના અધ્યક્ષ શ્રી રાજુ ભડકેની અધ્યક્ષતામાં વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી.૨૫ મે, ૨૦૨૬ ના રોજ, વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે હિન્દી સાહિત્યકાર સુમિત્રાનંદન પંતની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી, અને રાજભાષા પર પ્રશ્ન-જવાબ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.વિભાગીય રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ હિન્દી સાહિત્યકાર સુમિત્રાનંદન પંતના ચિત્રને માળા પહેરાવીને અને દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ, તેમણે મૂળ હિન્દી નોંધ લેખન પુરસ્કાર યોજના ૨૦૨૪-૨૫ ના વિજેતા કર્મચારીઓને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કર્યા હતા. વિભાગીય રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સરકારી કામકાજમાં રાજભાષા હિન્દીનો ઉપયોગ આપણી બંધારણીય ફરજ છે. તેમણે તમામ શાખા અધિકારીઓને સરળ હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને તાબાના કર્મચારીઓને પત્રવ્યવહાર અને ઈ-ઓફિસમાં હિન્દી નોંધો સબમિટ કરવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી કરી. તેમણે એમ પણ કહ્યું કે રાજ્ય સરકાર તરફથી મળેલા પત્રોનો જવાબ હિન્દીમાં આપવો જોઈએ. વધારાના મુખ્ય સત્તાવાર ભાષા અધિકારી અને વધારાના વિભાગીય રેલ્વે મેનેજર શ્રી નીરજ ધામીજાએ સરકારી કામમાં હિન્દીના ઉપયોગ પર ભાર મૂકતા, તમામ અધિકારીઓ અને કર્મચારીઓને વાર્ષિક કાર્યક્રમમાં નિર્ધારિત લક્ષ્યો અનુસાર ફાઈલો અને રજિસ્ટરમાં હિન્દી પત્રવ્યવહાર, નોંધ અને દ્વિભાષી શીર્ષકોનો ઉપયોગ સુનિશ્ચિત કરવા વિનંતી કરી. તેમણે તમામ કચેરીઓમાં હિન્દી-અંગ્રેજી દ્વિભાષી રબર સ્ટેમ્પ અને નામ પ્લેટોનો ઉપયોગ કરવાનો પણ નિર્દેશ આપ્યો.શ્રી નવીન યાદવ, પ્રભારી અધિકારી (સત્તાવાર ભાષા) અને વિભાગીય સલામતી અધિકારી, ડિસેમ્બર 2025 ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે હિન્દી પ્રગતિની સમીક્ષા રજૂ કરી અને વાર્ષિક કાર્યક્રમ 2026-27 ની ચર્ચા કરી.

હંડોળા રાસ, મહાપ્રસાદ અને ફૂલોથી હોલી ઉત્સવનું પણ આયોજન

## કેશોદમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન ધાર્મિક કાર્યક્રમોને લઈ ભક્તોમાં ઉત્સાહ



| નરેન્દ્ર દવે | કેશોદ તા.26.

સોની સમાજ , કેશોદ ખાતે પવિત્ર અધિક માસ નિમિત્તે ધાર્મિક ભાવનાને ઉજાગર કરતો શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તા.૨૧-૫-૨૬ થી ૨૭-૫-૨૬ સુધી યોજાયેલ છે. આ પવિત્ર ભાગવત કથાના આયોજનમાં ભક્તજનોને ધર્મ, ભક્તિ અને સંસ્કારનું અમૃતપાન કરાવવા માટે વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ મંગલમય પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રી મદ્ ભાગવત સપ્તાહનું રસપાન જાણીતા કથાકાર શાસ્ત્રીજીશ્રી પિયુષભાઈજી મહેતા (જૂનાગઢ) તેમના મુખારવિંદેથી કરાવી રહ્યા છે. કથા દરમિયાન ભક્તોને આધ્યાત્મિક જ્ઞાન સાથે સંસ્કાર અને સદાચારના મૂલ્યોનો સંદેશ આપવામાં આવે છે.આ આયોજન અંતર્ગત પોથીયાત્રા, કપિલ પ્રસંગ, ધ્રુવ પ્રસંગ, વામન પ્રસંગ, રામ પ્રસંગ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, શ્રી કૃષ્ણ-રુક્મણી વિવાહ, સુદામા ચરિત્ર તેમજ કથા વિરામ-પૂર્તિ જેવા વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાશે. ઉપરાંત હંડોળા રાસ, મહાપ્રસાદ અને ફૂલોથી હોલી ઉત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવે તે માટે આયોજકો દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. કથાનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવે છે.આયોજકો દ્વારા કેશોદ તેમજ આસપાસના વિસ્તારના ભક્તજનોને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગવત કથાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ભાવનગર-બોટાદમાંથી દારૂ-બિયર સાથે 5 ઈસમ ઝડપાયા

ભાવનગર : ભાવનગર અને બોટાદ જિલ્લામાં પોલીસે અલગ અલગ સ્થળોએ દરોડા પાડી વિદેશી દારૂ અને બિયર સાથે પાંચ ઈસમને ઝડપી લીધા હતા. જ્યારે બે મહિલા સહિત ત્રણ લોકો ફરાર થઈ ગયા હતા. ભાવનગર શહેરની મધ્યમાં આવેલ ઘોઘા રોડ પોલીસે અલગ અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડી ૨૬ વિદેશી દારૂની બોટલ અને ૩૦ બિયરના ટીન મળી રૂ.૮૮૭૦ના મુદ્દામાલ સાથે બે શખ્સને ઝડપી લીધા હતા. જ્યારે બે મહિલા ફરાર થઈ જવા પામે હતી. તેમજ ઘોઘા પોલીસે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડો પાડી વિદેશી દારૂની એક બોટલ રૂ.૧૨૫ સાથે એક ઈસમને ઝડપી લીધો હતો તેમજ રાણપુર પોલીસે એક ઈસમને બિયરની ૧૦ બોટલ રૂ.૧૪૦૦ સાથે ઝડપી લીધો હતો.તથા બરવાળા પોલીસે વિદેશી દારૂની ૮૪ બોટલ રૂ.૮૪૦૦ જપ્ત કરી હતી. જ્યારે શખ્સ ફરાર થઈ ગયો હતો.તદુપરાંત ઢસા પોલીસે એક શખ્સને વિદેશી દારૂની બે બોટલ રૂ.૧૨૪૮ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નોબલ યુનિવર્સિટીમાં ફાર્માસ્યુટિકલ સાયન્સમાં AI અને આધુનિક ટેક્નોલોજી વિષયક બે દિવસીય હેન્ડ્સ-ઓન તાલીમ કાર્યક્રમ યોજાશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.26

નોબલ ફાર્મસી કોલેજ, નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા શ્રી બી. વી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી તા. ૧ અને ૨ જૂન, ૨૦૨૬ દરમિયાન નોબલ યુનિવર્સિટી ખાતે વિષય પર બે દિવસીય હેન્ડ્સ-ઓન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ખાસ કરીને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ઝડપથી વધી રહેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ડ્રગ ડિસ્કવરીમાં AI, મશીન લર્નિંગ એપ્લિકેશન, AI આધારિત મોલેક્યુલર મોડેલિંગ, કોમ્પ્યુટેશનલ ડ્રગ ડિઝાઈન, ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટ તેમજ ફાર્માસ્યુટિકલ સંશોધનમાં ઉપયોગી ડિજિટલ ટૂલ્સ અંગે માર્ગદર્શન અને હેન્ડ્સ-ઓન તાલીમ આપવામાં આવશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને સંશોધન અને ઉદ્યોગ ક્ષેત્રની નવી તકો માટે તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમનું આયોજન પ્રો.સંતોષ કિર્તાને (ડીન, ફેકલ્ટી ઓફ ફાર્મસી), પ્રો.દર્શિત રામ (કન્વીનર), પ્રો.જાગૃતિ ભેડા (કોર્ડિનેટર) તથા પ્રો. રૂખ્શાર ખીલજી (કો-કોર્ડિનેટર)ના માર્ગદર્શન અને પ્રયાસોથી કરવામાં આવી રહ્યું છે. નોબલ યુનિવર્સિટી તરફથી આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ અને માર્ગદર્શન માટે શ્રી બી.વી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આ આયોજન બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખશ્રી ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી. પી.ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા તેમજ સંસ્થાના કુલપતિ ડૉ.એચ.એન.ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ જ્ઞાન, નવીનતા અને ટેક્નોલોજી ક્ષેત્રે અત્યંત ઉપયોગી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

દિવ્ય વાઘા અને શેષનારાયણ ભગવાનનો દિવ્ય શણગાર ધરાવીને અલૌકિક દર્શન

# અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' નિમિતે 'શેષનારાયણ જયંતી' દિવ્ય શણગાર કરવામાં આવ્યો

| નરેન્દ્ર દવે | સારંગપુર તા.26



શ્રીકષ્ટભંજનદેવ દાદાનું દિવસમાં બે વખત દિવ્ય રાજોપચાર પૂજન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ આયોજીત અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' નિમિતે દાદાને અધિક શણગારની સેવા અંતર્ગત તારીખ ૨૬-૦૫-૨૦૨૬, મંગળવાર (સુદ એકાદશી) ના પવિત્ર દિવસે મંદિરમાં 'શેષનારાયણ જયંતી' ની દિવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી આજે હનુમાનજી દાદાને દિવ્ય વાઘા અને શેષનારાયણ ભગવાનનો દિવ્ય શણગાર ધરાવીને અલૌકિક દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાનજી દાદાને મંગળા આરતી: સવારે ૦૫:૩૦ કલાકે અને શણગાર આરતી: સવારે ૦૭:૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.મંદિરના પટાંગણમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.17 મે થી 15 જૂન 2026 સુધી સવારે 9 થી 12 અને સાંજે 3 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે. શ્રીકષ્ટભંનજનદેવનુ દિવસમાં બે વખત રાજપચોપાર પૂજનનુ સવારે ૦૮:૦૦ થી ૧૦:૦૦ અને સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ છે. સંધ્યા આરતી: સાંજે ૦૭:૦૦ કલાકે દાદાની દિવ્ય આરતી કરવામાં આવશે. ભક્તજનોએ સાળંગપુરધામ આવી શ્રીકષ્ટભંજનદેવ દાદાના આ અલૌકિક અને દિવ્ય દર્શન- મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.સવારે 08:00 કલાકે શ્રીકષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, સવારે 10:00 કલાકે દાદાની દિવ્ય સંધ્યા આરતી કલાકે પૂજારી સ્વામી દ્વારા કરવામાં હતી. તેમજ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. ભગવાન શ્રી રામના સમર્પિત સેવક હનુમાનજી મહારાજ પણ એક રાજાની જેમ પોતાનાં ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરે છે, તેથી જ શ્રી સાળંગપુરધામમાં કોઈને કોઈ કારણસર રાજોપચાર પૂજન કરવામાં આવે છે. જે ઉપચારથી રાજા પ્રસન્ન થાય છે તેને રાજોપચાર પૂજા કહે છે. શ્રી હનુમાનજી મહારાજ શાસ્ત્રોમાં પારંગત છે. જેઓ વેદોના રહસ્યો જાણે છે, તેથી જ રાજોપચાર પૂજામાં ચાર વેદના મંત્રો સૌપ્રથમ હનુમાનજી મહારાજને સમર્પિત થાય છે.

## ભાવનગર, બોટાદ અને અમરેલીની 150 મંડળીઓને આઈ.ટી.ની કરોડોની નોટીસથી રોષ

(એજન્સી) ભાવનગર | તા.26

ભાવનગર, બોટાદ અને અમરેલીની ૧૫૦ જેટલી સહકારી મંડળીઓને કરોડો રૂપિયાની ઈન્કમ ટેક્સ નોટીસ પાઠવાતા વ્યાપક ચકચાર જાગી છે. ભાવનગરનાં ૧૦ બોટાદના ૨ અને અમરેલીનાં ૧ એમ કુલ ૧૩ તાલુકાને અંદાજીત ૧૫૦ જેટલી મંડળીઓને ઈન્કમ ટેક્સની સમજણ વિના નોટીસો હુકમો કરેલ છે. તેમાં સીદસર જુથ મંડલીને ૬ કરોડ, સોડવદરા જુથ મંડલીને ૯ કરોડની, દિહોર મંડલી ૨૦ કરોડની, જનડા મંડલીને ૩૫ કરોડની આમ ૫૦ લાખથી માંડીને ૩૫ કરોડ રૂપિયા સુધીની નોટીસો આપીને હુકમ કરતા વ્યાપક ચર્ચા જાગી છે. આ મુદ્દે તા. ૨૩-૫ના રોજ ભાવનગર માર્કેટ યાર્ડમાં ભીખાભાઈ જાજડીયાએ દરેક મંડળીઓને લઈન્કમટેક્સની નોટીસોને લઈને સામુહીક રજુઆત કરવા મીટીંગ બોલાવી હતી. જેમાં આજે સંયુક્ત રીતે ભાવનગર ઈન્કમટેક્ષને આવેદનપત્ર આપી આ નોટીસો ખોટી અને ગેરકાયદેસર હોવાનું જણાવી ફક્ત ભાવનગર જીલ્લા બેંકની શાખામાંથી ટન ઓવરના આંકડા ઉપરથી આપી દીધી હોય નફા નુકસાનના આંકડા લીધા ન હોવાનું જણાવ્યું હતું. ગ્રામ્ય લેવલે દરેક વ્યક્તિ ટેકનોલોજીના જાણકાર ન હોય ડીપાર્ટમેન્ટે દરેક નોટીસો ઈમેઈલથી મોકલી છે જે નોટીસો ફીજીકલ પોસ્ટથી મોકલવી જોઈએ. મંડળીઓ નાની હોય તેમને આવી નોટીસના જવાબ માટે કરવો પડતો ખર્ચ (લીગલ તથા કન્સલ્ટીંગ) પોસાય તેવું નથી. ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા જો મંડળીને રીટર્ન ફાઈલ હોય તેવા સંજોગોમાં ટર્ન ઓવર આધારીત નોટીસને બદલે જે તે નાણાકીય વર્ષના રજુ કરવામાં આવેલ નફા કે નુકસાનનાં આધારે નોટીસ કરવા તથા આ નોટીસો રદ કરવાની માંગણી કરી છે.

## ટોપ-૧૦૦ બ્રાન્ડ્સમાં ત્રણ ભારતીય કંપનીઓએ સ્થાન જમાવ્યું

# એપલને પાછળ છોડી ગૂગલ બની વિશ્વની નંબર વન બ્રાન્ડ

## વૈશ્વિક રેન્કિંગમાં ગૂગલનો દબદબો, એપલ પાછળ ધકેલાયું

(એજન્સી) અમદાવાદ | તા 26

આંતરરાષ્ટ્રીય બજારમાં એક અત્યંત મહત્વના અને ઐતિહાસિક ફેરફારમાં, ટેક જાયન્ટ ગૂગલે એપલને પાછળ છોડીને વિશ્વની સૌથી મૂલ્યવાન બ્રાન્ડનું સ્થાન હાંસલ કર્યું છે. છેલ્લા ચાર વર્ષથી એપલ સતત પ્રથમ ક્રમે હતું, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજીના ઝડપી અડોપ્શનને કારણે ગૂગલનું બ્રાન્ડ મૂલ્ય રેકોર્ડબ્રેક ૫૭ ટકાના ઉછાળા સાથે આશરે ૧૪૨ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

મીડિયા અહેવાલ મુજબ, વિશ્વની ટોચની ૧૦૦ બ્રાન્ડનું કુલ મૂલ્ય ૧૩ ટ્રિલયન ડોલર એટલે કે લગભગ ૧૨૪૪ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે, જે વાર્ષિક ધોરણે ૨૨ ટકાનો નોંધપાત્ર વધારો સૂચવે છે. એપલનું બ્રાન્ડ મૂલ્ય ૬ ટકા વધીને આશરે ૧૩૨ લાખ કરોડ થયું છે, પરંતુ તે ગૂગલની ગતિ સામે ટકી શક્યું નથી. આ યાદીમાં માઈક્રોસોફ્ટ ત્રીજા અને એમેઝોન ચોથા ક્રમે છે. આ ઉપરાંત, ચિપમેકર નીવિદાએ ૬૦ ટકાના ઉછાળા સાથે પાંચમું સ્થાન મેળવ્યું છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રની વધતી જતી માંગને દર્શાવે છે.

આ વર્ષે ઓપનએઆઈના ચેટજીપીટીએ જે ગતિ બતાવી છે તે અભૂતપૂર્વ છે. માત્ર એક જ વર્ષમાં તેનું બ્રાન્ડ મૂલ્ય ૨૮૫ ટકા વધીને ૧૬ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે, જે વિશ્વના ઈતિહાસમાં સૌથી ઝડપી વૃદ્ધિ પૈકીની એક છે. બીજી તરફ, લક્ઝરી બ્રાન્ડ્સ માટે આ વર્ષ પડકારજનક રહ્યું છે. લુઈસ વીટન અને ચેનલ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સનું મૂલ્ય ક્રમશઃ ૨૨ ટકા અને ૧૫ ટકા ઘટ્યું છે, જે દર્શાવે છે કે ગ્રાહકોની પસંદગીમાં હવે ટેકનોલોજી આધારિત બ્રાન્ડ્સ વધુ પ્રાધાન્ય મેળવી રહી છે.વર્ષ ૨૦૨૬ બ્રાન્ડ માર્કેટ માટે એક ઐતિહાસિક વર્ષ સાબિત થયું છે. પરંપરાગત ક્ષેત્રો કરતાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ ટેકનોલોજી સાથે જોડાયેલી કંપનીઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. આગામી સમયમાં આ રેન્કિંગમાં કેવા નવા બદલાવ આવશે તે જોવું રસપ્રદ રહેશે.




### ભારતીય કંપનીઓનો દબદબો

1. ભારતી એરટેલ: આ યાદીમાં સૌથી વધુ પ્રદર્શન કરનારી ભારતીય કંપની બની છે. ચાર સ્થાનના કૂદકા સાથે તે હવે ૬૨મા ક્રમે છે અને તેનું મૂલ્ય ૨૮ ટકા વધીને ૪.૫૬ લાખ કરોડ રૂપિયા થયું છે.
2. એચડીએફસી બેંક: બેંકિંગ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી આ કંપની ૬૩મા ક્રમે છે, જેનું બ્રાન્ડ મૂલ્ય ૬ ટકા વધીને ૪.૫૫ લાખ કરોડ રૂપિયા થયું છે.
3. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS): આ કંપની ૭૬મા ક્રમે છે, જોકે તેની બ્રાન્ડ વેલ્યુમાં ૪૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

## યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડે વેલ્થ ટ્રેકિંગને સરળ બનાવવા માટે 'વેલ્થ 360' લોન્ચ કર્યું

મુંબઈ: યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડે આજે 'વેલ્થ 360' નામનું નવું ડિજિટલ ફીચર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. UTI MF એપ અને વેબસાઈટ પર ઉપલબ્ધ આ નવી સુવિધા દ્વારા યુઝર્સ વિવિધ નાણાંકીય સંસ્થાઓમાં રહેલી પોતાની વેલ્થને સુરક્ષિત રીતે એક જ યુનિફાઈડ ડેશબોર્ડ પર જોઈ અને ટ્રેક કરી શકશે. હવે રોકાણકારો વિવિધ ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ અને અલગ-અલગ પ્લેટફોર્મ્સમાં રોકાણ કરી રહ્યા છે. પરિણામે, પોતાની કુલ વેલ્થને એકસાથે ટ્રેક કરવાનું વધુ જટિલ બની ગયું છે અને તેમાં ખાસ્સો સમય પણ લાગે છે. 'વેલ્થ 360' ખાસ કરીને આ પ્રક્રિયાને સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ સુવિધા બેંકો, મ્યુચ્યુઅલ ફંડ્સ, સ્ટોક બ્રોકિંગ એકાઉન્ટ્સ અને અન્ય ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સમાં રહેલા ઈન્વેસ્ટમેન્ટ્સ અને ડિપોઝીટ્સને એક જ જગ્યાએ રજૂ કરે છે. આ ફીચર સંપૂર્ણપણે મફતમાં ઉપલબ્ધ છે અને વર્તમાન તેમજ નવા બંને પ્રકારના યુઝર્સ UTI MF એપ અને વેબસાઈટ મારફતે તેનો ઉપયોગ કરી શકે છે. આ માટે કોઈ અલગ વેલ્થ ટ્રેકિંગ એપ્લિકેશનની જરૂર પડતી નથી. આ સુવિધા Finarkein સાથેના સહયોગમાં અને Sahamati દ્વારા સંચાલિત એકાઉન્ટ એગ્રીગેટર ઈકોસિસ્ટમના માધ્યમથી ઉપલબ્ધ કરવામાં આવી છે. આ પ્લેટફોર્મ યુઝર્સને સેવિંગ્સ એકાઉન્ટ, ફિક્સ્ડ ડિપોઝિટ, રિકરિંગ ડિપોઝિટ, મ્યુચ્યુઅલ ફંડ રોકાણો, સ્ટોક્સ, ઈટીએફ અને એનપીએસ હોલ્ડિંગ્સ સહિતના વિવિધ નાણાંકીય રોકાણો જોવા અને ટ્રેક કરવાની સુવિધા આપે છે.

# News Brief

## ટાટા કેમિકલ્સના મમ્બાટ્ટુ યુનિટે સીઆઈઆઈ નેશનલ ઈએચએસ એક્સીલન્સ એવોર્ડ્સ 2025 ખાતે બ્રોન્ઝ મેડલ જીત્યો

મુંબઈ : ટાટા કેમિકલ્સ લિમિટેડના મમ્બાટ્ટુ યુનિટને પર્યાવરણ, આરોગ્ય અને સલામતી (ઈએચએસ) સંબંધિત શ્રેષ્ઠ કામગીરી તેમજ કામના સ્થળે સલામતીના સર્વોચ્ચ ધોરણો જાળવવા માટેની તેની મજબૂત પ્રતિબદ્ધતાના સન્માનરૂપે સીઆઈઆઈ નેશનલ ઈએચએસ એક્સીલન્સ એવોર્ડ્સ 2025ની 18મી એડિશનમાં બ્રોન્ઝ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) દ્વારા આયોજિત નેશનલ ઈએચએસ એક્સીલન્સ એવોર્ડ્સ એવી સંસ્થાઓને સન્માનિત કરે છે, જેઓ કામના સ્થળે સલામતી મજબૂત બનાવવામાં, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવામાં, વ્યવસાયિક આરોગ્યના ધોરણો સુધારવામાં અને ટકાઉ કામગીરીની શ્રેષ્ઠ પદ્ધતિઓ અમલમાં મૂકવામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે. આ સન્માન ટાટા કેમિકલ્સની સેફ્ટી કલ્ચરને વધુ મજબૂત બનાવવા, ઈએચએસ સિસ્ટમ્સમાં સતત સુધારો કરવા અને તેની તમામ ઉત્પાદન સુવિધાઓમાં સલામત તેમજ ટકાઉ કામગીરી જાળવવા પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ સિદ્ધિ અંગે ટાટા કેમિકલ્સ લિમિટેડના ચીફ - મેન્યુફેક્ચરિંગ, કોર્પોરેટ સેફ્ટી એન્ડ સસ્ટેનેબિલિટી શ્રી નરસિંહા વી. કામથે જણાવ્યું હતું કે, "ટાટા કેમિકલ્સમાં સલામતી માત્ર એક પ્રક્રિયા નથી, પરંતુ અમારી કામગીરી અને નિર્ણય લેવાની સમગ્ર પદ્ધતિમાં સમાયેલું એક મૂળભૂત મૂલ્ય છે. સીઆઈઆઈ તરફથી મળેલું આ સન્માન સુરક્ષિત, સ્વસ્થ અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર વર્કપ્લેસ ઊભું કરવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

## BSNLની આવકમાં ૨૫ ટકાનો વધારો, મંત્રીએ આપી માહિતી

નવી દિલ્હી: સરકારી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) માટે છેલ્લા બે વર્ષ અત્યંત પ્રોત્સાહક રહ્યા છે. સંચાર રાજ્ય મંત્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, કંપનીની આવક ૨૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધીને ૨૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જે છેલ્લા બે વર્ષમાં ૨૦ થી ૨૫ ટકાનો નોંધપાત્ર વધારો સૂચવે છે. આ સાથે જ કંપનીના EBITDA માર્જિનમાં પણ મોટો સુધારો જોવા મળ્યો છે, જે ૫૦ કરોડથી વધીને લગભગ ૭,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયા છે.આ આર્થિક સુધારા પાછળ સરકારની વ્યૂહાત્મક રણનીતિ જવાબદાર છે. મંત્રાલયે બીએસએનએલમાં માળખાકીય સુધારા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને ખાનગી ક્ષેત્ર જેવી શિસ્તબદ્ધ કાર્યપદ્ધતિ અપનાવી છે. આ જૂના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટાવરની ઓછી કાર્યક્ષમતા અને કાર્ય સંસ્કૃતિ જેવા લાંબા સમયથી ચાલી આવતા પ્રશ્નોને હલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મંત્રીએ જણાવ્યું કે, "અમે પદ્ધતિસરની કઠોરતા અને ખાનગી ક્ષેત્રની શિસ્ત સાથે પુનરુત્થાન તરફ આગળ વધ્યા છીએ."બીએસએનએલે આ વર્ષે એક મોટી સિદ્ધિ મેળવતા ૧,૦૦,૦૦૦ ટાવર્સ પર સ્વદેશી 4G નેટવર્કનું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું છે. ભારત હવે વિશ્વનો પાંચમો દેશ છે જેણે આવી ઊંડી સ્વદેશી 4G ટેકનોલોજી વિકસાવી છે. આ ઉપરાંત, ગ્રામીણ અને સંવેદનશીલ વિસ્તારોમાં ૨૫,૦૦૦ નવા ટાવર્સ સ્થાપિત કરવામાં આવ્યા છે અને અન્ય ૧૦,૦૦૦ પર કામ ચાલુ છે. ગ્રાહકોનો વિશ્વાસ ફરી જીતવા માટે કંપનીએ ઈન્ડિયા પોસ્ટ (ટપાલ કચેરીઓ) સાથે જોડાણ કર્યું છે. હવે ગ્રાહકો માત્ર એક રૂપિયો ખર્ચીને બીએસએનએલના સિમ કાર્ડ મેળવી શકે છે અને તેમની સેવાઓ અજમાવી શકે છે.

## ભારતીય બજારમાં વિદેશી રોકાણ ઘટશે: કોટકનો ચોંકાવનારો અહેવાલ

નવી દિલ્હી: ભારતીય શેરબજારમાં રોકાણ કરતા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) અંગે એક ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝના તાજેતરના રિપોર્ટ મુજબ, અન્ય ઉભરતા બજારો (EMs) ની સરખામણીમાં ભારતનું આકર્ષણ ઘટતું જઈ રહ્યું છે, જેના કારણે ટૂંકા ગાળામાં એફપીઆઈનો પ્રવાહ મંદ રહેવાની સંભાવના છે. આ રિપોર્ટમાં મૂડીના પ્રવાહમાં ઘટાડો, વર્તમાન ખાતાની ખાધ (Current Account Deficit) નું દબાણ અને કમાણીના નબળા પરિદ્રશ્ય જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે.બ્રોકરેજ ફર્મના મતે, ભારત અત્યારે કેટલીક ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. જેમાં ખાસ કરીને નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે અપેક્ષિત કમાણીની વૃદ્ધિમાં ગુણવત્તા અને માત્રા બંનેની દ્રષ્ટિએ નબળાઈ દેખાઈ રહી છે. આ ઉપરાંત, ભારતનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સેમિકન્ડક્ટર સાયકલ તથા કોમોડિટીઝ (ખાસ કરીને ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ) ના ક્ષેત્રમાં નકારાત્મક એક્સપોઝર છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, અન્ય ઉભરતા બજારો એઆઈ અને કોમોડિટી ક્ષેત્રે વધુ સારી તકો આપી રહ્યા છે, જેથી વૈશ્વિક રોકાણકારો ત્યાં વધુ રસ દાખવી રહ્યા છે. ભારતના કેપિટલ એકાઉન્ટ ફ્લોમાં તાજેતરના વર્ષોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૪ દરમિયાન સરેરાશ વાર્ષિક ૭૩ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળતો હતો, જે ઘટીને ૨૦૨૫માં ૧૭ અબજ ડોલર થઈ ગયો છે અને ૨૦૨૬માં તે માઈનસ ૫ અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે. આ ઉપરાંત, નેટ એફડીઆઈ (FDI) પ્રવાહ પણ ૩૭ અબજ ડોલરથી ઘટીને માત્ર ૧ અબજ ડોલર પર આવી ગયો છે.

## વ્યક્તિગત વીમા સપોર્ટની વધતી માંગ વચ્ચે પોલિસીબજારે ઑફલાઇન હાજરીને મજબૂત બનાવી

(એજન્સી) મુંબઈ | તા 26

ભારતના સૌથી મોટા વીમા બજાર, પોલિસીબજારમાં, મહત્વપૂર્ણ નાણાકીય નિર્ણયો લેતી વખતે રૂબરૂ સલાહ લેવાનું પસંદ કરતા ગ્રાહકોની સંખ્યામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. નાણાકીય વર્ષ 2026માં, ઑફલાઈન ચેનલો પસંદ કરતા ગ્રાહકોની સંખ્યામાં 2.5 ગણો વધારો થયો છે. પોલિસીબજાર ગ્રાહકોને દરેક પગલે મદદ કરવા માટે ઓફલાઈન તેની હાજરી વધારી રહ્યું છે. પોલિસીબજારના ટર્મ ઈન્શ્યોરન્સના વડા વરુણ અગ્રવાલે જણાવ્યું હતું કે, 'આ વધતું જતું ઓફલાઈન વિસ્તરણ ગ્રાહકના સ્પષ્ટ વલણને પ્રતિબિંબિત કરે છે. ગ્રાહકો ઓનલાઈન શોધ કરવા તરફ વલણ ધરાવે છે કારણકે, તેઓ પારદર્શક રીતે તેમના માટે ઉપલબ્ધ બધા વિકલ્પો વિચારી શકે છે. તેમની સફર આગળ વધારવા માટે, તેઓ એવી વ્યક્તિની શોધ કરે છે જેની સાથે તેઓ રૂબરૂ વાત કરી શકે અને એવી વ્યક્તિ હોય જે તેમના દરેક પ્રશ્નોના જવાબ આપી શકે. આ વિશ્વાસ સુદ્રઢ બનાવવા માટે, પોલિસીબજારનું વિસ્તરતું ઓફલાઈન નેટવર્ક આ જરૂરિયાતની આસપાસ બનાવવામાં આવ્યું છે, જેમાં વ્યક્તિગત, રૂબરૂ સપોર્ટ સાથે ડિજિટલ સુવિધાનું મિશ્રણ કરવામાં આવ્યું છે.'માંગને પહોંચી વળવા માટે બ્રાન્ડે તેના ઓફલાઈન નેટવર્કને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યું છે. નાણાકીય વર્ષ 25 ની તુલનામાં નાણાકીય વર્ષ 26 માં તેના રિલેશનશિપ મેનેજર્સ (RMs) માં ત્રણ ગણો વધારો થયો છે, અને આ સંખ્યા ટૂંકસમયમાં 600 ને વટાવી જશે, જે સુનિશ્ચિત કરશે કે વધુ પરિવારો રૂબરૂમાં નિષ્ણાત સલાહ મેળવી શકશે. ગુજરાત, આંધ્રપ્રદેશ અને તેલંગાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં મુખ્ય વૃદ્ધિ સાથે, તેના નેટવર્કમાં 40 થી વધુ શહેરો ઉમેરી રહ્યા છે.

## મેરિકો પેરાશૂટ એડવાન્સ્ડ પ્રોટીન શેમ્પૂ સાથે હેર-ક્લીન્ઝિંગ સેગમેન્ટમાં પ્રવેશ પ્રવેશ કર્યો

નવી દિલ્હી: ભારતની અગ્રણી FMCG કંપનીઓમાંની એક, મેરિકો લિમિટેડે આજે વાળની સંભાળના ક્ષેત્રમાં 'પેરાશૂટ એડવાન્સ્ડ પ્રોટીન શેમ્પૂ' લોન્ચ કરીને હેર-ક્લીન્ઝિંગ શ્રેણીમાં પ્રવેશ કર્યો છે. નાળિયેર અને કુદરતી ઘટકોની ઉત્તમતાથી સમૃદ્ધ પ્રોટીન શેમ્પૂની આ નવી શ્રેણી, હેર-કેર ક્ષેત્રમાં બ્રાન્ડની સ્થિતિને વધુ મજબૂત બનાવશે.મેરિકો લિમિટેડના ઈન્ડિયા કોર બિઝનેસના સીઈઓ આશિષ ગોપાલે જણાવ્યું હતું કે, "આ લોન્ચ, પેરાશૂટ એડવાન્સ્ડ કોકોનટની 'હેર-ક્લીન્ઝિંગ' ફોર્મેટમાં સારીતા સાથે, છેલ્લા કેટલાક વર્ષોમાં મેરિકો દ્વારા એક મહત્વપૂર્ણ શ્રેણી વિસ્તરણ દર્શાવે છે. પેરાશૂટ એડવાન્સ્ડ શેમ્પૂ એ કુદરતી ઉત્પાદનોની વધતી જતી ગ્રાહક માંગને પૂર્ણ કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ મેરિકોની હેતુપૂર્ણ અને નાળિયેર આધારિત નવીનતાઓ રજૂ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ લોન્ચ ભારતના




પર્સનલ કેર સેગમેન્ટમાં કંપનીની સ્થિતિને મજબૂત બનાવશે, જેનું મૂલ્ય 10,000 કરોડથી વધુ છે અને 9 થી 10 ટકાના દરે વધી રહ્યું છે. પેરાશૂટ એડવાન્સ્ડના હેર-ક્લીન્ઝિંગ સેગમેન્ટમાં પ્રવેશથી નોંધપાત્ર વૃદ્ધિની તકો મળશે, જેનાથી સમગ્ર હેર-કેર રેજિમેનમાં બ્રાન્ડની હાજરીનો વિસ્તાર થશે. ગ્રાહકોએ આ શેમ્પૂને ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો છે. અમને વિશ્વાસ છે કે આ પ્રોડક્ટની બજારમાં માંગ ઝડપથી વધશે.વિક્રમ કરવલ, ચીફ માર્કેટિંગ ઓફિસર - ઈન્ડિયા, મેરીકો લિમિટેડએ જણાવ્યું હતું કે, "ગ્રાહકો પર્સનલ-કેર પ્રોડક્ટ્સ માટે ફક્ત પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ પર જ વિશ્વાસ કરે છે. તેઓ વધુને વધુ કુદરતી ઉત્પાદનો શોધે છે. પરિણામે, શેમ્પૂ શ્રેણીમાં પેરાશૂટ એડવાન્સ્ડ માટે એક મહત્વપૂર્ણ તક છે. આ સમજ દ્વારા માર્ગદર્શન આપીને, અમે એક એવું ઉત્પાદન વિકસાવ્યું છે જે ગ્રાહકોને ચોક્કસ ગમશે.

### કોસ્મો ફાઉન્ડેશને 'નારી કી સવારી સુરક્ષા કવચ' પહેલ મારફતે

## મહિલાઓની અવરજવરની સુવિધા અને આજીવિકાને મજબૂત કરી

(એજન્સી) વડોદરા | તા 26

કોસ્મા ફાઉન્ડેશને મહારાણી ચિમનાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય (SMCSU) અને ત્વરા સાથે જોડાણમાં 'સુરક્ષા કવચ' લૉન્ચ કરીને 'નારી કી સવારી' નામની પોતાની મહિલા સશક્તિકરણ પહેલને વધારે મજબૂત કરી છે. 'સુરક્ષા કવચ'નો ઉદ્દેશ વડોદરા અને કરજણ સહિત આસપાસ ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ માટે સલામતી, અવરજવરની સુવિધાઓ અને આજીવિકાની કાયમી તકોને પ્રોત્સાહન આપવા કેન્દ્રીત પ્રયાસો હાથ ધરવાનો છે. 'નારી કી સવારી' પહેલ પર આધારિત આ 'સુરક્ષા કવચ' મહિલાઓની આર્થિક ભાગીદારી આડે સૌથી મોટા અવરોધો પૈકીના એક અવરોધને દૂર કરવાનો મહિલા-કેન્દ્રીત અને આજીવિકાલક્ષી પ્રોજેક્ટ છે. તેમાં મહિલાઓની સલામતી અને સ્વતંત્ર રીતે અવરજવર કરવા આડેનો અવરોધ દૂર કરવા ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ કાર્યક્રમ મારફતે મહિલાઓને ટૂ-વ્હીલર અને ફોર-વ્હીલર ડ્રાઈવિંગની તાલીમ આપવામાં આવે છે, તો સાથે સાથે લાઈસન્સ મેળવવા, વ્યક્તિત્વ વિકાસ કેળવવા, સ્વરક્ષણની તાલીમ આપવા અને વાહનના ધિરાણ માટે માર્ગદર્શન સ્વરૂપે સપોર્ટ પણ પ્રદાન થાય છે.'સુરક્ષા કવચ' પહેલના ભાગરૂપે વિશેષ કાર્યક્રમનું આયોજન વડોદરામાં SMCSUમાં થયું હતું, જ્યાં 100 મહિલા લાભાર્થીઓમાં માર્ગ સલામતીની જાગૃતિ વધારવા અને પરિવહનની સલામતીની રીતોને પ્રોત્સાહન આપવા ઉચ્ચ ગુણવત્તાયુક્ત હેલ્મેટ પ્રદાન કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ત્વરાના સ્થાપક સુશ્રી અલ્પના પરિદા ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે મહિલાઓના સશક્તિકરણનાં અભિન્ન ભાગ સ્વરૂપે તેમની સલામતીનાં મહત્વ પર ખાસ ભાર મૂક્યો હતો.આ કાર્યક્રમના મુખ્ય અતિથિ હર હાઈનેસ રાધિકારાજે ગાયકવાડે કહ્યું હતું કે, "નારી કી સવારી પ્રોજેક્ટની શરૂઆત મહિલાઓ જાહેર ક્ષેત્રમાં પોતાનું સ્થાન પરત મેળવે અને આર્થિક રીતે આત્મનિર્ભર બને એ વિચાર સાથે થઈ હતી. તેમને ડ્રાઈવિંગ કરવા માટે સાધનો પ્રદાન કરીને અમે તેમને એક કૌશલ્ય શીખવવાની સાથે તેમના માટે અગાઉ બંધ ઉદ્યોગોના દ્વાર ખોલ્યાં છે.

## જાહેરક્ષેત્રની ઓઇલ કંપનીઓએ કૃષિ સિઝન પૂર્વે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં અવિરત બળતણ પુરવઠો સુનિશ્ચિત કર્યો

(એજન્સી) અમદાવાદ | તા 26

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં બળતણની માંગમાં ચાલી રહેલા મોસમી વધારા વચ્ચે, જાહેરક્ષેત્રની ઓઈલ કંપનીઓ(PSU OMCs) દ્વારા સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ (MS), ડીઝલ (HSD) અને એલપીજી (LPG) નો સરળ અને અવિરત પુરવઠો જાળવી રાખવામાં આવ્યો છે. તાજેતરના દિવસોમાં, જાહેરક્ષેત્રની ઓઈલ કંપનીઓએ સમગ્ર ગુજરાતમાં પેટ્રોલિયમ પેદાશોના ઉપાડમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. મે મહિનામાં, પેટ્રોલના છૂટક વેચાણમાં વાર્ષિક ધોરણે ૨૮% નો વૃદ્ધિ દર નોંધાયો છે, જ્યારે ડીઝલના છૂટક વેચાણમાં ૪૧% નો વધારો થયો છે. ડીઝલની માંગમાં વર્તમાન વધારો મુખ્યત્વે ખેતીની પ્રવૃત્તિઓથી પ્રેરિત છે, જ્યાં ખેડૂતો આગામી વાવણીની સિઝન માટે ખેતરો તૈયાર કરવામાં સક્રિયપણે વ્યસ્ત છે. જાહેરક્ષેત્રની ઓઈલ કંપનીઓ કૃષિ તેમજ સ્થાનિક જરૂરિયાતો માટે અવિરત બળતણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે લોજિસ્ટિક્સ અને સપ્લાય કામગીરીનું નજીકથી સંકલન કરી રહી છે. બનાસકાંઠા, સાબરકાંઠા, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, નવસારી, ખેડા, આણંદ અને અમરેલી સહિતના જિલ્લાના ખેડૂતો અને ગ્રાહકોએ પીએસયુ ઓઈલ કંપનીઓના રિટેલ આઉટલેટ્સ પર ડીઝલની સરળ ઉપલબ્ધતા અને અવિરત સેવાઓ અંગે હકારાત્મક પ્રતિભાવો આપ્યા છે.અમરેલી જિલ્લાના એક ખેડૂતે જણાવ્યું કે: 'ખેતીની પ્રવૃત્તિઓ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સમય છે, અને અમને ટ્રેક્ટર તેમજ ખેતરની તૈયારી માટે નિયમિતપણે ડીઝલની જરૂર પડે છે. અમને પીએસયુ ઓઈલ કંપનીઓના રિટેલ આઉટલેટ્સ પરથી કોઈ પણ સમસ્યા વિના બળતણ મળી રહ્યું છે.' ખેડા જિલ્લાના અન્ય એક ગ્રાહકે જણાવ્યું કે: 'અમારા ગામની નજીક આવેલા પીએસયુ ઓએમસીના રિટેલ આઉટલેટ પર ડીઝલ સરળતાથી ઉપલબ્ધ છે, જે ખેતીની આ વ્યસ્ત સિઝન દરમિયાન ખેડૂતોને ઘણો સપોર્ટ પૂરો પાડી રહ્યું છે.'જાહેરક્ષેત્રની ઓઈલ કંપનીઓ ગ્રાહકોને ખાતરી આપે છે કે સમગ્ર દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

### ડૉ. અગરવાલ્સ હેલ્થ કેર લિમિટેડ પર બ્રોકરેજ હાઉસિસનો વિશ્વાસ યથાવત્

## મજબૂત સર્જિકલ ગ્રોથ અને વિસ્તરણની ગતિને આધારે 27% સુધીના વધારાની સંભાવના

(એજન્સી) મુંબઈ | તા 26

અગ્રણી બ્રોકરેજ હાઉસિસે ક્યૂ4 એફવાય26ના પરિણામો બાદ ડૉ. અગરવાલ્સ હેલ્થ કેર અંગે સકારાત્મક અભિગમ જાળવી રાખ્યો છે. મજબૂત સર્જિકલ વૃદ્ધિ, પ્રીમિયમાઈઝેશન આધારિત આવક વૃદ્ધિ અને સતત નેટવર્ક વિસ્તરણને લાંબા ગાળાના મુખ્ય વિકાસકારક તરીકે દર્શાવવામાં આવ્યા છે.બ્રોકરેજ હાઉસિસના ટાર્ગેટ પ્રાઈસ મુજબ હાલના બજાર સ્તરથી અંદાજે 27% સુધીનો વધારો શક્ય છે. કંપનીની આવક વૃદ્ધિની સ્પષ્ટતા અને માર્જિન સ્થિરતા અંગે પણ હકારાત્મક દૃષ્ટિકોણ વ્યક્ત કરવામાં આવ્યો છે.કંપનીની એફવાય26 દરમિયાન ઓપરેશનલ આવકમાં 22%નો વધારો થઈ 2,080 કરોડ પહોંચી હતી, જ્યારે પેટમાં 52%નો ઉછાળો આવી તે 168 કરોડ રહ્યું હતું.મોતીલાલ ઓસવાલ, મોર્ગન સ્ટેનલી અને અવેન્ડસ સ્પાર્ક સહિતના અગ્રણી બ્રોકરેજ હાઉસિસે ક્યૂ4 એફવાય26ના પરિણામો બાદ ડૉ. અગરવાલ્સ હેલ્થ કેર લિમિટેડ ("ડૉ. અગરવાલ") અંગે સકારાત્મક અભિગમ જાળવી રાખ્યો છે. વિશ્લેષકોએ સર્જરી, પ્રીમિયમ પ્રોસિજર અને નેટવર્ક વિસ્તરણમાં સતત વૃદ્ધિને કંપની માટે મધ્યગાળાના મહત્વપૂર્ણ વિકાસકારક તરીકે દર્શાવી છે. *સંભવિત વધારાની ગણતરી 21 મેના રોજ ડૉ. અગરવાલ્સ હેલ્થ કેરના 481.1ના ક્લોઝિંગ માર્કેટ પ્રાઈસના આધારે કરવામાં આવી છે. નોંધ: ઉપરોક્ત વિશ્લેષકોની ભલામણોની યાદી સંપૂર્ણ નથી. બ્રોકરેજ હાઉસિસે નોંધ્યું હતું કે ડૉ. અગરવાલે એફવાય26 દરમિયાન મજબૂત ઓપરેશનલ પ્રદર્શન આપ્યું હતું, જેને સર્જરી, ડાયગ્નોસ્ટિક્સ, ઓપ્ટિકલ્સ અને ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સમાં વ્યાપક વૃદ્ધિનો આધાર મળ્યો હતો. વિશ્લેષકોએ પરિપક્વ સેન્ટર્સમાંથી વધતા યોગદાન અને વિવિધ વિસ્તારોમાં વધતા દર્દી પ્રવાહને સતત માંગના સંકેત તરીકે પણ દર્શાવ્યા હતા. બ્રોકરેજ હાઉસ મોતીલાલ ઓસવાલે 610ના ટાર્ગેટ પ્રાઈસ સાથે 'બાય' રેટિંગ યથાવત્ રાખ્યું હતું. પ્રીમિયમ સર્જરીમાં મજબૂત વૃદ્ધિ અને નફાકારકતામાં સુધારો તેનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું હતું. બ્રોકરેજે જણાવ્યું હતું કે કંપનીએ ક્યૂ4 એફવાય26 દરમિયાન અત્યાર સુધીનો સર્વોચ્ચ ત્રિમાસિક ઈબિટડા માર્જિન 28.6% નોંધાવ્યો હતો, જેને સર્જરી અને વિશેષ આંખ સારવાર પ્રક્રિયાઓમાંથી વધેલા યોગદાનનો આધાર મળ્યો હતો. બ્રોકરેજે વધુમાં નોંધ્યું હતું કે કંપનીએ એફવાય26 દરમિયાન 57 નવા સેન્ટર્સ ઉમેર્યા હતા અને તાજેતરમાં શરૂ કરાયેલા સેન્ટર્સમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વૈશ્વિક રિસર્ચ ફર્મ મોર્ગન સ્ટેનલીએ 555ના ટાર્ગેટ પ્રાઈસ સાથે 'ઓવરવેઈટ' રેટિંગ જાળવી રાખ્યું હતું.

### સ્વદેશી ટેકનોલોજીથી રસોઈ થશે સસ્તી અને પ્રદૂષણ મુક્ત

## કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોન્ચ કર્યો ઈથેનોલ અને પાણીથી ચાલતો સ્ટવ

(એજન્સી) નાગપુર | તા 26

દેશના વિવિધ ભાગોમાં રસોઈ ગેસની અછતની ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી ટેકનોલોજીનું અનાવરણ કર્યું છે. નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં ગડકરીએ નવી ઈથેનોલ આધારિત સ્ટવ ટેકનોલોજી લોન્ચ કરી છે. આ નવીન શોધ વિશે દાવો કરવામાં આવ્યો છે કે તે માત્ર પર્યાવરણને અનુકૂળ જ નથી, પરંતુ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરોની તુલનામાં રસોઈ ખર્ચને પણ ઘણો ઓછો કરી દેશે.આ સ્ટવની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સીધા ઈથેનોલ પર નહીં, પરંતુ ઈથેનોલ અને પાણીના મિશ્રણ પર કામ કરે છે. મંત્રી ગડકરીના જણાવ્યા અનુસાર, આ મિશ્રણ રસોઈ માટે એકદમ સ્વચ્છ જ્યોત ઉત્પન્ન કરે છે. આ ટેકનોલોજી સંપૂર્ણપણે સ્વદેશી છે અને તે પરંપરાગત એલપીજી, કેરોસીન કે કોલસાની સરખામણીમાં ઘણી વધારે સુરક્ષિત અને પ્રદૂષણ મુક્ત છે. ઘરની અંદરના



પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે આ એક ખૂબ જ અસરકારક પગલું સાબિત થઈ શકે છે.ભારત તેની ક્રૂડ ઓઈલ અને એલપીજી જરૂરિયાતોનો લગભગ ૮૫ ટકા હિસ્સો વિદેશમાંથી આયાત કરે છે. જેના કારણે દર વર્ષે લાખો કરોડ રૂપિયા વિદેશી હૂંડિયામણ તરીકે બહાર જાય છે. ઈથેનોલના ઉપયોગથી આ બોજને ઓછો કરવામાં મદદ મળશે. ઈથેનોલ શેરડી અને મકાઈમાંથી બનતું હોવાથી તેની માંગ વધતા દેશના ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. છેલ્લા એક દાયકામાં ભારતે ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમમાં મોટું કામ કર્યું છે, જે ૨૦૧૪ના ૧.૫ ટકાથી વધીને ૨૦૨૫ સુધીમાં ૨૦ ટકા સુધી પહોંચ્યું છે.જોકે, નિષ્ણાતો આ દિશામાં સાવચેતી રાખવા પણ સૂચવે છે. ઈથેનોલ અત્યંત જ્વલનશીલ પ્રવાહી છે. તેથી, ભારતીય ઘરોમાં તેનો મોટા પાયે ઉપયોગ કરતા પહેલા સરકારે કડક સલામતી ધોરણો અને સુરક્ષાના માપદંડો નક્કી કરવા પડશે, જેથી કોઈ પણ પ્રકારના અકસ્માતને નિવારી શકાય. હોટલ વ્યવસાયો અને સામાન્ય પરિવારો માટે આ ટેકનોલોજી ગેસના સિલિન્ડરોનો એક સસ્તો વિકલ્પ બની શકે છે. સરકાર હવે વાહનોની સાથે રસોઈ બળતણ તરીકે પણ ઈથેનોલને પ્રોત્સાહન આપી રહી છે. જો આ ટેકનોલોજી સફળતાપૂર્વક લોકો સુધી પહોંચશે, તો તે માત્ર મોંઘવારીમાં રાહત નહીં આપે, પરંતુ દેશને આત્મનિર્ભર બનાવવામાં પણ મહત્વનો ફાળો આપશે. તમે આ નવી ઈથેનોલ સ્ટવ ટેકનોલોજી વિશે વધુ શું જાણવા માંગો છો? શું તમે જાણવા માંગો છો કે આ સ્ટવ સામાન્ય બજારમાં ક્યારે ઉપલબ્ધ થશે અને તેની અંદાજિત કિંમત શું હોઈ શકે છે?

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 11

# દેશમાં દહેજનું દુષણ વર્ષે 7000 દીકરીઓ ભરખી જાય છે !

એનસીઆરબીના ડેટા પ્રમાણે 2024ના અહેવાલો મુજબ દેશના મેટ્રો શહેરોમાં દહેજના 1008 કેસ નોંધાયા હતા. તેમાંથી કર્ણાટકની રાજધાની બેંગ્લૂરૂમાં 878 કેસ નોંધાયા હતા. ત્યારબાદ લખનઉમાં દહેજના 48 કેસ નોંધાયા હતા. દેશમાં મહિલાઓ સામેના ગુનામાં પતિ કે સાસરીયા દ્વારા અપાયો ત્રાસ કે શારીરિક હિંસા સૌથી વધારે પ્રમાણમાં છે : ઘરેલુ હિંસામાં દેશમાં 2024માં કુલ 1.2 લાખ કેસ નોંધવામાં આવ્યા હતા. આવા કેસમાં 21,266 કેસ સાથે ઉત્તર પ્રદેશ સમગ્ર દેશમાં મોખરે હતું. બીજી તરફ રાજસ્થાન આ કિસ્સામાં બીજા ક્રમે આવે છે. તેમાં 10,578 કેસ નોંધાયા હતા. ત્રીજા ક્રમે આવતા મહારાષ્ટ્રમાં પણ 10,538 કેસ અને ત્યારબાદ કર્ણાટકમાં પણ 2947 કેસ નોંધાયા હતા : બીજી તરફ સ્થિતિ ત્યારે વણસે છે જ્યારે એ મહિલા પોતાના પિયર જાય છે અને તેના વિશે વાત કરે છે ત્યારે તેને ત્યાંથી પણ મદદ કે સાથ મળતા નથી. મોટાભાગના કિસ્સામાં મહિલાના માતા-પિતા અથવા તો ભાઈઓ દ્વારા સહન કરવાનું, જતું કરવાનું અને એડજસ્ટ કરવાનું જ શિખવવામાં આવે છે અથવા તો સલાહ આપવામાં આવે છે ભારતમાં દહેજપ્રથા સામે આકરા કાયદા લાવવામાં આવેલા છે અને તેનું કથિત રીતે અમલીકરણ થાય છે તેવી બાંગો અને બુમરાણો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. લગ્નપ્રથામાં દહેજ આપવું, માગવું કે લેવું બધું જ ગુનો ગણવામાં આવે છે. તેમ છતાં તાજેતરમાં જ નોઈડામાં દહેજની સમસ્યાને પગલે બે મહિલાઓના જીવ ગયાની ઘટના સામે આવી છે. તેમને દહેજ માટે પરેશાન કરતી હોવાના આરોપો મુકાયા છે. પાંગળા કાયદા તેની રીતે તપાસ કરે છે અને વર્ષો પછી કદાચ ન્યાય થશે પણ પરિવારોએ પોતાની દીકરી ગુમાવી છે. ત્વિશા શર્મા નામની ૩૩ વર્ષની યુવતી પોતાના સાસરે ભોપાલમાં મૃત અવસ્થામાં મળી આવી હતી. તેના થોડા દિવસ બાદ ગ્રેટર નોઈડાના ઈકોટેક-૩ વિસ્તારમાં દીપિકા નાગર નામની ૨૦ વર્ષની યુવતીએ પોતાના મકાનની છત ઉપરથી મોતની છલાંગ લગાવી દીધી હતી. આ બંને યુવતીના માતા-પિતા દ્વારા દહેજ માટે હેરાનગતી કરાતી હોવાના આરોપ મુકાયા છે. આ બંને કેસ ફરી એક વખત ભારતના કાયદાની છટકબારીઓ અને સમાજના દંભ ઉપર પ્રકાશ પાડે છે જ્યાં કહેવાતા અત્યાધુનિક સમયમાં અને ડિજિટલ યુગમાં પણ દહેજનું દુષણ ગયું નથી.ત્વિશા શર્માની વાત કરીએ તો ૧૨મી મેના રોજ ભોપાલ ખાતે કટારા હિલ્સ વિસ્તારમાં તેના પતિ સમર્થ સિંગના ઘરે તેણે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેઓ ૨૦૨૪માં ડેટિંગ એપ દ્વારા એકબીજાને મળ્યા હતા અને ડિસેમ્બરમાં જ તેમના લગ્ન થયા હતા. ત્વિશાના બાઈ મેજર હર્ષિત શર્માએ જણાવ્યું કે ઘણા સમયથી તેના સાસરીયા દહેજ માટે તેને પરેશાન કરતા હતા. તેમનો આરોપ છે કે, વારંવાર ત્વિશાના સાસરીયા અને પતિ દ્વારા દહેજની માગણી કરાતી હતી અને તેને હેરાન કરવામાં આવતી હતી. તેના મૃત્યુ બાદ ત્વિશા અને તેની માતાની પ્રાઈવેટ વોટ્સએપ ચેટ બહાર આવી હતી. તેમાં તેણે લખ્યું હતું કે, મમ્મી આ ઘરમાં મને બહું જ ગુંગળામણ થાય છે. ત્વિશાના પતિ અને તેની માતા સામે હાલમાં દહેજથી મૃત્યુની કલમ લાગુ કરી કેસ નોંધવામાં આવ્યો છે.બીજા કેસી વાત કરીએ તો દીપિકા નાગર માત્ર ૨૦ વર્ષની યુવતી હતી. તેણે ૧૭મી મેએ પોતાના ઘરના છત ઉપરથી મોતની છલાંગ લગાવી હતી. દીપિકાના પરિવારજનોએ પણ આરોપ મુક્યો હતો કે, પતિ અને સાસરિયા દ્વારા દીપિકાને સતત પરેશાન કરવામાં આવતી હતી. આત્મહત્યા પહેલા તેણે પોતાના માતા-પિતાને ફોન કરીને જણાવ્યું હતું કે, તેના સાસરીયા તેની સાથે મારપીટ કરશે છે. દીપિકાના પિતાનો આરોપ છે કે, તેમની દીકરીએ આત્મહત્યા નથી કરી તેની હત્યા કરી દેવાઈ છે. તેમના મતે દીપિકાના શરીર ઉપર ઈજાના પણ નિશાન હતા. તેવો જ એક કેસ જાન્યુઆરીમાં આવ્યો હતો. તેમાં તો દિલ્હી પોલિસની સ્વાટ ટીમની મહિલા કમાન્ડોની તેના પતિ દ્વારા ભયાનક હત્યા કરવામાં આવી હતી. તેની પાછળ પણ કારણ દહેજ જ હતું. અંકુર દ્વારા તેની ચાર મહિનાની ગર્ભવતી પત્નીની જઘ્યન હત્યા કરાઈ હતી. તેણે તેના માથામાં ડમ્બલ માર્યા હતા અને તેના પગલે તેનું મોત નિપજ્યું હતું. અંકુરે તો કાજલની હત્યા દરમિયાન તેના ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે, તે કાજલની હત્યા કરી રહ્યો છે. આવા જઘન્ય કિસ્સા ભારતમાં થઈ રહ્યા છે છતાં આપણે સુઘડ સમાજ અને મજબૂત કાયદાની પોકળ વાતો કરતા રહીએ છીએ.ભારતમાં વર્ષે દહેજના અનેક કેસ સામે આવતા હોય છે. બેંગ્લૂરૂમાં ૨૦૨૪માં દહેજના સૌથી વધારે કેસ નોંધાયા હતા.

જિલ્લા પંચાયતનાં નવનિયુક્ત પ્રમુખ રાજેશભાઈ ગામીતે તમામ વર્ગનાં લોકો માટે સૌહાર્દ અને વિકાસનો આપ્યો સંદેશ..

# જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ભાઈ ગામીત :- વિકાસ, સેવા અને લોકહિત માટે કાર્ય કરનાર નેતાનું મૂલ્યાંકન ધર્મથી નહીં પરંતુ કર્મથી થવું જોઈએ



ડાંગ | ડાંગ જિલ્લાના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક ભાવનાઓને ઉશ્કેરી પોતાના રાજકીય સ્વાર્થ સિદ્ધ કરવાનો પ્રયાસ કરતી માનસિકતા સામે હવે જનતામાં પણ રોષ જોવા મળી રહ્યો છે.ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતની પસંદગી બાદ કેટલાક અસંતોષી તત્વોએ તેઓ ખ્રિસ્તી ધર્મ પાળતા હોવાની વાતને આગળ ધપાવી હિન્દૂ સંગઠનોમાં વિરોધ ઊભો થશે તેવી અફવાઓ ફેલાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.જોકે ડાંગ જિલ્લા પંચાયતનાં નવ નિયુક્ત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પોતાના વર્તન અને કાર્યશૈલી દ્વારા સ્પષ્ટ કરી દીધુ છે કે વિકાસ, સેવા અને લોકહિત માટે કાર્ય કરનાર નેતાનું મૂલ્યાંકન ધર્મથી નહીં પરંતુ કર્મથી થવું જોઈએ.ડાંગ જિલ્લાના રાજકીય અને સામાજિક ક્ષેત્રે વહીવટી તેમજ સંગઠનાત્મક કુશળતા ધરાવતા રાજેશભાઈ ગામીત વર્ષોથી આદિવાસી સમાજના આગેવાન તરીકે ઓળખાય છે.તેમનો મિલનસાર સ્વભાવ, સામાન્ય લોકો પ્રત્યેની લાગણી અને લોકહિતને પ્રાથમિકતા આપતી કાર્યપદ્ધતિને કારણે તેઓ જિલ્લામાં લોકપ્રિય બન્યા છે. છતાં કેટલાક વિઘ્નસંતોષી તત્વોએ તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા માટે સમગ્ર મુદ્દાને સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ તમામ અટકળો અને અફવાઓને ખોટી સાબિત કરતાં રાજેશભાઈ ગામીત જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે જાહેર થયા બાદ સીધા ડાંગ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અર્ધનારેશ્વર નાગ જ્યોતિર્લિંગ ખાતે પહોંચ્યા હતા.ત્યાં તેમણે પૂજ્ય અનેકરૂપી મહારાજના આશીર્વાદ મેળવી સમાજમાં એકતા અને સૌહાર્દનો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.એટલું જ નહીં, ડાંગ જિલ્લાના 311 ગામોમાં હનુમાનજી મંદિરોના નિર્માણ માટે જાણીતા પૂજ્ય પીપી સ્વામીના પણ આશીર્વાદ મેળવી તેમણે સાંપ્રદાયિક ઝેર ફેલાવનારાઓને મૌન જવાબ આપ્યો હતો.આ પ્રસંગે પૂજ્ય અનેકરૂપી મહારાજે રાજેશભાઈ ગામીતને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે ડાંગના દરેક વર્ગ સુધી વિકાસ પહોંચે અને સમાજમાં ભાઈચારો વધુ મજબૂત બને તે દિશામાં કાર્ય થવું જોઈએ. આ પ્રસંગે સ્પષ્ટ સંદેશ મળ્યો કે સાચા સંતો અને સમાજના આગેવાનો ક્યારેય વિભાજનની રાજનીતિને પ્રોત્સાહન આપતા નથી.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ ભાજપ માટે આવેલા વિષમ પરિણામો વચ્ચે મહત્વના હોદ્દાઓ માટે આંતરિક રાજકીય ખેંચતાણ પણ ચાલી રહી હતી. કેટલાક નેતાઓએ પોતાના માનીતા ઉમેદવારોને આગળ ધપાવવા માટે મોવડીમંડળ સુધી દોડધામ કરી હતી. ત્યારે રાજેશભાઈ ગામીતના નામ સામે ધાર્મિક મુદ્દો ઉભો કરવાનો પ્રયાસ રાજકીય નિરાશાનું પ્રતિબિંબ માનવામાં આવી રહ્યો છે. જોકે જનતા અને સંત સમાજના આશીર્વાદથી આવા તમામ પ્રયાસો પત્તાના મહેલ સમાન ધરાશાયી થયા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.આ અંગે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતે જણાવ્યું હતું કે, દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્રને અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વિકાસમાર્ગને આગળ ધપાવી ડાંગ જિલ્લાના દરેક વ્યક્તિ સુધી વિકાસનો લાભ પહોંચાડવા તેઓ પ્રતિબદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમાજને તોડવાની નહીં પરંતુ જોડવાની રાજનીતિ જ દેશ અને જિલ્લાના હિતમાં છે..

# સાળંગપુરધામમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે દર મંગળવારે "સંગીતમય સુંદરકાંડ પાઠ"



નરેન્દ્ર દવે જૂનાગઢ

સાળંગપુર તા.૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર – સાળંગપુરધામ દ્વારા પૂજ્ય શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન પવિત્ર અધિકમાસ નિમિત્તે હરિભક્તો માટે આધ્યાત્મિક આયોજન કરવામાં આવ્યું છે. સાળંગપુરધામમાં પવિત્ર અધિક માસ દરમિયાન દર મંગળવારના પવિત્ર દિવસે ભવ્ય 'સંગીતમય સુંદરકાંડ પાઠ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ભક્તિમય મહોત્સવ તા. ૧૭ મે થી ૧૫ જૂન, ૨૦૨૬ દરમિયાન દર મંગળવારે સંગીતમય સુંદરકાંડ પાઠ ધામધૂમથી ઉજવાશે. જે કોઈ સુંદરકાંડ મંડળ દ્વારા અહીં પાઠ કરાવવો હોય, તે તમામ હરિભક્તો અને મંડળોએ મંદિરનો સંપર્ક કરવાનો રહેશે. મંદિર તરફથી પાઠ કરનાર મંડળો માટે સાઉન્ડની ઉત્તમ વ્યવસ્થા નિઃશુલ્ક કરી આપવામાં આવશે.

# લોકસાહિત્યકાર રાજભાને નેસમાં વસવાટની મંજૂરી અપાતા વિવાદ : એક વિભાગના જ બે અલગ અલગ નિર્ણયથી આશ્ચર્ય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારીના તત્કાલિન ડીસીએફએ માલધારી તરીકે પરત ફરવા અંગેની અરજી ફગાવી હતી તેને વર્તમાન ડીસીએફએ મંજૂરી આપતા ઉઠતા સવાલ વનવિભાગના બે અલગ અલગ નિર્ણય સામે સવાલો ઉઠયા એક જ વિભાગ, બે અલગ નિર્ણયો કેમ? વર્ષ-૨૦૨૩માં ચાંચઈ ગામના સર્વે નંબરમાં જમીન આપી હોવાનો અને સરકારી લાભોનો ઉલ્લેખ કરીને વનવિભાગે ગીરમાં પ્રવેશ નકાયી હતો, તે જ વિગતો ૨૦૨૬ના પત્રમાં કેમ બદલાઈ ગઈ અથવા તેને કેમ નજરઅંદાજ કરવામાં આવી?, ૨૦૨૩ના પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો નવા લોકો માલઢોર ગીરમાં આવશેતો ઘાસની તીવ્ર અછત વર્તાશે અને સિંહ-દીપડા જેવા વન્યજીવો પર ખરાબ અસર પડશે. તો ૨૦૨૬માં આ પર્યાવરણીય ચિંતાઓ ક્યાં ગાયબ થઈ ગઈ? વનવિભાગના આ પરસ્પર વિરોધી વલણને કારણે હવે ગીરના માલધારીઓના પુનઃવસવાટની નીતિ પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.ધારી ગીર જંગલના લીલાપાણી નેસ વિસ્તારમાં જાણીતા લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ અગાઉ માલધારી તરીકે પરત ફરવા અરજી કરી હતી. જેને તત્કાલીન ડીસીએફએ નામજૂર કરી હતી. તાજેતરમાં ફરી અરજી કરતા ધારી ગીર પૂર્વના વર્તમાન ડીસીએફએ આ અરજી મંજૂર કરી રાજભા ગઢવી અને તેના કાકાને ફરી માલધારી તરીકે નેસમાં પરત આવવા અંગેની મંજૂરી આપી દીધી છે.

# રાજુલામાં એસ.ઓ.જી.નો મોટો દરોડો : ૫.૨૧૮ કિલો ગાંજા સાથે બે શખ્સ ઝડપાયા, ₹૨.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમરેલી એસ.ઓ.જી. ટીમે મોટી કાર્યવાહી કરતાં ગેરકાયદેસર રીતે ગાંજાનું વેચાણ કરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓના કબ્જાના ગેરેજમાંથી ૫ કિલો ૨૧૮ ગ્રામ સુકો ગાંજો તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૨,૬૯,૬૦૦નો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે.ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં નાર્કોટિક્સ પદાર્થોના ગેરકાયદેસર વેપાર અને હેરાફેરી અટકાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ ગુજરાતને નશામુક્ત બનાવવા માટે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે.ભાવનગર વિભાગના પોલીસ મહાનિરિક્ષક આર.વી. અસારી તથા અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ઈશરાણીની આગેવાનીમાં એસ.ઓ.જી. ટીમ રાજુલા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી બાતમીના આધારે "ગુડલક જમ્પર સર્વિસ" ગેરેજ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન નાજીમશા અહેમદશા પઠાણ અને ગૌતમકુમાર




દિલીપકુમાર ઝા પાસેથી ૫.૨૧૮ કિલો સુકો ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત અંદાજે રૂપિયા ૨,૬૦,૯૦૦ થાય છે. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલા આરોપીઓમાં નાજીમશા અહેમદશા પઠાણ (ઉ.વ.૨૯), રહે. ડોળીયાનો પટ્ટ, સરકારી ગોડાઉન પાછળ, રાજુલા તથા ગૌતમકુમાર દિલીપકુમાર ઝા (ઉ.વ.૩૭), હાલ રહે. કોહીનૂર હોટલ પાસે, રાજુલાનો સમાવેશ થાય છે. જ્યારે ઝારખંડના બિટ્ટુકુમાર નામના એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસે આરોપીઓ પાસેથી ગાંજાના જથ્થા ઉપરાંત બે મોબાઈલ ફોન, ડિજિટલ વજન કાંટો, બેગ અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨,૬૯,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.આ સમગ્ર કાર્યવાહી અમરેલી એસ.ઓ.જી. ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# જંગલની સરહદ પર ગેરકાયદે ખડકી દેવાયેલા રિસોર્ટ-હોટલને થાબડભાણાં : ગીરની ગોદમાં વનતંત્રની નજર હેઠળ હોટલ-રિસોર્ટનો રાફડો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રિઝર્વ ફોરેસ્ટની દીવાલ તોડી ગેરકાયદે રસ્તો, પ્રવાસન વિભાગે હોમસ્ટેનું લાયસન્સ રદ કર્યું છતાં હજુ બેરોકટોક ધમધમતો રિસોર્ટ ગીરનાં જંગલ અને એશિયાટિક સિંહોનાં સંરક્ષણના દાવાઓ વચ્ચે કેટલાંક સ્થળે ખુલ્લેઆમ ગેરકાયદેસર રિસોર્ટ અને હોટલોનો રાફડો ધમધમી રહ્યો છે, જેના કારણે સિંહ સહિતના વન્ય પ્રાણી ઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. આ પૈકી, અમરેલી જિલ્લાના ધારી તાલુકામાંથી સરકારી તંત્રની મિલીભગતનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં વનતંત્રની મીઠી નજર હેઠળ જંગલની બોર્ડર પર ભાજપના પ્રીતિપાત્ર એવા એક નિવૃત્ત કર્મચારીની હોટલ ગેરકાયદે ધમધમતી હોવા છતાં તંત્ર કોઈ પગલાં ભરતું નથી. આ હોટલના સંચાલકો સત્તાધારી ભાજપની નજીકના છે. હોટલમાં અવારનવાર ભાજપની રાજકીય મીટિંગો પણ યોજાય છે. આ જ કારણે સ્થાનિક મામલતદાર કે વન વિભાગના ઊચ્ચ અધિકારીઓ આ ખુલ્લી ગેરરીતિ સામે પગલાં લેતા થથરી રહ્યા છે. અગાઉ જંગલનો રસ્તો ગેરકાયદેસર વાપરવા બદલ આ હોટલને દંડ ફટકારાયો હતો અને ગુનો પણ દાખલ થયો હતો. એટલું જ નહીં, પ્રવાસન વિભાગને ગેરમાર્ગે દોરીને મેળવેલું હોમ સ્ટેનું લાયસન્સ પણ ગેરકાયદે હોવાનું સામે આવતાં વર્ષ ૨૦૨૫માં પ્રવાસન વિભાગે તે રદ કરી નાખ્યું છે.ધારીના ખીચા પાસે રિઝર્વ ફોરેસ્ટની જમીનને રહેણાક હેતુ માટે બિનખેતીની મંજૂરી બાદ શરતોનું ઉલ્લંઘનધારી તાલુકાના ખીચા ગામની રિઝર્વ ફોરેસ્ટ જમીનને અડીને આવેલી સર્વે નંબર ૧૮૪ની ૯, ૩૫૮ ચોરસ મીટર જમીનને વર્ષ ૨૦૧૮માં તત્કાલીન કલેક્ટર દ્વારા માત્ર રહેણાક હેતુ માટે બિનખેતી કરવાની મંજૂરી આપવામાં આવી હતી. વનતંત્રના અભિપ્રાય સાથે આ મંજૂરી આપતી વખતે અલગ-અલગ ૩૪ જેટલી આકરી શરતો રાખવામાં આવી હતી, પરંતુ આજે આ રહેણાંક હેતુની જમીન પર તમામ કાયદાઓને ઘોળીને પી જઈને લીનીયા નામની આલીશાન ગેરકાયદેસર હોટલ અને રિસોર્ટ ધમધમી રહ્યો છે.

# ગિરના સિંહોમાં બેબીસીયાનો રોગચાળો : ૮ વર્ષ પૂર્વે ૨૩ સાવજો જેનો ભોગ બનેલા એ બિમારી સામે વનવિભાગ હાઈએલર્ટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ




એશિયાટિક સિંહોનું એકમાત્ર ઘર એટલે ગિર અને હાલ ગિરના સિંહો ફરી એકવાર જીવલેણ ગણાતી ગંભીર બીમારીમાં સપડાયા છે. જે રીતે ૨૦૧૮ માં બેબીસીયા નામના રોગે વનવિભાગની ઊંઘ ઉડાડી દીધી હતી, તેવી રીતે આઠ વર્ષ પછી ફરીથી આવા રોગે ફરીથી સિંહોમાં દેખા દીધી છે. મળતા અહેવાલ અનુસાર ગિર પશ્ચિમ અને ગીર પૂર્વે વનવિભાગની બોર્ડર પર સિંહોના ગ્રુપમાં આ રોગથી અનેક સિંહોના મોત થયાનું સામે આવ્યું છે. આ વાતને વનવિભાગના પીસીસીએફ જયપાલસિંથે 'સંદેશ" સાથેની વાતચીતમાં કહ્યું કે, બેબીસીયા રોગથી ત્રણ સિંહબાળ સહીત પાંચ સિંહના મોત થયાની પુષ્ટિ થયેલ છે, અને અન્ય સિંહોના સંરક્ષણ માટે સતત મોનીટરીંગ રાખવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં અમરેલી જિલ્લામાં ગત સિંહોની ગણતરીમાં સૌથી વધુ સિંહ નોંધાયા છે. અહીં સિંહોમાં ફરી ભેદી રોગચાળાને દહેશત ઉભી કરી દીધી છે. અહીના ગીર પશ્ચિમ અને ધારી ગીર પૂર્વેમાં અનેક સિંહબાળ સહિતના સિંહોના મોત થયાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે જશાધાર રેંજના ગીર ગઢડા બોર્ડર પર એક જ દિવસમાં બે સિંહના ભેદી રોગથી મોત થયાનું સામે આવ્યું છે. ત્યારે વનવિભાગ દ્વારા ૨૦૧૮ બાદ ફરીથી બેબીસીયા રોગના વાયરલને જોઈને સતર્ક બન્યું છે. અને તાકીદે સિંહોને બચાવવા માટે અશક્ત અને નબળા સિંહોને પકડી ઓબ્ઝર્વેશનમાં રાખવા માટે રેસ્ક્યુ કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. સાથે સિંહોના સેમ્પલ પણ લેવામાં આવી રહ્યા છે

સરસીયા રેંજ નીચેના ધારીના ઝર ગામના રેવન્યુ વિસ્તારમાંથી વનવિભાગ ૮ સિંહોના આખા ગ્રુપને પાંજરે પૂર્યાં આવ્યા છે. અને જશાધાર એનીમલ કેર ખાતે સિંહોના ગ્રુપને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. ત્યારે છેલ્લા એક માસમાં ગીર પશ્ચિમ અને ગીર પૂર્વે વિસ્તારમાં અનેક સિંહોના મોત થયાના સમાચાર મળી રહ્યા છે. જેને પગલે વનવિભાગ દોડતું થયું છે. ત્યારે જશાધાર રેંજ ગીર પશ્ચિમની બોર્ડર પર નવા બંદર રાઉન્ડમાં એક જ દિવસમાં બે સિંહના મોત થતા વનવિભાગે અહીં અન્ય સિંહોના સેમ્પલ લેવાની પ્રક્રિયા શરુ કરી છે.

આખા ગ્રુપને પાંજરે પૂરી એનીમલ ડોકટરો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સાથે લીલીયા, સાવરકુંડલા પણ એકાદ મહિનામાં બીમારીને લીધે અશક્ત સિંહબાળના મોત થયા છે. આ અંગે પીસીસીએફ જયપાલસિંહનો સંપર્ક કર્યો ત્યારે તેમણે પણ આ વાતને સમર્થન આપતા કહ્યું કે, ત્રણ સિંહ બાળ સહીત પાંચેક જેટલા સિંહોના મોત થયાનું સામે આવ્યું છે, તેમના મોત પાછળ બેબીસીયા રોગ હોવાનું માનવામાં આવે છે. જેને લઈને વનવિભાગ તથા સિલો પર સતત મોનીટરીંગ કરીને હેલ્થ બાબતે જે કાઈ કરવું પડે તે તમામ કામગીરી કરી રહી છે. જો કે આ અંગે જૂનાગઢ સીએફ અને ગીર પૂર્વના ડીસીએફનો સંપર્ક કરતા તેઓએ ફોન રીસીવ કરવાનું ટાળ્યું હતું.

વાઈલ્ડ લાઈફ હેલ્થ મોનીટરીંગ પ્રક્રિયા ચાલી રહી છે : DCF ગીર પશ્ચિમ

જૂનાગઢ : ગીર પશ્ચિમના ડીસીએફ પ્રશાંત તોમરે જણાવ્યું કે, હાલ પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત વનવિભાગ દ્વારા વાઈલ્ડ લાઈફ હેલ્થ મોનીટરીંગ પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં ફિલ્ડમાં અસ્વસ્થ જણાતા સિંહોનું હેલ્થ ચેકઅપ કરવું તે રૂટીન પ્રક્રિયા છે, અને હાલ વેટરનરી સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. અમુક સિંહ ગ્રુપમાં હોય તો આખા ગ્રુપને ઓબ્ઝર્વેશનમાં રાખવા પડે છે.

૨૦૧૮ માં સિંહોના મોત મામલે અમેરિકાથી વેક્સિન મંગાવાઈ હતી જૂનાગઢ : ૨૦૧૮ માં જ્યારે ગીરના દલખાણીયા તાબાના સરસિયા રેન્જમાં વસવાટ કરતા તમામ સિંહો પર જીવનું જોખમ આવ્યું હતું, તેને લઈને વનવિભાગે લંડન ઝુ અને રોયલ વેટરનરી કોલેજના નિષ્ણાતોનો સંપર્ક કરીને માર્ગદર્શન માગ્યું હતું. બેબીસીયા વાયરસનું પ્રમાણ રોકવા માટે અમેરિકાથી ખાસ વેક્સિન મંગાવવામાં આવી હતી. અને સિંહોને સારવાર આપવામાં આવી હતી. તે સમયે મૃત્યુ પામેલ ૨૩ સિંહો પૈકી ૧૦ કેસમાં બેબીસીયા નામક પ્રોટો અને ૪ સિંહોમાં વાયરસની ઉપસ્થિત જોવા મળી હોવાનું વનવિભાગે જાહેર કર્યું હતું.

બેબેસિયા રોગચાળો શું છે ?

જૂનાગઢ : બેબેસિયાએ એક ગંભીર અને જીવલેણ રોગ છે, જે બેબેસિયા નામના પરોપજીવી (પ્રોટોઝોઆ) દ્વારા થાય છે. આ રોગ મનુષ્યોની સાથે પશુઓ અને વન્યજીવોમાં જોવા મળે છે. મેલેરિયા રોગની જેમ જ, આ પરોપજીવીઓ શરીરમાં દાખલ થઈને લોહીના લાલ રક્તકણો પરસીધો હુમલો કરે છે અને તેનો નાશ કરે છે. લાલ રક્તકણો તૂટવાને કારણે શરીરમાં ગંભીર લોહીની ઉણપ (એનિમિયા) સર્જાય છે રોગચાળો કઈ રીતે ફેલાય છે.જૂનાગઢ : આ રોગ મુખ્યત્વે ચેપી બગાઈ (Tick / ઈતરડી) ના કરડવાથી ફેલાય છે. જ્યારે ચેપી બગાઈ કોઈ સ્વસ્થ પ્રાણી કે મનુષ્યને કરડે છે, ત્યારે તેના લાળ વાટે આ પરોપજીવી સીધા લોહીના પ્રવાહમાં ભળી જાય છે અને ઝડપથી વૃદ્ધિ પામે છે. વન્યજીવો, ખાસ કરીને સિંહો અને દીપડાઓ માટે આ રોગ અત્યંત ઘાતક સાબિત થાય છે. જંગલમાં વન્યજીવો ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારમાં રહેતા હોવાથી તેમના શરીર પર બગાઈ સરળતાથી ચોંટી જાય છે.

## લશ્કરી અને પોલીસ ભરતી પૂર્વે બૃહદ બનાસકાંઠાના યુવાનો માટે એક માસના નિ:શુલ્ક નિવાસી તાલીમ વર્ગો યોજાશે

પાલનપુર | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર (બનાસકાંઠા) દ્વારા લશ્કરી, અર્ધ લશ્કરી, પોલીસ ફોર્સ તેમજ સિક્યુરિટી ગાર્ડમાં જોડાવા ઈચ્છુક બનાસકાંઠા તેમજ વાવ-થરાદ વિસ્તારના માત્ર પુરુષ ઉમેદવારો માટે ભરતી પૂર્વેના એક માસના વિનામૂલ્યે નિવાસી તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા યુવાનોને પ્રોત્સાહન આપવાના આશયથી આગામી દિવસોમાં આવા કુલ-૦૫ (પાંચ) નિવાસી તાલીમ વર્ગો યોજાનાર છે.

સંતરામપુર ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી. લટાના અધ્યક્ષસ્થાને તાલુકા 'સ્વાગત' કાર્યક્રમ યોજાયો.....

# રજૂ થયેલા ૬ પ્રશ્નોમાંથી ૫ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ લાવી અરજદારોને સંતોષ પૂરો પાડતું જિલ્લા વહીવટીતંત્ર.....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

નાગરિકોના પડતર પ્રશ્નો અને રજૂઆતોનો સ્થાનિક કક્ષાએ જ ઝડપી અને પારદર્શી રીતે ઉકેલ આવે તે હેતુથી રાજ્ય સરકારના લોકાભિમુખ 'સ્વાગત' (SWAGAT) કાર્યક્રમ અંતર્ગત આજરોજ સંતરામપુર તાલુકાનો સ્વાગત કાર્યક્રમ મામલતદાર કચેરી, સંતરામપુર ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મહીસાગર જિલ્લા નિવાસી અધિક કલેક્ટર શ્રી સી. વી. લટાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી. લટાએ સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત અરજદારોને રૂબરૂ સાંભળ્યા હતા અને તેમના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવીને સંબંધિત વિભાગોના અધિકારીઓને સત્વરે ઉકેલ લાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આજરોજ યોજાયેલા આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો તરફથી કુલ ૬ જેટલી અરજીઓ અને રજૂઆતો કરવામાં આવી હતી.

જેમાંથી સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે હકારાત્મક ચર્ચા-વિચારણા કરીને ૬ પૈકી ૫ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. પોતાના પ્રશ્નોનું વહીવટીતંત્ર દ્વારા ત્વરિત અને હકારાત્મક નિવારણ આવતા અરજદારોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સંતરામપુર વિવિધ વિભાગોના તાલુકા કક્ષાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને અરજદારોના પ્રશ્નોના નિવારણમાં સહભાગી બન્યા હતા.

# દાહોદ કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમ દ્વારા લીમખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને CMTC સેન્ટરની આકસ્મિક મુલાકાત

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા મથકે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા CMTC સેન્ટરની જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમ દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં આપવામાં આવતી આરોગ્ય સેવાઓ, દર્દીઓ માટેની સારવાર વ્યવસ્થા, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા તેમજ દર્દીઓને મળતી સુવિધાઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરશ્રીએ હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈને દર્દીઓ તથા તેમના પરિવારજનો સાથે સીધી વાતચીત કરી સારવાર અને સુવિધાઓ અંગે પ્રતિસાદ મેળવ્યો હતો. ઉપરાંત હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો, નર્સિંગ



સ્ટાફ અને આરોગ્ય કર્મચારીઓ સાથે ચર્ચા કરી આરોગ્ય સેવાઓ વધુ અસરકારક અને જનકેન્દ્રિત બને તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

CMTC સેન્ટર ખાતે કુપોષિત બાળકોને આપવામાં આવતી સારવાર, પોષણયુક્ત આહાર અને દેખરેખની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બાળકોના આરોગ્યમાં સુધારો લાવવા માટે માતા-પિતાને યોગ્ય પોષણ અને આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવતું હોવાની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ આરોગ્ય સેવાઓમાં ગુણવત્તા જળવાઈ રહે, દર્દીઓને સમયસર અને શ્રેષ્ઠ સારવાર મળે તેમજ હોસ્પિટલમાં સ્વચ્છતા અને સુવિધાઓમાં સતત સુધારો થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.આ મુલાકાત દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબો તેમજ હોસ્પિટલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ લાવતા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા

# જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં દેવગઢ બારિયા ખાતે યોજાયો તાલુકા સ્વાગત કાર્યક્રમ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દેવગઢબારિયા મામલતદાર કચેરી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ અધિક્ષક શ્રી એ દેવગઢબારિયા મામલતદાર કચેરીએ અરજદારના પ્રશ્નો સાંભળ્યા હતા. આ પ્રશ્નોનો પોલીસ અધિક્ષક શ્રી દ્વારા સુખદ ઉકેલ લાવવામા આવ્યો હતો.

જેમાં અરજદારોએ જમીન માપણી ,પીવાના પાણીના પ્રશ્નો, રસ્તાના સમારકામ,સહિતના અન્ય પ્રશ્નો સાથે અરજદારો રજૂઆત હતી.જિલ્લા પોલીસ




અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા એ અરજદારના પ્રશ્નોને સાંભળ્યા બાદ આ બાબતે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપ્યા હતા. અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ મળતા તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમનો આભાર માન્યો હતો.

સાથે ગામજનો જોડે ગામના વિકાસમાં સહભાગી થવા માટે જણાવાયું હતું. સાથે ગામજનોની દરેક સમસ્યાનું વહેલી તકે નિવારણ આવે તે માટે અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

આ દરમિયાન લીમખેડા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ક્લાસવા, દેવગઢ બારિયા મામલતદાર શ્રી સમીર પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી રાજપૂત, તાલુકા વિકાસ અધિકારી શ્રી, સહિત તાલુકા સંકલનના અધિકારી શ્રીઓ,કર્મચારી શ્રીઓ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દીકરીને શા માટે તાલીમ જરૂરી છે?

આજની વાસ્તવિકતા: ચીસ પાડીને કોઈ નહીં આવે

સવારે છાપુ ઉઘાડો એટલે પહેલું પાનું લાલ. '6 વર્ષની બાળકી પર દુષ્કર્મ', 'કોલેજ જતી યુવતીની છેડતી', 'નોકરીએ જતી દીકરી લાપતા'. આ સમાચાર નથી, આ આપણા સમાજનો આયનો છે. અને આ આયનામાં આપણી દીકરીનો ચહેરો ડરેલો દેખાય છે.

આજે દીકરી ઘરેથી નીકળે ત્યારે મા-બાપના જીવ તાળવે ચોંટે. સ્કૂલ બસમાં સીસીટીવી છે કે નહીં? ટ્યુશનથી મોડું થાય તો ફોન કર્યા કરે. રાત્રે 8 પછી દીકરી બહાર હોય તો આખો પરિવાર જાગતો હોય. શા માટે? કારણ કે આપણે જાણીએ છીએ કે ચીસ પાડે તો સાંભળનારું કોઈ નથી.

તો સવાલ એ છે: દીકરીને તાલીમ શા માટે?

1. કારણ કે પોલીસ ઘટના બને પછી આવે છે, પહેલા નહીં.

જ્યારે ખોટો હાથ અડે ત્યારે 100 ડાયલ કરવાનો સમય નથી હોતો. એ સમયે કામ આવે છે તલવારનો એક ઘા, કરાટેનો એક પ્રહાર. સ્વરક્ષણ એ દીકરીનો પહેલો પોલીસ કોન્સ્ટેબલ છે.



નંદની વાસાણી
દેશલપર, ભુજ

2. કારણ કે 'બેટા, ઘરે રહેજે' એ ઉકેલ નથી.

દીકરીને પાંજરામાં પૂરીને આપણે સુરક્ષિત સમાજ નથી બનાવી શકતા. સમાજને સુરક્ષિત બનાવવો હોય તો દીકરીને પાંખો આપવી પડે. અને પાંખોમાં તાકાત જોઈએ - શિક્ષણની અને શસ્ત્રની બંનેની.

3. કારણ કે ઈજ્જત બચાવવા ડિગ્રી કામ નથી આવતી.

MA, PhD, CA - બધી ડિગ્રીઓ નોકરી અપાવશે, માન અપાવશે. પણ રસ્તામાં કોઈ હેવાન સામે આવે ત્યારે કામ આવશે રાયફલની નિશાની, દંડનો ફટકાર. કલમની સાથે તલવારની ધાર પણ જરૂરી છે.

4. કારણ કે દીકરી અબળા નથી, આપણે એને અબળા બનાવી છે.

બિંદી-ચૂડી પહેરાવીને આપણે કહ્યું 'તું નાજુક છે'. પણ ભૂલી ગયા કે એ જ દીકરીના રૂપમાં દુર્ગા મહિષાસુરને મારે છે, કાલી રક્તબીજનો નાશ કરે છે. આજે જરૂર છે એ આદિશક્તિને જગાડવાની.

નિષ્કલંકી ધામથી શરૂઆત

એટલે જ 27 થી 31 મે 2026 સુધી નખત્રાણાની નિષ્કલંકી ધામમાં 'જાગ આદિશક્તિ - સક્ષમ 2026' શિબિર યોજાઈ રહી છે. અહીં દીકરીને શીખવાડવામાં આવી રહ્યું છે કે નજર બગાડે એની સામે નજર મિલાવીને ઊભા કેમ રહેવાય. હાથ અડે તો હાડકા ખોખરા કેમ કરાય.

છેલ્લી વાત:

દીકરીને સોનું-ચાંદી આપો એના કરતા હિંમત આપો. દહેજમાં વાસણ આપો એના કરતા તલવાર આપો. કારણ કે દીકરી જ્યારે કાલી બનશે, ત્યારે જ આ બ્રહ્માંડ ધ્રુજશે, અને ત્યારે જ સમાજ સુધરશે.

યાદ રાખો: સશક્ત દીકરી એ જ સુરક્ષિત સમાજનો પાયો છે.

એક આશાસ્પદ પહેલ: 'જાગ આદિશક્તિ - સક્ષમ 2026'

આ દિશામાં એક સકારાત્મક પગલું લેતા, ૨૭ થી ૩૧ મે ૨૦૨૬ સુધી નખત્રાણાના નિષ્કલંકી ધામમાં 'જાગ આદિશક્તિ - સક્ષમ ૨૦૨૬' શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં દીકરીઓને નજર બગાડનારની સામે આંખમાં આંખ મેળવીને ઊભા રહેવાનું અને વિપરીત પરિસ્થિતિમાં સામનો કરવાનું કૌશલ્ય શીખવવામાં આવી રહ્યું છે.

# જૂનાગઢ શહેરને મળશે મોટી રાહત: રેલવે બોર્ડ દ્વારા ગ્રોફેડ ખાતે નવા મીટર ગેજ સ્ટેશનને મંજૂરી; સમપાર ફાટકો પરના દૈનિક ટ્રાફિક જામમાંથી મળશે મુક્તિ

જૂનાગઢ શહેરના નાગરિકોને લાંબા સમયથી ચાલી આવતી ટ્રાફિક સમસ્યામાંથી મોટી રાહત મળવાની છે. રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળના વિસાવદર-જૂનાગઢ મીટર ગેજ સેક્શનમાં ગ્રોફેડ વિસ્તારમાં નવા મીટર ગેજ સ્ટેશનના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.શહેરની વચ્ચેથી પસાર થતી મીટર ગેજ લાઈન કાયમી રીતે બંધ થશે આ પ્રોજેક્ટની સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ગ્રોફેડ સ્ટેશન શરૂ થયા બાદ ગ્રોફેડ અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચેનો આશરે 4.2 કિમી લાંબો મીટર ગેજ રેલખંડ કાયમી રીતે બંધ કરી દેવામાં આવશે. હાલમાં આ રેલખંડ શહેરના ઘનવસ્તીવાળા વિસ્તારમાંથી પસાર થાય છે અને તેના કારણે 7 સમપાર ફાટકો લાંબા સમય સુધી બંધ રહેતા હોવાથી સમગ્ર શહેરમાં ગંભીર ટ્રાફિક જામ સર્જાય છે. નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ શહેરની અંદરના તમામ 7 સમપાર ફાટકો દૂર થઈ જશે, જેના કારણે જૂનાગઢ શહેરને લાંબા સમયથી ચાલી રહેલી ટ્રાફિક સમસ્યામાંથી કાયમી રાહત મળશે. નાગરિકોને થતા મુખ્ય લાભો ટ્રાફિક જામમાંથી રાહત મીટર ગેજ લાઈન બંધ થતાં શહેરની અંદરના તમામ 7 સમપાર ફાટકો દૂર થઈ

**અતુલ કુમાર ત્રિપાઠી**
**વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક**
**પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ**

જશે. તેના કારણે નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ, ઓફિસ જતાં કર્મચારીઓ તેમજ તાત્કાલિક સેવા વાહનોને વારંવાર થતા ટ્રાફિક જામમાંથી રાહત મળશે. ઘનવસ્તીવાળા વિસ્તારમાં આવેલા 7 સમપાર ફાટકો દૂર થતાં માર્ગ અને રેલવે અકસ્માતોની શક્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. સમપાર ફાટકોના સંચાલન અને જાળવણીમાં લાગેલા રેલવે કર્મચારીઓને અન્ય કામગીરીમાં વધુ અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાયશે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નવા ગ્રોફેડ સ્ટેશન અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચે ઈ-બસ સેવા શરૂ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે, જેથી મીટર ગેજ મુસાફરોને બ્રોડ ગેજ ટ્રેનો અને શહેરના અન્ય વિસ્તારો સાથે સરળ જોડાણ મળી રહેશે. હાલના જૂનાગઢ સ્ટેશન પર મીટર ગેજ કામગીરી બંધ થયા બાદ ઉપલબ્ધ થતી જમીનનો ઉપયોગ બ્રોડ ગેજ યાર્ડ અને અન્ય કામગીરી સંબંધિત સુવિધાઓના વિસ્તરણ માટે કરવામાં આવશે. રેલવેની આ પહેલ કામગીરીની જરૂરિયાત અને નાગરિક સુવિધા – બંને વચ્ચે સંતુલન સ્થાપિત કરતું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આથી માત્ર શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો નહીં થાય, પરંતુ જૂનાગઢના શહેરી વિકાસને પણ નવી દિશા મળશે.

# દિલ્હીના વગદાર લોકોની ક્લબ દિલ્હી જીમખાનાને તાળા વાગશે

દિલ્હીના રાજકીય સર્કલમાં સૌથી વધુ ચર્ચાતો મુદ્દો કોકરોચ પાર્ટી નથી પણ દિલ્હી જીમખાના ક્લબને તાત્કાલીક બંધ કરવી પડે તેવી સ્થિતિ કેવી રીતે ઉભી થઇ તે મુદ્દો ચર્ચા છે. ૩ જુલાઇ ૧૯૧૩માં શરૂ કરાયેલ અને જેની મેમ્બરશીપ ફી ૧૮થી ૩૦ લાખ સુધીની છે તે દિલ્હી જીમખાના ક્લબને તાળા મારવા પડે એવી સ્થિતિ આવી છે. જે ક્લબના સભ્ય બનવા ૩૭ વર્ષની રાહ જોવી પડે છે તે ક્લબને શરૂઆતથીજ ૨૭.૫ એકર જમીન કાયમી લીઝ પર ફાળવવામાં આવી હતી પરંતુ હવે સલામતીના કારણોસર કેન્દ્ર સરકાર તે જમીન પરત માંગી રહી છે અને પાંચ જુન સુધીમાં ક્લબની જગ્યા ખાલી કરવાની નોટિસ આપી છે.

દિલ્હી જીમખાના ક્લબ દિલ્હીની બહુ પ્રતિષ્ઠીત ક્લબ છે. આઝાદી પહેલાં તેની આગળ ઈમ્પીરીયલ લખાતું હતું પરંતુ આઝાદી બાદ ઈમ્પીરીયલને હટાવી દેવાયું હતું. દિલ્હી જીમખાનાના સભ્ય હોવું એમાં પૈસો મહત્વનો નથી હોતો પણ પ્રતિષ્ઠા વધતી હોય છે. તેના સભ્યોમાં ૪૦ ટકા સિવિલ સર્વન્ટ, ૪૦ ટકા ડિફેન્સ સર્વિસ અને ૨૦ ટકા અન્યોને સભ્યપદ આપવાની પ્રથા છે. સભ્યોના પુખ્ત વયના સંતાનોને પ્રવેશ માટે ગ્રીન કાર્ડ અપાતા હતા પરંતુ તેમાં સગાવાદનો આક્ષેપ થતા તે સિસ્ટમ બંધ કરવી પડી હતી. દિલ્હીની જીમખાના ક્લબ હકીકતે વગદારોનો અડ્ડો બની ગઇ હતી.

દિલ્હી જીમખાનાના વહિવટકારો હવે તાત્કાલીક કેન્દ્ર સરકાર સાથે બેઠક કરવા માંગે છે કેમકે તેમની પાસે વગદાર સભ્યો છે અને દરેક એમ માને છે કે સરકાર તેમને પૂછ્યા વગર ક્લબની જમીન પાછી લઇ શકે નહીં. સમસ્યા એ પણ છે કે ક્લબમાં કામ કરતા ૬૦૦ કર્મચારીઓની નોકરી છીનવાઇ જવાની છે. દિલ્હીના વગદાર લોકો જ્યાં સભ્ય છે તે ક્લબના આર્કિટેક રોબોર્ટ ટોર રસેલ હતા જેમણે તીનમૂર્તિ હાઉસ અને કોનોટ પેલેસની પણ ડિઝાઇન કરી હતી. પાંચ જુન પહેલાં ૨૭.૩ એકર જગ્યા સરકારને પરત કરવાની નોટીસ પાછળનું કારણ સરકારે ડિફેન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માંગે છે તેમજ પ્રજાની સલામતી માટેનું કારણ પણ બતાવ્યું છે.

ક્લબે તેના સભ્યોને લખ્યું છે કે લેન્ડ એન્ડ ડેવલોપમેન્ટ ઓફિસ તરફથી ૨૨ મેના રોજ પત્ર મળ્યો છે જેમાં સફદરગંજ રોડ ખાતેની જગ્યા પરત આપવાનું કહ્યું છે.કેન્દ્ર સરકારે ક્લબને સ્પષ્ટ કહ્યું છેકે ક્લબની જમીનની સરકારને સલામતીના કારણોસર સખત જરૂર છે. ક્લબની જમીન વડાપ્રધાનના નિવાસની નજીક છે તેમજ તેની ફરતે ડિફેન્સ ખાતાની મહત્વની ઓફિસો છે. સરકારના આદેશ અનુસાર ૨૭.૩ એકર જમીન પરના બાંધકામ લોન તેમજ અન્ય સ્ટ્રક્ચર સાથે જમીન આપવાની રહેશે. ક્લબને એમ પણ કહેવાયું છેકે શાંતિથી અને વિવાદ વગર જમીન સરકારને હસ્તક કરી દો નહીંતર પાંચ જુને અમે કબજો લઇ લઇશું.

# કરકસરની ઘર ઘરમાં ઘર-અસર

તેલ જુઓ તેલની ધાર જુઓ... તેલ કા ખેલ દેખો... તેલની મચી છે ધૂમ અને તેલ ખાતર દબાવે છે એકમેકની દૂમ... જહાં તેલ હૈ વહાં મેલ હૈ... આવાં આવાં તેલિયા વાક્યો મનોમન મમળાવતો હું પથુકાકાને ઘરે પહોંચ્યો ત્યારે ઘરની અંદરનો નઝારો જોઈને નવાઈ લાગી. પથુકાકા હિંચકે બેસીને સાવ કોરા બટેટા પૌઆ ખાતા હતા અને (હો) બાળાકાકી માથામાં તેલ તકતકાવીને બેઠા હતા.

મેં પૂછ્યું 'કાકા આમ સાવ કોરા પૌઆ કેમ ખાવ છો?' કાકાએ જવાબ આપ્યો આ તારી કાકી કહે છે કે તેલની બચત કરવાની છે,એટલે કોરા પૌઆ ખવડાવે છે મને.'

મેં કહ્યું 'તમને કોરા પૌઆ ખવડાવી તેલની બચત કરે છે, અને કાકી પોતે કેમ તેલ તકતકાવીને બેઠા છે?' પથુકાકા બોલ્યા કે એ તો એવું જ ચાલે છે ભાઈ, નિયમનો અમલ બીજાએ જ કરવાનો હોય પોતે નહીં.'

મેં (હો) બાળાકાકીને હસતાં હસતાં કહ્યું કે 'આમ માથે તેલ તકતકાવીને બેસો નહીં, ક્યાંક ઓલો ટ્રમ્પુ દાદો છે ને ઈ મિસાઈલ છોડી માથું ઉડાડી દેશે હો? ઈ રોયો તેલ જોઈને ભૂરાંટો થાય છે ભૂંરાટો.'

પથુકાકા બોલ્યા કે 'હું પણ તારી કાકીને સલાહ આપું છું કે આમ તેલ તકતકાવ નહીં, તેલની બચત કરતા શીખ. પણ તારી કાકી માનતી જ નથી, ઈ એક જ પૂછડું પકડીને બેઠી છે કે તેલ પેટમાં ઓછું જવું જોઈએ, બાકી માથાને પૂરતું તેલ પીવડાવવું જોઈએ તો જ મગજ દોડેને?'

અમારી ચર્ચા સાંભળીને કંટાળેલા (હો) બાળાકાકી તાડૂક્યા કે 'આમ શું નવરા બેઠાં વાતોના વડા કરો છો?' કાકા બોલ્યા 'અમે વાતોના વડા નથી કરતા, અમે તો વડાની વાતું કરીએ છીએ, દેશના વડાએ સલાહ આપી છે ને કે કરકસર કરો, તેલ ઓછું વાપરો એટલે અમે વડાની વાતુ કરીએ છીએ.'

મેં કહ્યું કે 'સરકાર જે જે રાજ્યમાં ચૂંટણી હોય ત્યાં ત્યાં નાણાંની કોથળીના મોઢા ખુલ્લાં મૂકી દે અને ચૂંટણી પતે એટલે પાડાને વાંકે પખાલીને ડામ એ ન્યાયે કરકસરની સલાહ આપે અને મોંઘવારી વધારીને વસૂલી કરે. હમણાં પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, આસામ અને કેરળમની ચૂંટણી યોજાઈ એ દરમ્યાન કરકસરની કોઈ વાત ન કરી, જેવી ચૂંટણી પતી અને બે રાજ્યોમાં જીત્યા એટલે પછી શરૂ કર્યું કરકસર પુરાણ, બરાબરને?'

પથુકાકા બોલ્યા આ કેવું છે ખબર છે?આપણી સોસાઈટીમાં રહેતો રંગીલો રમેશ જ્યારે મુંબઈમાં ડાન્સબાર ધમધમતા ત્યારે આખી રાત બાર ડાન્સરો પર પૈસા ઉડાડતો. ચાપ્ટર બાર ડાન્સરો રમેશ રંગીલાના પૈસા ખંખેરવા માટે લટકા-ઝટકા દેખાડતી જાય અને કહેતી જાય રંગીલા તુને મેરા દિલ જીત લીયા... આવું આવું મીઠું મીઠું બોલે અને વહેલી સવારે પૈસા ખાલી થઈ જાય એટલે રમેશ રંગીલો એ જ માનીતી બાર ડાન્સર પાસેથી ઉધાર બસો રૂપિયા લઈ ટેક્સીમાં ઘરભેગો થાય. એટલે આવો જ ખેલ ચૂંટણીમાં જોવા મળે છે. ચૂંટણીમાં પૈસા ઉડાડવાના અને ખજાનો ખાલી થઈ જાય એટલે પ્રજા પાસૈથી પૈસા વસૂલવાના ટૂંકમાં પહેલાં ઊડાડે અને પછી બુડાડે...

મેં કહ્યું 'એક વર્ષ સુધી સોનું નહીં ખરીદવાનું એવી વડાશ્રીએ સલાહ આપી છે ખબર છેને?' પથુકાકા બોલ્યા અરે મારા રાજ્જા એક વર્ષની ક્યાં વાત કરવી? આવતા સો વર્ષ સુધી સોનું ખરીદવાની આપણી જેવાં લોકોની ત્રેવડ નથી બોલ. હજી થોડા દિવસ પહેલાં સોનું ખરીદવાની મારી ત્રેવડ નહોતી ત્યારે મને ખરેખર લાગી આવતું હતું, હું મારી જાતને કડકો ગણી કોસતો હતો, પણ જ્યારથી એક વર્ષ સોનું નહીં ખરીદવાની સલાહ અપાઈ ત્યારથી હું મારી જાતને દેશભક્ત ગણું છું બોલ!'

મેં કાકાને પૂછ્યું કે 'ગયા મહિને કાકી પિયર ગયા ત્યારે રાત્રે તમારા ઘરમાં ચોર ઘૂસ્યો હતો એ થોડું ઘણું સોનું તફડાવી ગયો હશેને?' કાકા ખડખડાટ હસીને બોલ્યા કે 'અરે ભાઈ બળબળતા ઉનાળાની રાતે હું પહેલા માળના ઘરની બાલકનીનું બારણું ઉઘાડું રાખી સૂતો હતો. મધરાતે દોઢ વાગ્યે ચોર ઘૂસ્યો. મારી પાસે આવી ઢંઢોળીને મને જગાડયો અને બોલ્યો સોના કિધર હૈ... સોના કિધર હૈ... મેં અડધી ઊંઘમાં કહ્યું જીધર ભી સોના હૈ તકિયા લેકે સો જાવ... મુઝે કયા પૂછતે હો? સોના હૈ ઉધર સો જાવ... મારો જવાબ સાંભળી ગીન્નાયેલો ચોર મને એક લાત મારી જતા જતા કહેતો ગયો કે અબે કડકે તેરે ઘર મેં કયા ચોરી કરૂં... બસ સો જા આટલું બોલી પાઈપ વાટે સડસડાટ ઉતરીને નાસી ગયો.'

મને તો પક્ષીની જેમ ઉડાઉડ કરતા વિપક્ષી અને સત્તાપક્ષી નેતાઓ કેવાં જમીન પર આવી ગયા એ જોવાની જ મજા આવે છે. બીજું આખા લાવલશ્કર જેવડો કારનો કાફલો લઈ નીકળતા કંઈક નેતા બે કાર લઈને નીકળવા માંડયા એવાં 'બે-કાર' થઈ ગયા. કોઈ બસમાં તો કોઈક બાઈક ઉપર, કોઈ ઘોડા ઉપર તો કોઈ બળદગાડામાં જવા માંડયા છે આ જોઈને કહેવાનું મન થાય કેઃ

નીકળતા હતા જે ધણમાં
એ હવે બચત કરે છે ઈ-ધણમાં

કાકા કહે કે 'પહેલાં હું ઘરથી સ્ટેશન સિટીબસમાં જતો ત્યારે ૧૦ રૂપિયાની ટિકિટ લેવી પડતી. હવે હું બસની પાછળ ઝડપથી ચાલતો ચાલતો સ્ટેશન પહોંચી જાઉં છું એટલે એટલીસ્ટ દસ રૂપિયાની તો બચત કરી કહેવાયને?' મેં કહ્યું 'કાકા એનાં કરતાં રિક્ષાની પાછળ ઝડપથી ચાલતાં ચાલતાં જાવને તો સહેજે ૩૦ રૂપિયા બચેને?'

મેં કહ્યું 'કાકા આપણાં વડાએ એક વર્ષ લગ્ન પાછા ઠેલવાનું કહ્યું છે. એ ખબર છેને?' પથુકાકા બોલ્યા કે 'તેં તો એક વર્ષની ક્યાં વાત કરે છે તેં તો સાઠ સાઠ વરસ લગ્ન પાછા ઠેલ્યાં છે એટલે તારૂં તો છ દાયકાની 'વાંઢાજનક' સ્થિતિમાં રહેવા બદલ સરકારે પદ્મશ્રીને બદલે વાંઢાશ્રી એવોર્ડ આપી સન્માન કરવું જોઈએ અને પછી એવોર્ડ વિતરણ સમારંભમાં થીમ સોંગ વગાડવું જોઈએઃ જો વાંઢા કિયા તો નિભાના પડેગા...

મેં કહ્યું 'કાકા તમને ખબર છે? આજના જમાનામાં લગ્ન સમારંભની જેમ જ્યારે છૂટાછેડા થાય ત્યારે ''ભગ્ન-સમારંભ'' પણ યોજાય છે હો?' પથુકાકા નવાઈ પામી બોલ્યા 'શું વાત કરે છે? ભગ્ન-સમારંભ પણ યોજાય છે?'

મેં કહ્યું 'લગ્ન વખતે કંકોતરી મોકલવામાં આવે છે એમ છૂટાછેડા થયા પછીની ઉજવણી માટે છૂટોતરી મોકલવામાં આવે છે હો?' કાકા કહે 'વડા પ્રધાને લગ્ન-સમારંભ એક વરસ પાછા ઠેલવાની અપીલ કરી છે તો આ ભગ્ન સ મારંભ પણ પાછા ઠેલાશે કે નહીં?' મેં કહ્યું 'ભગ્ન સમારંભ પણ પાછા ઠેલાય જ ને? જો કે એવું છે કે એક વર્ષમાં ધણી-ધણિયાણી વચ્ચે પાછો મેળ જામી જાય તો ભગ્ન-સમારંભ પણ કેન્સલ કરવો પડે.' પથુકાકા બોલ્યા 'સંસારમાં ને રાજકારણમાં અત્યારે છૂટાછેડાની ઉજવણીનો ટ્રેન્ડ જોવા મળે છે કોઈ પોતાની પાર્ટી સાથે છેડો ફાડી સત્તાધારી પાર્ટી (પાર્ટી ઈન પાવર) સાથે છેડાછેડી બાંધે ત્યારે ધામધૂમથી વધાવવામાં આવે છેને? જે જણ સત્તાધારી પાર્ટીમાં જોડાય એનાં ગળામાં વરમાળા નહીં પા-વરમાળા પહેરાવાય છેને?'

મેં કહ્યું પથુકાકા વડાશ્રીએ તો પાવર પણ બચાવવાનું કહ્યું છે હો?' પથુકાકા બોલ્યા કે 'પક્ષપલ્ટો કરી જે નેતા પાવરમાં હોય એ પાર્ટીમાં જોડાય એને પાવરફૂલ થોડા જ બનવા દેવાય છે? એને તો પાવરની લાલચ દેખાડી 'ફૂલ' (મૂર્ખ) બનાવવામાં આવે છે. ટૂંકમાં પાવરનો આખો લાડવો ખાવા નથી આપતા એટલે પાર્ટી ઈન પાવરમાં જે જોડાય એ ''પા-વર'' બનીને જ રહી જાય છે.'

# પુરુષોતમ માસમાં વિવિધ પ્રકારના ફરાળ નો ભોગ સરવવામાં આવે

આ વર્ષે પવિત્ર પુરૂષોતમ માસ નું આગમન થતા ગુજરાત માં ઘરે ઘરે, મંદિરોમાં,સોસાયટીના પ્રાંગણ માં ગોરમા પુત્ર ગણેશજી અને શાલિગ્રામજી સાથે બિરાજમાન થયા છે. પુરષોતમ માસ ના ઉપવાસ એકટાણા નો નિયમ રાખીને વિધિ વિધાન થી ગણપતિ,ગોરમા અને શાલિગ્રામ ની પૂજા કરીને સ્ત્રીઓ "આંબુડુ.. જાંબુડુ કેરી ને કોઠીમડુ.." ગાતા ગાતા પુરુષોતમ ભગવાન આગળ પતિ અને પુત્ર ની સુખાકારી અને પ્રગતિ ની માગણી કરતી હોય છે. અત્રે તત્રે અને સર્વત્રે "કૃષ્ણ કનૈયા લાલ કી જય" ના ગગન ભેદી નારા ગુંજ્યા કરે છે.પુરુષોતમ માસ ના પવિત્ર દિવસો માં વ્રજ ખુદ પૂજા સ્થળે આવી ને વસી ગયું હોય ને એવું લાગે છે. પુરુષોતમ માસ માં ગોપી બનીને નારીઓ કૃષ્ણ ભક્તિ માં તલ્લીન જોવા મળે છે. આ પવિત્ર પુરુષોતમ માસ માં વૈષ્ણવ સંપ્રદાય માં સ્ત્રીઓ પુરુષો ધારણ પારણા,ઉપવાસ એકટાણા કરે છે. આ દિવસો માં હવેલીઓમાં ઠાકોરજી ની સેવા પૂજા નું વિશેષ મહત્વ હોય છે નિત્ય હવેલીઓ માં ફુલના,સૂકા મેવા વગેરે ના ઝૂલા નું આયોજન થાય છે. ઠાકોરજી ને રાત ના સમય એ પુરુષોતમ માસ માં વિવિધ પ્રકાર ના ફરાળ નો ભોગ મિષ્ટાન સરવવામાં આવતો હોય છે.

ભારત એ ઉત્સવ અને તહેવારોનો દેશ છે એટલે વ્રત કે ઉત્સવ માં પેટ પૂજા તો કરવી પડે. "ભૂખ્યા પેટે ભજન ન હોવે" પ૬ભોગ ની થાળી ની માફક જ તેત્રીસ પ્રકાર ના ફરાળ નું તહેવારો માં ખાસ મહત્વ હોય છે.આયુર્વેદ ત્રણ વખત ભોજન કરતા બે વાર ભોજન ને શ્રેષ્ઠ માને છે. બે વાર અનાજ કરતા એકવાર ફરાળ ને પૌષ્ટિક આહાર ની બેસ્ટ આદત માનવામાં આવે છે.પ્રાચીન સમયમાં ઋષિ મુનિઓ અને મનુષ્યો કંદમૂળ,ફૂલ ફળ,સામો (મોરિયો), દહીં,દૂધ,ઘી નું ભોજન કરતા હતા એટલે તો દોઢસો બસ્સો વર્ષનું નીરોગી અને એકદમ તંદુરસ્ત આયુષ્ય ભોગવતા હતા.મોરિયો,આરાનો લોટ, રાજગરો અને રાજગરાનો લોટ, સાબુદાણા, શિંગ, માખાણા,બટેટા,રતાળુ, સુરણ, શક્કરિયા વગેરે વગેરે અત્યાર ની ફરાળી વાનગીઓ એ પ્રાચીન સમયમાં લોકોનું નિયમિત ભોજન હતું.

ગૃહિણીઓને પરિવાર ના પેટની ચિંતા ભારે હોય છે એટલે તો દર વર્ષે આવતા તહેવાર અને વ્રતો માં ફરાળ ની તૈયારીઓ અગાઉ થી કરી નાખતી હોય છે. ઉનાળાની ભયાનક ગરમી માં ધાબા પર સાબુદાણા ની ચકરી,પાપડ વગેરે ની બાજુ માં બટેટા ની વેફર,બટેટા જાળી વાળી વેફર,બટેટા ની સળીઓ, ટમટમ સુકાતા નિહાળી શકાશે. ફરાળ ની મજાજ અલગ છે વેંચાતી વેફર કરતા ઘરની બનેલ વેફર,ચકરી,ટમટમ નો ટેસ્ટ જ અલગ હોય છે.

ચાલો આપણે ઉપવાસ માં બનતી સ્વાદિષ્ટ ફરાળી આઈટમ પાછળ ના મુખ્ય ત્રણ જાદુગરો વિશે જાણીએ:

રાજગરો :

રાજગરો એ એન્ટી ઓક્સિડન્ટ ગુણ ધરાવે છે જેમાં આયર્ન,પ્રોટીન અને કેલ્શિયમ ભરપૂર માત્રા મા ઉપલબ્ધ હોય છે. તેમાં ૯ પ્રકાર ના એમિનો એસિડ ઉપલબ્ધ હોવાના લીધે શાકાહારી લોકો માટે પ્રોટીન નો બેસ્ટ સ્ત્રોત માનવામાં આવે છે. રાજગરા માં ફાઈબર નું પ્રમાણ પુષ્કળ પ્રમાણ માં હોવાના લીધે પાચન સંબંધિત બીમારી થતી નથી.ખાસ કરીને કબજિયાતની જેવી સમસ્યા થતી નથી. રાજગરા માં ઘઉં ની માફક ગ્લુટેન નથી હોતું એટલે પચવા માં હળવું અને ઘઉં કરતા પૌષ્ટિક વધારે હોય છે. ઉપવાસ એકટાણા માં રાજગરા નો ઉપયોગ વધારે થાય છે.



ફરાળી વાનગીઓ
- રુપાલી દવે

રાજગરા ની ધાણી ની ચીકી :

કડાઈ માં એક ચમચી ઘી નાખી ને ગરમ થવા દ્યો એ બાદ ઝીણો સમારેલો ગોળ ઉમેરી ને ગોળ ને ચમચ વડે હલાવી ને એક રસ કરો. ગોળ નો પાયો વધારે ન આવી જાય એનું ધ્યાન રાખો. ગોળ પીગળી ને એકરસ થઈ જાય એટલે ગેસ બંધ કરીને એમાં ધીમે ધીમે રાજગરા ની ધાણી ઉમેરીને ગોળ માં ભેળવો.થાળી માં ઘી લગાવી ને રાજગરા ની ધાણી અને ગોળ ના મિશ્રણ ને ફેલાવો. ચપ્પુ વડે નાના એકરસખા આકાર કરીને ચીકી ને ઠરવા દ્યો. રાજગરા ની ચીકી ખાસ કરીને નાના બાળકો માટે ખુબજ પૌષ્ટિક માનવા માં આવે છે. ગોળ અને રાજગરા ની ધાણી બન્ને માં આયર્ન અને કેલ્શિયમ નું પ્રમાણ વધારે હોય છે જેના લીધે બાળકો ના દાંત અને હાડકા મજબુત થાય છે ને બાળક સ્વસ્થ રહે છે.

મોરૈયો (સામો કે સાંબો) :

મોરૈયો એ એક પ્રકારે ખડ ધાન્ય છે જે ફાઈબર અને એમિનો એસિડ થી ભરપુર હોય છે. આ ધાન માં ચરબી નું લેશ માત્ર પ્રમાણ નથી હોતું. ફરાળી વાનગી નો રાજા માનવામાં આવે છે. વ્રત ઉપવાસ માં મોરિયા ની કઢી સાથે મોરિયો ન ખાધો તો સમજો ફરાળ જ કર્યું નથી. એક વખત માત્ર નમક ઉમેરી ને મોરિયો પાણી માં બાફી ને ખાશો ને તો આખો દિવસ સહેજ પણ ભૂખ લાગશે નહી.

મોરૈયા ની ખીર:

એક નાનો વાટકો મોરૈયા લઈને એને બેત્રણ વખત પાણી થી ધોઈ ને એકદમ કોરા કરો.બે મોટા કપ દૂધ માં ખાંડ ઉમેરી ને પાંચ દસ મિનિટ ઉકાળો,દૂધ ઉકળી જાય એટલે એમાં ધોઈને સાફ કરેલ મોરૈયો ઉમેરી ને સતત ચમચ થી હલાવતા રહો. જ્યારે મોરૈયો ચડી ને એકરસ થઈ જાય એટલે ગેસ બંધ કરી દ્યો. મોરૈયા ની ગરમ ખીર માં એલચી ના દાણા ઉમેરી ને થોડા સમય માટે ઠંડુ થવા દ્યો. મોરયા ની ખીર ને કાજુ બદામ ની ઝીણી કતરણ થી સજાવી ને સર્વ કરો.

સાબુદાણા :

સાબુદાણા ને ઉર્જા નો ભંડાર કહેવા માં આવે છે સાબુદાણા ની કાંજી પીધા બાદ મરવા પડેલા માં પણ તાત્કાલિક શક્તિ નો સંચાર થઈ જાય છે. પોટેશિયમ, કેલ્શિયમ અને આયર્ન જેવા પોષક તત્વો સાબુદાણા માં ઉપલબ્ધ હોય છે.પચવા માં એકદમ સરળ હોવાના લીધે એસિડિટી ક્યારેય થતી નથી ને પેટ માં ઠંડક રહે છે. કાર્બોહાઈડ્રેટ અને સ્ટાર્ચ ભરપૂર માત્રામાં સાબુદાણા માં ઉપલબ્ધ હોવાના લીધે શરીર માં તુરંત એનર્જી આવી જાય છે.હાડકા નો ઘસારો અટકાવી ને હાડકા ને મજબૂત કરે છે. સાબુદાણા માં પ્રોટીન નું પ્રમાણ નહિવત હોય છે એટલે જ સાબુદાણા ની સ્વાદિષ્ટ આઈટમ માં શિંગ,દૂધ,બટેટા નો ઉપયોગ જોવા મળે છે.

સાબુદાણા ની ફરાળી ખીચડી :

સાચું કહું આપણા ને તો ઉપવાસ એકટાણામાં સાબુદાણાની ફરાળી ખીચડી ખૂબ પસંદ છે. ભલે બનાવવા માં થોડી અઘરી છે પણ આપણા ને પસંદ પડે એવી જ બનાવવાની.માર્કેટ માં મળતી સાબુદાણા ની ફરાળી ખીચડી માં સાબુદાણા આખા અને અધ કચરા બાફેલા હોય છે જે દેખાવ માં તો સરસ લાગે છે પણ આયુર્વેદ અનુસાર જે પણ ખાવ એ પૂરેપૂરી રીતે બફાયેલું કે ચડેલું હોવું અત્યંત જરૂરી છે કેમકે મોટા ભાગના રોગો એ અપચ ને કારણે જ થતા હોય છે. એક નાની વાટકી સાબુદાણા ને ચાર પાંચ કલાક પલાળી રાખો. શિંગ ને શેકી ને એના ફોતરા અલગ કર્યા બાદ એનો મિક્સર માં અધ કચરો ભુક્કો કરો. બે બટાટા ને બાફીને એની છાલ કાઢી ને નાની સાઈઝ માં સમારો. ગેસ માં કડાઈ મૂકી ને એમાં બે ચમચા તેલ નાખીને ગરમ કરો,તેલ ગરમ થઈ ગયા બાદ એમાં બારીક સમારેલા મરચા અને મિઠો લીમડો નાખીને ચમચ વડે હલાવી ને એમાં બારીક સમારેલા બટેટા,શિંગ નો ભૂકો નાખીને બધું બરાબર નમક અને મરી પાઉડર ઉમેરીને હલાવો. લાસ્ટ માં ગેસ બંધ કરીને શિંગ,બટેટા ના ગરમ મિશ્રણ માં પલાળેલા સાબુદાણા ઉમેરી ને બધું એક સરખું મિક્સ કરો.

મિત્રો,ગરમા ગરમ સાબુદાણા ની ફરાળી ખીચડી સાથે મોળું દહીં અને બટેટાની વેફર અચૂક સર્વ કરજો.

# અમિતાભ બચ્ચન સાથે ગ્રાન્ડ ડેબ્યૂ છતાં ટીવી સિરિયલોમાં પણ કામ ન મળ્યું! બોલિવૂડ વિલનનું દર્દ છલકાયું

મુંબઈ : ફિલ્મ 'રક્ત ચરિત્ર'માં વિલન 'બુક્કા રેડ્ડી'ના ખતરનાક રોલથી ફેમસ થયેલા એક્ટર અભિમન્યુ સિંહ આજે બોલિવૂડ અને સાઉથ સિનેમાનું એક જાણીતું નામ છે. જોકે, તેના માટે સફળતાનો આ રસ્તો બિલકુલ આસાન નહોતો. ઈન્ડસ્ટ્રીમાં ન તો તેમનો કોઈ ગોડફાધર હતો કે ન તો કોઈ ઓળખાણ. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાના સંઘર્ષના દિવસો યાદ કરતા એક ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, કરિયરની શરૂઆતમાં જ સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે પહેલી ફિલ્મ કરવાનો મોકો મળ્યો હોવા છતાં, હું લાંબા સમય સુધી સાવ બેરોજગાર હતો અને મારે કામ માટે ભટકવું પડ્યું હતું.



## મનોજ બાજપેયીની ભલામણથી મળી હતી પહેલી ફિલ્મ

અભિમન્યુ સિંહે ઈન્ડસ્ટ્રીમાં આવતા પહેલાં લગભગ 8 વર્ષ સુધી થિયેટર (નાટક) કર્યું હતું. એકવાર અભિનેતા મનોજ બાજપેયી તેનું એક નાટક જોવા આવ્યા અને અભિમન્યુની એક્ટિંગથી પ્રભાવિત થઈને તેણે ડાયરેક્ટર રાકેશ ઓમપ્રકાશ મેહરાને તેનું નામ સજેસ્ટ કર્યું. રાકેશ મેહરાએ સ્ક્રીન ટેસ્ટ લીધા પછી અભિમન્યુને ફિલ્મ 'અક્સ' (Aks) માટે સાઈન કરી લીધો. આ ફિલ્મમાં તેની સાથે અમિતાભ બચ્ચન મુખ્ય રોલમાં હતા. પહેલી જ ફિલ્મમાં બિગ બી સાથે કામ મળવું એ અભિમન્યુ માટે સપનું સાકાર થવા જેવું હતું.

## ફિલ્મ ફ્લોપ થતાં ટીવી સિરિયલોએ પણ કામ આપવાની ના પાડી

અભિમન્યુએ જણાવ્યું કે, 'અક્સ' ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી અને તેના કારણે મારા કરિયર પર બ્રેક લાગી ગઈ. તેમણે પોતાના દિલનું દર્દ ઠાલવતા કહ્યું, 'લોકોને લાગે છે કે મને પહેલી જ ફિલ્મ અમિતાભ બચ્ચન સાથે મળી એટલે મારું કરિયર શાનદાર રહ્યું હશે, પણ આ સચ્ચાઈ નથી. ફિલ્મ ફ્લોપ થયા પછી મને ટીવી સિરિયલોમાં પણ કામ નહોતું મળી રહ્યું. ઈન્ડસ્ટ્રીનો એવો નિયમ છે કે જો ફિલ્મ ફ્લોપ જાય, તો તમે ગમે તેવી સારી એક્ટિંગ કરી હોય, તેની કોઈ ગણતરી થતી નથી અને તમને કામ મળતું બંધ થઈ જાય છે.'

## પટનાનો કિસ્સો યાદ કરીને સમજાવ્યું ફિલ્મોનું ગણિત

પોતાની વાત આગળ વધારતા અભિમન્યુએ જણાવ્યું કે, ઘણીવાર એવું બને છે કે ફિલ્મો શરૂઆતમાં ફ્લોપ જાય છે પણ પછીથી હિટ સાબિત થાય છે અથવા તો તેના કોઈ ખાસ સીનને કારણે એક્ટરને ઓળખ મળી જાય છે. તેમણે પટનાનો પોતાનો એક જૂનો કિસ્સો યાદ કરતા કહ્યું, 'જ્યારે અનિલ કપૂરની ફિલ્મ 'તેજાબ' રીલિઝ થઈ, ત્યારે પહેલા જ દિવસે અમે થિયેટર ગયા તો આખું થિયેટર ખાલી હતું. પરંતુ અમને ફિલ્મ બહુ જ ગમી હતી. બરાબર 10 દિવસ પછી જ્યારે અમે ફરી એ ફિલ્મ જોવા ગયા, ત્યારે થિયેટર હાઉસફુલ હતું અને ટિકિટો બ્લેકમાં વેચાઈ રહી હતી.' એટલે કે, ઘણી ફિલ્મો એક અઠવાડિયા પછી જોર પકડે છે, પરંતુ તેમની પહેલી ફિલ્મ ફ્લોપ થતાં જ તેમણે લાંબા સમય સુધી કામ વગર બેસી રહેવું પડ્યું હતું.



**ઈન્ડસ્ટ્રીમાં ન તો તેમનો કોઈ ગોડફાધર હતો કે ન તો કોઈ ઓળખાણ. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાના સંઘર્ષના દિવસો યાદ કરતા એક ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, કરિયરની શરૂઆતમાં જ સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે પહેલી ફિલ્મ કરવાનો મોકો મળ્યો હોવા છતાં, હું લાંબા સમય સુધી સાવ બેરોજગાર હતો અને મારે કામ માટે ભટકવું પડ્યું હતું.**

# રાજકુમાર રાવ સ્ટારર 'રફ્તાર'ની રિલીઝ ડેટ પાછળ ઠેલવાઈ

### પત્ની પત્રલેખાની પ્રોડ્યુસર તરીકેની પહેલી ફિલ્મમાં કીર્તિ સુરેશ લીડ રોલમાં જોવા મળશે

મુંબઈ : રાજકુમાર રાવ અને સાઉથ એક્ટ્રેસ કીર્તિ સુરેશ સ્ટારર ફિલ્મ 'રફ્તાર' હવે 16 ઓક્ટોબર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ અગાઉ જુલાઈ મહિનામાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેને દશેરાના લાંબા વીકએન્ડ પર દર્શકો સમક્ષ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફિલ્મને એમેઝોન એમજીએમ સ્ટુડિયોનો ટેકો મળ્યો છે. આ ફિલ્મનું નિર્માણ રાજકુમારની પત્ની એને એક્ટ્રેસ પત્રલેખાએ તેના બેનર 'કમ્પા ફિલ્મ' હેઠળ કર્યું છે. પ્રોડ્યુસર તરીકે પત્રલેખા અને રાજકુમાર રાવની આ પ્રથમ થિયેટ્રિકલ ફિલ્મ હશે. આ ફિલ્મનું ડિરેક્શન આદિત્ય નિમ્બાલકરે કર્યું છે. ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરુણ બાલી છે, જ્યારે વાર્તા અને સ્ક્રીનપ્લે રોહન નારુલાએ લખ્યા છે. ફિલ્મના વિતરણની જવાબદારી પીવીઆર આઈનોક્સ પિક્ચર્સ સંભાળશે. આ ફિલ્મમાં અનુરાગ ઠાકુર, રોહન વર્મા, તાન્યા માનિકતલા અને રજત કપૂર પણ મહત્ત્વની ભૂમિકાઓમાં જોવા મળશે.

### મહત્વાકાંક્ષા, સત્તા અને સફળતાની દોડ

'રફ્તાર' એક ડ્રામા ફિલ્મ છે, જે મહત્વાકાંક્ષા, સત્તા અને સફળતાની દોડમાં ચૂકવવામાં આવતી ભાવનાત્મક કિંમતને દર્શાવે છે. વાર્તા ભારતના ઝડપથી વિકસતા એડ-ટેક ઈન્ડસ્ટ્રીની પૃષ્ઠભૂમિ પર આધારિત છે, જ્યાં એક સ્ટાર્ટઅપની ઝડપી સફળતા અને ત્યારબાદ આવતા ઉતાર-ચઢાવને દર્શાવવામાં આવશે. ફિલ્મ એ પણ દર્શાવે છે કે મોટા સપનાની ચાહત કઈ રીતે નૈતિક સીમાઓને ધૂંધળી કરી દે છે અને અંગત સંબંધોને અસર કરે છે.

# ફરી ફિલ્મોમાં કામ કરવા મીનાક્ષી શેષાદ્રી ભારત પરત આવી

મુંબઈ : એક સમયની લોકપ્રિય અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી ફિલ્મો તથા ઓટીટીમાં કામ કરવા માટે ભારત પાછી આવી છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે હું 30 વરસ પછી મારી કર્મભૂમિ એટલે કે મુંબઇ,ભારત અમેરિકાથી પાછી ફરી છું. હવે મને ફરી એકટિંગ કરવાની ઇચ્છા થઇ છે. હું લીડ,સપોર્ટિંગ અથવા તો ટૂંકા રોલ કરવા પણ હું રાજી છું. ઓટીટી પ્રોજેક્ટ કરવાની પણ તેની ઈચ્છા છે. તેણે જોકે સ્પષ્ટતા કરી હતી કે પરિવારને સમય આપવા તે અમેરિકા અવરજવર કરતી રહેશે. ઉલ્લેખનીય છે કે મીનાક્ષી 'હિરો' ફિલ્મથી સ્ટાર બની ગઈ હતી અને તે પછી તેણે તેના સમયના તમામ ટોચના કલાકારો સાથે કામ કર્યું હતું. 'દામિની' તેની સૌથી વખણાયેલી ફિલ્મ છે.





# દ્વિશા ડેથ કેસ: સેલિના જેટલી ભાવુક થઈ

### કહ્યું- ચિતાની રાખ પણ ઠંડી નહોતી થઈ, પરિવાર ન્યાયની ગુહાર લગાવી રહ્યો હતો અને લોકોનું ધ્યાન છોડ પર હતું

મુંબઈ : છૂટાછેડા, ઘરેલું હિંસા, બાળકોની કસ્ટડી અને ભાઈની મુક્તિ માટે લડી રહેલી સેલિના જેટલીએ તાજેતરમાં એક્ટ્રેસ દ્વિશા શર્માના મોત કેસ મામલે ભાવુક પોસ્ટ શેર કરી છે. તેણે આ કેસની સરખામણી પોતાના કેસ સાથે કરી. તેની નિંદા કરતા એ પણ કહ્યું કે જે સમય સુધી દ્વિશાની ચિતાની રાખ પણ ઠંડી નહોતી થઈ, ત્યારે કેટલાક લોકો છોડની ચિંતા કરી રહ્યા હતા. સેલિના જેટલીએ સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી દ્વિશા શર્મા માટે ભાવુક થઈને લખ્યું, 'લગ્ન હંમેશા ખુશીઓથી ભરેલા નથી હોતા. ક્યારેક સૌથી મોટો દુખાવો એ જ હોય છે, જેને કોઈ જોઈ શકતું નથી. દ્વિશા શર્માની દુઃખદ કહાણીએ આખા દેશને હચમચાવી દીધો છે. એક ભણેલી-ગણેલી, સુંદર અને પ્રતિભાશાળી છોકરી, જેનું જીવન ઘરની અંદર થતા દુઃખ, એકલતા અને હિંસામાં ફસાઈ ગયું.' આગળ તેણે લખ્યું, 'જ્યારે તેની ચિતાની રાખ પણ ઠંડી નહોતી થઈ, જ્યારે તેનો દુઃખી પરિવાર પોતાની દીકરી માટે જવાબ, પોસ્ટમોર્ટમ અને ન્યાયની ગુહાર લગાવી રહ્યો હતો, ત્યારે લોકોનું ધ્યાન છોડને પાણી ન આપવા જેવી વાતો પર ગયું. આ જોઈને આ દર્દનાક ઘટના જોઈ રહેલા ઘણા લોકો અંદરથી હચમચી ગયા.' 'આ જ અત્યાચારની સૌથી ભયાનક વાત છે. ધીમે ધીમે એક મહિલાનું દર્દ લોકો માટે સામાન્ય વાત બની જાય છે, અને પછી તેની તકલીફ કોઈને દેખાતી નથી. દરેક દર્દ શરીરમાં ઈજાના નિશાન છોડતું નથી.' દ્વિશા કેસની સરખામણી સેલિના જેટલીએ પોતાની જિંદગી સાથે કરી. તેણે લખ્યું, 'મારી સાથે પણ આવું જ થયું હતું. મારા માતા-પિતા રહ્યા ન હતા, હું આર્થિક રીતે મજબૂત ન હતી, અને મારા ત્રણ નાના બાળકો હતા. ઘણી બધી મહિલાઓની જેમ હું પણ સંબંધમાં એટલા માટે રહી કારણ કે મને લાગ્યું કે પરિવારને બચાવવો જરૂરી છે. હું નહોતી ઈચ્છતી કે મારા બાળકોને તકલીફ થાય. મારી પાસે મદદ માંગવા માટે કોઈ નહોતું અને હું મારું સત્ય જણાવતા ડરતી હતી.'

# બેન હોવા છતાં રણવીર સિંહ શૂટિંગ કરશે!

### 'ધુરંધર 3'ના શૂટિંગની અટકળો; એરપોર્ટ પર કો-સ્ટાર અર્જુન રામપાલ સાથે દેખાયો



મુંબઈ : ફરહાન અખ્તરની ફિલ્મ 'ડોન 3' છોડવાને કારણે રણવીર સિંહ વિવાદોમાં ફસાયો છે. ફરહાન અખ્તરની ફરિયાદ બાદ FWICE (ફિલ્મ ફેડરેશન ઓફ વેસ્ટર્ન સિને એમ્પ્લોયીઝ) એ સોમવારે એક્ટર પર પ્રતિબંધ મૂક્યો છે. આવી સ્થિતિમાં, તે ડોન 3 વિવાદ સમાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ ફિલ્મ કરી શકશે નહીં. બીજી તરફ, રણવીર સિંહ સોમવારે મોડી રાત્રે મુંબઈથી રવાના થયો છે, જેના કારણે 'ધુરંધર 3'ના શૂટિંગના અટકળો લગાવવામાં આવી રહી છે.

રણવીર સિંહ પર પ્રતિબંધની જાહેરાત થયા બાદ મોડી રાત્રે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો. એરપોર્ટ પર તે લાંબા વાળ અને સફેદ કુર્તા-પાયજામા સાથે કાળી જેકેટમાં જોવા મળ્યો હતો.

રણવીર સિંહના એરપોર્ટ પર સ્પોટ થયાના તરત બાદ તેમના ધુરંધર કો-સ્ટાર અર્જુન રામપાલ પણ એરપોર્ટ પર સ્પોટ થયો હતો.

'ધુરંધર'ની સફળતા પછી રણવીર સિંહે ફરહાન અખ્તરની ફિલ્મ 'ડોન 3' અચાનક છોડી દીધી, જેની જાહેરાત 2023માં રણવીર સાથે થઈ હતી. મેકર્સનો દાવો છે કે તેનાથી તેમને 45 કરોડનું નુકસાન થયું. પહેલા આ મામલાની ફરિયાદ પ્રોડ્યુસર ગિલ્ડમાં કરવામાં આવી, જેના પછી આ મામલો FWICE પાસે પહોંચ્યો.

આ મામલાને ગંભીરતાથી લેતા ફેડરેશને રણવીર સિંહને અલગ-અલગ પ્રસંગોએ 3 નોટિસ મોકલી હતી, પરંતુ તેણે સ્પષ્ટ કહ્યું કે આ કાનૂની મામલો છે, જે ફેડરેશન દ્વારા નહીં પરંતુ કોર્ટ દ્વારા ઉકેલવો જોઈએ.

# 'ધુરંધર'ના પ્રોડક્શન ડિઝાઈનર પર દુષ્કર્મનો આરોપ!

### પીડિતાએ કહ્યું- મીટિંગનું બહાનું કરી 5-સ્ટાર હોટલમાં બોલાવી, બળજબરીથી દારૂ પીવડાવીને મારઝૂડ કરી

મુંબઈ : બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર'ના પ્રોડક્શન ડિઝાઈનર સૈની એસ. જોહરે સામે ચંદીગઢમાં દુષ્કર્મની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. પીડિત યુવતીનો આરોપ છે કે આરોપી ફાઈવ સ્ટાર હોટલમાં બોલાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું, મારપીટ કરી અને ખોટી રીતે બંધક બનાવી રાખવા જેવી હરકતો કરી. ચંદીગઢ પોલીસે સેક્ટર-17 પોલીસ સ્ટેશનમાં યુવતીની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વધુમાં યુવતીએ એવો પણ આરોપ કર્યો કે- ડ્રિંકમાં શંકાસ્પદ નશીલો પદાર્થ ભેળવવામાં આવ્યો હતો, જેના પછી તેની હાલત બગડી ગઈ હતી. પોલીસે તપાસ પછી 21 એપ્રિલ 2026 ના રોજ FIR નોંધી હતી, પરંતુ તેનો ખુલાસો સોમવારે મોડી સાંજે થયો છે. માહિતી અનુસાર, FIR પછી સેક્ટર-17ની પોલીસે આરોપી પ્રોડક્શન ડિઝાઈનરની ધરપકડ પણ કરી હતી, પરંતુ તેને જિલ્લા અદાલતમાંથી જામીન મળી ગયા છે. પોલીસ રેકોર્ડ મુજબ, યુવતીએ 20 એપ્રિલે સેક્ટર-17 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે તપાસ દરમિયાન ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 74, 79, 123 અને 126(2) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પીડિતાની ફરિયાદમાં આરોપીનું સરનામું મુંબઈના અંધેરી વેસ્ટ સ્થિત ઓબેરોય સ્પ્રિંગ બિલ્ડિંગ છે. પ્રોડક્શન ડિઝાઈનર સૈની એસ. જોહરે 'ધુરંધર' ફિલ્મના ભવ્ય સેટમાં થાઈલેન્ડમાં પાકિસ્તાનનું લિયારી ટાઉન બનાવવાથી ચર્ચામાં આવ્યા.




# જેકી શ્રોફે કહ્યું- ભાઈને ગુમાવ્યા પછી જીવન સમજાયું!

### ગુજ્જુ ડિરેક્ટર મનીષે કહ્યું- કોરોના પછી ફિલ્મોમાં નકારાત્મકતા વધી ગઈ હતી એટલે 'ધ ગ્રેટ ગ્રાન્ડ સુપરહીરો' લઈને આવ્યો

મુંબઈ : જેકી શ્રોફ અને ત્રણ વખત નેશનલ એવોર્ડ જીતી ચૂકેલા ગુજ્જુ ડિરેક્ટર મનીષ સૈનીએ ફિલ્મ 'ધ ગ્રેટ ગ્રાન્ડ સુપરહીરો - એલિયન્સ કા આગમન' વિશે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી. આ દરમિયાન જેકી શ્રોફે બાળકો સાથેના તેમના ખાસ કનેક્શન, જીવનના ઉતાર-ચઢાવ, ભાઈના મૃત્યુના આઘાત અને બિન્દાસ જીવન જીવવાના મંત્ર પર વાત કરી. જ્યારે મનીષ સૈનીએ જણાવ્યું કે ડાર્ક અને VFX ફિલ્મોના યુગમાં તેણે એક એવો સુપરહીરો બનાવવાનો પ્રયાસ કર્યો છે, જે લોકોને ડરાવે નહીં, પરંતુ હસાવે અને પરિવારને સાથે બેસીને ફિલ્મ જોવાની તક આપે. મને ખુદને નથી ખબર યાર. બસ દિલથી જીવવાનું, પ્રેમ વહેંચવાનું અને લોકો સાથે ભળવાનું. હું હંમેશા એ જ વિચારું છું કે કોઈને નીચે પાડીને મોટા ન બનવું જોઈએ. બાળકો સાથે બાળક બની જાઓ, વડીલો સાથે મિત્ર બની જાઓ. જ્યારે તમે કોઈને દિલથી મળો છો, ત્યારે એક એનર્જી એક્સચેન્જ થાય છે. હાથ મિલાવો, ગળે મળો, પ્રેમથી વાત કરો, એ જ કનેક્શન બનાવી દે છે. દાદા અને પૌત્રનો સંબંધ પણ આવો જ હોય છે.







**મેં હંમેશા જીવનને હળવાશથી લીધું. જે આવ્યું તેને અપનાવ્યું, જે જતું રહ્યું તેને જવા દીધું. ભૂલ થઈ તો માફી માંગી લીધી. જો માણસ દરેક વસ્તુ દિલ પર લઈને બેસશે, તો જીવી નહીં શકે. બિન્દાસ રહેવું જરૂરી છે.**

# 41 વર્ષની ઉંમરે મા બની 'TVની વહુ' દિવ્યાંકા ત્રિપાઠી

### લગ્નના 10 વર્ષ બાદ જોડિયા બાળકોને જન્મ આપ્યો, પોસ્ટ કરી કહ્યું- 'મેરે કરણ-અર્જુન આ ગએ'

મુંબઈ : ટીવી ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અને લાડકી વહુ 'ઈશિતા' એટલે કે દિવ્યાંકા ત્રિપાઠીના ઘરે કિલકારી ગુંજી છે. એક્ટ્રેસના પતિ વિવેક દહિયાએ સોશિયલ મીડિયા પર ચાહકો સાથે આ ગુડ ન્યૂઝ શેર કર્યા છે કે દિવ્યાંકા માતા બની ગઈ છે. લગ્નના લગભગ 10 વર્ષ બાદ સ્ટાર કપલના ઘરે જોડિયા બાળકોનો જન્મ થયો છે. 41 વર્ષની ઉંમરે દિવ્યાંકાએ ટ્વિન્સ દીકરાઓને જન્મ આપ્યો છે, જેને લઈને આખું પરિવાર ખુશીથી ઝૂમી ઉઠ્યું છે.

વિવેક દહિયાએ ઈન્સ્ટાગ્રામ પર એક અત્યંત ક્યૂટ પોસ્ટ શેર કરીને આ ખુશખબર ચાહકોને આપી છે. તેણે બ્લુ કલરના કપડામાં બે બાળકોના કાર્ટૂન વાળી પોસ્ટ શેર કરી, જેના પર લખ્યું હતું- 'અમે ભગવાન પાસે ખુશીઓ માંગી, ભગવાને કહ્યું- ડબલ લો! અમે જોડિયા બાળકોના માતા-પિતા બની ગયા છીએ.'

આખરે પ્રતીક્ષાનો અંત આવ્યો છે... 'ધ બોય્ઝ' આવી ગયા છે! જિંદગી હવે પહેલા કરતા પણ વધુ સુંદર લાગી રહી છે, જે અમે ક્યારેય વિચારી પણ નહોતી. મારા કરણ-અર્જુન આવી ગયા છે. 'દિવ' (દિવ્યાંકા) અને હું પેરેન્ટહુડની આ શાનદાર નવી સફર શરૂ કરી રહ્યા છીએ. અમને આપ સૌના પ્રેમ અને આશીર્વાદની જરૂર છે.



**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## નોર્વે ચેસમાં ભારતીય દબદબો, મેગ્નસ કાર્લસનને ચોંકાવનારી હાર



(એજન્સી) ઓસ્લો । તા. 26

નોર્વે ખાતે આયોજિત પ્રતિષ્ઠિત 'નોર્વે ચેસ ૨૦૨૬'ની પ્રથમ રાઉન્ડમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા જીત સાથે પોતાની મુહિમ શરૂ કરી છે. વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ અને યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદે આ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની પ્રતિભા સાબિત કરતા જીત મેળવી છે, જ્યારે મહિલા વિભાગમાં દિવ્યા દેશમુખે પણ પોતાની પ્રતિસ્પર્ધીને માત આપીને વિજયી શરૂઆત કરી હતી.

મીડિયા અહેવાલ મુજબ, ડી. ગુકેશે વિન્સેન્ટ કીમર સામે આકરા સંઘર્ષ બાદ પહેલા ક્લાસિકલ ગેમમાં ડ્રો મેળવ્યો હતો અને ત્યારબાદ આર્માગેડન ગેમમાં બાજી પલટીને વિજય નોંધાવ્યો હતો. આ મુકાબલામાં ગુકેશનું બચાવત્મક કૌશલ્ય જોવા મળ્યું હતું. બીજી તરફ, આર. પ્રજ્ઞાનંદે અમેરિકાના વેસ્લી સો સામે આક્રમક રમત દાખવીને સરળતાથી વિજય પ્રાપ્ત કર્યો હતો. મહિલા વર્ગમાં દિવ્યા દેશમુખે જુ વેનજુનને હરાવીને ભારતીય છાવણીમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો.

આ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં સૌથી મોટો ઉલટફેર વર્લ્ડ નંબર ૧ મેગ્નસ કાર્લસનની હાર સાથે જોવા મળ્યો હતો. ફ્રાન્સના ગ્રાન્ડમાસ્ટર અલીરેઝા ફિરોઝાએ મેગ્નસ કાર્લસનને ક્લાસિકલ ગેમમાં પરાજય આપ્યો હતો. કાર્લસન લાંબા સમય સુધી રમત પર પકડ જાળવી રાખવામાં સફળ રહ્યા હતા, પરંતુ સમયના દબાણ હેઠળ એક ભૂલ તેમને ભારે પડી ગઈ હતી. ફિરોઝાએ ઈજા હોવા છતાં અત્યંત સચોટ રમત રમીને કાર્લસન સામે ક્લાસિકલ ગેમમાં પોતાની પ્રથમ જીત નોંધાવી હતી.

## કોમનવેલ્થ ચેસમાં તમિલનાડુના ખેલાડીનો દબદબો



(એજન્સી) ચેન્નાઈ । તા. 26

ભારતીય રમતવીરોએ રવિવારે વૈશ્વિક સ્તરે મિશ્ર પ્રદર્શન કર્યું હતું. એક તરફ શ્રીલંકામાં આયોજિત કોમનવેલ્થ યુથ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતના યુવા ખેલાડીએ ઈતિહાસ રચ્યો હતો, તો બીજી તરફ ગોલ્ફના મેદાનમાં ભારતીય ખેલાડીઓને સરેરાશ સફળતા મળી હતી.

શ્રીલંકાના કાલુતારામાં રમાયેલી કોમનવેલ્થ યુથ ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં તમિલનાડુના આઠ વર્ષના ઉમેદવાર માસ્ટર તમિલ અમુધન એસ.એ શાનદાર પ્રદર્શન કર્યું હતું. અંડર-૧૦ ઓપન કેટેગરીમાં ભાગ લેતા તમિલ અમુધને સ્ટાન્ડર્ડ, રેપિડ અને બ્લિટ્ઝ એમ ત્રણેય ફોર્મેટમાં સુવર્ણચંદ્રક જીતીને ક્લીન સ્વીપ કર્યો હતો. સ્ટાન્ડર્ડ ફોર્મેટમાં તેણે નવ રાઉન્ડમાંથી ૮.૫ પોઈન્ટ્સ મેળવીને ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. અંડર-૯ વયજૂથમાં હોવા છતાં, તેણે અત્યાર સુધીમાં ભારત માટે પાંચ એશિયન મેડલ જીત્યા છે અને ૨૦૦૦ ઈલો રેટિંગનો આંકડો પાર કર્યો છે. નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં જ તેણે જર્મનીના વર્લ્ડ નંબર-૭ ગ્રાન્ડમાસ્ટર વિન્સેન્ટ કીમરને ઓનલાઈન બ્લિટ્ઝ ગેમમાં હરાવીને બધાને ચોંકાવી દીધા હતા.

ગોલ્ફના મેદાનમાં ભારતીય ખેલાડીઓ માટે દિવસ પડકારજનક રહ્યો હતો. ડેનિશ ગોલ્ફ ચેલેન્જમાં સપ્તક તલવાર અંતિમ રાઉન્ડમાં ૪-અન્ડર ૬૮ના સ્કોર સાથે ટાઈ-૪૦મા ક્રમે રહ્યા હતા. તેમની સમગ્ર સપ્તાહની કુલ સ્કોર ૮-અન્ડર પાર રહી હતી. હાલમાં તેઓ રોડ ટુ માયોર્કા સ્ટેન્ડિંગમાં ૨૧મા ક્રમે છે અને ૨૦૨૬ ડીપી વર્લ્ડ ટૂર કાર્ડ મેળવવા માટે પ્રયત્નશીલ છે.

બીજી તરફ, સૌદલ ઓપનમાં યુવરાજ સંધુનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. અંતિમ દિવસે ૭૩ના સ્કોર સાથે તેઓ ટાઈ-૬૩મા ક્રમે સરકી ગયા હતા. પ્રથમ ત્રણ દિવસના સારા પ્રદર્શન બાદ છેલ્લા દિવસે લય જાળવી ન શકવાને કારણે તેમણે ૩૦થી વધુ સ્થાન ગુમાવ્યા હતા. ઉપરાંત, ભારતીય ગોલ્ફર શુભંકર શર્મા આ ટૂર્નામેન્ટમાં કટ ચૂકી ગયા હતા, જે તેમના માટે સતત ત્રીજી નિષ્ફળતા હતી.

**આક્રમક બેટિંગ અને ધારદાર બોલિંગ**

# આઈપીએલ ઈતિહાસમાં સુનીલ નરેનના નામે રેકોર્ડ



(એજન્સી) કોલકાતા । તા. 26

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના ૧૯ વર્ષના લાંબા ઈતિહાસમાં ઘણા મહાન બેટ્સમેનો અને બોલરો આવ્યા અને ગયા, પરંતુ વેસ્ટ ઈન્ડીઝના ઓલરાઉન્ડર સુનીલ નરેન નો રેકોર્ડ સાવ અલગ જ છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના આ સ્ટાર ખેલાડીએ એક એવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે જે કદાચ અન્ય કોઈ ખેલાડી માટે તોડવો ખૂબ જ મુશ્કેલ છે. નરેન આઈપીએલ ઈતિહાસનો એવો એકમાત્ર ખેલાડી છે જેણે ઓપનિંગથી લઈને ૧૧ નંબર સુધીની તમામ પોઝિશન પર બેટિંગ કરવાની સિદ્ધિ મેળવી છે. સામાન્ય રીતે પોતાની રહસ્યમય સ્પિન બોલિંગ માટે જાણીતા સુનીલ નરેન ને કેકેઆરની ટીમે બેટિંગ ક્રમમાં અલગ-અલગ સ્થાનો પર અજમાવ્યો છે. આંકડાઓ પર નજર કરીએ તો, જ્યારે પણ નરેન ટોપ ઓર્ડરમાં બેટિંગ કરવા આવ્યો છે ત્યારે તેણે વિસ્ફોટક પ્રદર્શન કર્યું છે. તેણે ૧૨૬ ઈનિંગ્સમાં ૧૬૫.૩૦ના શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે કુલ ૧૮૨૦ રન બનાવ્યા છે. તેમાં પણ ઓપનર તરીકે તો તેનો સ્ટ્રાઈક રેટ ૧૭૭.૯૮ સુધી પહોંચી જાય છે, જેમાં તેણે ૧ સદી અને ૬ અર્ધસદી ફટકારી છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૧૦૯ રન છે, જે એક બોલર માટે અકલ્પનીય છે. જોકે, મિડલ ઓર્ડરમાં (નંબર ૪, ૫ કે ૬ પર) તેનું પ્રદર્શન પ્રમાણમાં નબળું રહ્યું છે, જ્યાં તેની સરેરાશ ૧૦ રનથી પણ ઓછી છે.

### બોલિંગમાં પણ દબદબો

સુનીલ નરેન માત્ર બેટિંગમાં જ નહીં, પરંતુ આઈપીએલના સર્વકાલીન શ્રેષ્ઠ બોલરોમાં પણ સ્થાન ધરાવે છે. આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના બોલરોમાં તે ત્રીજા ક્રમે છે. તેણે અત્યાર સુધીમાં કુલ ૨૦૭ વિકેટ ઝડપી છે અને તે કેકેઆરની ટીમ તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બોલર બન્યો છે. આજના ટી-૨૦ ક્રિકેટમાં જ્યારે બેટ્સમેનો રનનો વરસાદ કરે છે, ત્યારે નરેનનો ૭ની આસપાસનો ઈકોનોમી રેટ તેની બોલિંગ પરની પકડ અને અનુભવની સાક્ષી પૂરે છે. અનેક વખત તેણે મેચમાં ૪ કે તેથી વધુ વિકેટ ઝડપીને વિરોધી ટીમના બેટ્સમેનોની કમર તોડી નાખી છે. સુનીલ નરેન નો આઈપીએલ મા સફળતાનો માર્ગ સીધો નહોતો. શરૂઆતના વર્ષોમાં તેને માત્ર એક બોલર તરીકે જોવામાં આવતો હતો, પરંતુ કેકેઆર મેનેજમેન્ટે તેનામાં રહેલી બેટિંગ ક્ષમતાને ઓળખી અને તેને પાવરપ્લેનો મહત્તમ ઉપયોગ કરવા માટે ઓપનિંગમાં મોકલવાનું શરૂ કર્યું.

# ટી-૨૦માં બેવડી સદી ફટકારશે યુવા ખેલાડી વૈભવ, વૈભવ સૂર્યવંશીનું મોટું નિવેદન



(એજન્સી) સમસ્તીપુર । તા. 26

ક્રિકેટ જગતમાં અત્યારે માત્ર ૧૫ વર્ષના એક યુવા બેટ્સમેનનો દબદબો જોવા મળી રહ્યો છે. બિહારના સમસ્તીપુરના તાજપુર ગામનો વતની અને ટીમ ઈન્ડિયાનો ઉભરતો સિતારો વૈભવ સૂર્યવંશી હવે ટી-૨૦ ક્રિકેટમાં એક એવો રેકોર્ડ તોડવાની તૈયારી કરી રહ્યો છે, જે અત્યાર સુધી કોઈ ખેલાડી કરી શક્યો નથી. વૈભવે જાહેર કર્યું છે કે તે ટી-૨૦ ક્રિકેટમાં દુનિયાની પહેલી બેવડી સદી ફટકારીને ઈતિહાસ રચશે.

વૈભવ સૂર્યવંશીએ પૂર્વ દિગ્ગજ કેવિન પીટરસનના શો પર પોતાની રણનીતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, 'જો મને ટી-૨૦ની એક આખી ઈનિંગમાં ૨૦ ઓવર રમવાની તક મળશે, તો હું ચોક્કસપણે બેવડી સદી ફટકારીશ.' ક્રિસ ગેલના ૧૭૫ રનના રેકોર્ડને તોડવાની વાત કરતાં તેણે આત્મવિશ્વાસ સાથે કહ્યું કે તે આ સિદ્ધિ મેળવવા સક્ષમ છે. વૈભવનું ફોર્મ અત્યારે એટલું આક્રમક છે કે તેણે તાજેતરમાં જ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે માત્ર ૩૬ બોલમાં સદી ફટકારીને સૌને ચોંકાવી દીધા હતા. ૨૧ આઈપીએલ મેચોમાં ૨૨૩.૮૭ના સ્ટ્રાઈક રેટથી ૮૩૫ રન બનાવનાર આ યુવા ખેલાડીએ અત્યાર સુધીમાં ૭૭ સિક્સર ફટકારી છે. બિહારના સમસ્તીપુરથી આવતા વૈભવના પિતા પોતે પણ ક્રિકેટર રહ્યા છે. વર્ષ ૨૦૨૪માં માત્ર ૧૨ વર્ષની ઉંમરે રણજી ટ્રોફીમાં ફર્સ્ટ ક્લાસ ડેબ્યૂ કરીને તેણે પોતાની પ્રતિભાના મંડાણ કરી દીધા હતા. યૂથ વનડેમાં પણ ૧૪૧૨ રન અને ૧૧૦ સિક્સરનો રેકોર્ડ ધરાવતો વૈભવ હવે ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. મહાન બેટ્સમેન બ્રાયન લારાને પોતાના આદર્શ માનતા વૈભવને ભારતના પૂર્વ ઓપનર વસીમ જાફરનું માર્ગદર્શન પણ મળી રહ્યું છે. વૈભવ સૂર્યવંશીની આક્રમક બેટિંગ શૈલીને કારણે વિરોધી ટીમના બોલરોમાં અત્યારથી જ ફફડાટ જોવા મળી રહ્યો છે.

## સિંગાપોર ઓપનમાં પીવી સિંધુ અને સાત્વિક-ચિરાગની વાપસી

### બેડમિન્ટનમાં ભારતની વાપસી, સિંધુ અને સાત્વિક-ચિરાગ રમશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 26

આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સર્કિટમાં ભારતીય ખેલાડીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી 'સિંગાપોર બેડમિન્ટન ઓપન ૨૦૨૬'નો મંગળવારથી પ્રારંભ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટમાં ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ તેમજ એશિયન ગેમ્સના સુવર્ણચંદ્રક વિજેતા સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ફરી એકવાર કોર્ટ પર વાપસી કરી રહી છે, જે ભારતીય બેડમિન્ટન ચાહકો માટે મોટા સમાચાર છે.

ગત અઠવાડિયે મલેશિયા માસ્ટર્સમાં ભાગ ન લીધા બાદ, હવે આ સ્ટાર ખેલાડીઓ સિંગાપોર ઈન્ડોર સ્ટેડિયમમાં રમાનાર બીડબલ્યુએફ સુપર ૭૫૦ ટુર્નામેન્ટમાં રમવા માટે તૈયાર છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવો ખેલાડીઓ માટે રેન્કિંગ પોઈન્ટ્સ મેળવવાના દ્રષ્ટિકોણથી ઘણો મહત્વનો છે. પીવી સિંધુ સાથે મહિલા સિંગલ્સમાં ઉન્નતિ હુડા અને માલવિકા બંસોડ પણ ભારતીય પડકાર રજૂ કરશે. સિંધુને તેની પ્રથમ રાઉન્ડની મેચમાં ઈન્ડોનેશિયાની વિશ્વની છઠ્ઠા ક્રમની ખેલાડી પુત્રી કુસુમા વર્દાની સામે કઠિન પડકારનો સામનો કરવો પડશે.

પુરુષ સિંગલ્સમાં લક્ષ્ય સેન અને એચ.એસ. પ્રણોય મલેશિયામાં થયેલા પહેલા રાઉન્ડના એક્ઝિટ બાદ અહીં વધુ સારું પ્રદર્શન કરવા માટે આશાવાદી છે. કિદામ્બી શ્રીકાંત અને આયુષ શેટ્ટીની પણ ભારતીય ટીમમાં વાપસી થઈ છે. પુરુષ ડબલ્સમાં ચોથા ક્રમના સીડ સાત્વિક-ચિરાગની જોડી મુખ્ય આકર્ષણ રહેશે. મહિલા ડબલ્સમાં ટ્રીસા જોલી ઈજાને કારણે બહાર હોવાથી, કાવિયાપ્રિયા સેલ્વમ અને સિમરન સિંઘીની જોડી ભારતીય કેમ્પનું નેતૃત્વ કરશે.

મિક્સ ડબલ્સમાં તનિષા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલા તેમજ રોહન કપૂર અને રુથ્વિકા શિવાની ગાડેની જોડીઓ પણ મેદાનમાં ઉતરશે. સિંધુએ ૨૦૨૨માં જ્યારે આ ટુર્નામેન્ટ સુપર ૫૦૦ ઈવેન્ટ હતી ત્યારે સુવર્ણચંદ્રક જીત્યો હતો, તેથી તેના પ્રદર્શન પર સૌની ખાસ નજર રહેશે.

**સમરદીપની ઐતિહાસિક સિદ્ધિ**

**કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાઈ**

# ફેડરેશન કપમાં સમરદીપનો કમાલ, કોમનવેલ્થમાં પ્રવેશ



(એજન્સી) રાંચી । તા. 26

ઝારખંડના રાંચી ખાતે આયોજિત ફેડરેશન એથ્લેટિક્સ મીટનું સમાપન સોમવારે થયું, જેમાં ભારતના ઉભરતા ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા કોમનવેલ્થ ગેમ્સ માટે પોતાની દાવેદારી મજબૂત કરી છે. બિરસામુંડા સ્ટેડિયમ ખાતે આયોજિત આ સ્પર્ધાના અંતિમ દિવસે શૉટ પુટના ખેલાડી સમરદીપ સિંહ ગિલે પોતાના આદર્શ તેજિન્દરપાલ સિંહ તોરને પછાડીને સૌને ચોંકાવી દીધા હતા. સમરદીપ સિંહ ગિલે તેના ત્રીજા પ્રયાસમાં ૨૦.૪૬ મીટરની શાનદાર ફેંક સાથે સુવર્ણચંદ્રક જીત્યો હતો. તેણે પહેલીવાર ૨૦ મીટરનો આંકડો પાર કર્યો હતો, જે તેના માટે એક મોટી સિદ્ધિ છે. સ્પર્ધા બાદ પોતાની પ્રતિક્રિયા આપતા સમરદીપે જણાવ્યું હતું કે, "આ બધું માનસિકતાનો ખેલ છે. એકવાર મેં ૨૦ મીટરનો અંતર કાપ્યું, ત્યાર બાદ મારો આત્મવિશ્વાસ વધી ગયો હતો." બીજી તરફ, તેજિન્દરપાલ સિંહ તોર ૨૦.૦૭ મીટરના સર્વશ્રેષ્ઠ પ્રયાસ સાથે બીજા સ્થાને રહ્યા હતા.

સમરદીપની સાથે અન્ય એથ્લેટ્સનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું હતું. ટ્રિપલ જમ્પર પ્રવીણ ચિત્રવેલે ૧૭.૦૮ મીટરની કૂદ સાથે પ્રથમ સ્થાન મેળવીને કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું હતું.

**આઈએસએસએફ વર્લ્ડ કપનો પ્રારંભ**

## મ્યુનિક આઈએસએસએફ વર્લ્ડ કપમાં ભારતની નજર મેડલ પર



(એજન્સી) મ્યુનિક । તા. 26

જર્મનીના મ્યુનિક ખાતે આયોજિત પ્રતિષ્ઠિત 'આઈએસએસએફ (ISSF) વર્લ્ડ કપ'નો આજથી ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. વિશ્વભરના ૮૦ દેશોના ૬૯૬ જેટલા શૂટર્સ આ મહાકુંભમાં ભાગ લઈ રહ્યા છે. ભારત તરફથી ૨૨ સભ્યોની મજબૂત ટીમ મેદાનમાં ઉતરી છે, જેમાં અનુભવ અને યુવા પ્રતિભાનો સુંદર સમન્વય જોવા મળી રહ્યો છે.

ટુર્નામેન્ટના પ્રથમ દિવસે પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ અને ૧૦ મીટર એર રાઈફલ એમ બે મહત્વની ઈવેન્ટ્સની ફાઈનલ યોજાનાર છે. ભારત માટે વિશ્વ ચેમ્પિયન સમ્રાટ રાણા ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં મુખ્ય દાવેદાર છે. તેમની સાથે શર્વણ કુમાર અને ડેબ્યુ કરનાર અજેન્દ્ર સિંહ ચૌહાણ પણ ભારતીય પડકાર રજૂ કરશે. સમ્રાટ રાણા તાજેતરમાં એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતીને સારા ફોર્મમાં છે. બીજી તરફ, ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ઓલિમ્પિયન અર્જુન બાબુતા ભારતનું નેતૃત્વ કરશે. અર્જુન પણ આ વર્ષે એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતી ચૂક્યા છે, તેથી તેમના પાસેથી વધુ એક મેડલની આશા રાખવામાં આવી રહી છે.

આ સ્પર્ધામાં વિશ્વના દિગ્ગજ શૂટર્સ ઉપસ્થિત હોવાથી ભારતીય ખેલાડીઓ માટે સ્પર્ધા ખૂબ જ કઠિન રહેવાની છે. ચીનના શેંગ લિહાઓ અને વર્લ્ડ ચેમ્પિયન મેક્સિમિલિયન ડેલિંગર જેવા દિગ્ગજો સામે અર્જુન બાબુતાએ પોતાનું કૌશલ્ય બતાવવું પડશે. ૧૦ મીટર એર પિસ્તોલમાં પણ ચીનના હુ કાઈ અને જર્મનીના દિગ્ગજ ક્રિશ્ચિયન રીટ્ઝ સહિત અનેક ઓલિમ્પિક મેડલ વિજેતાઓ મેદાનમાં છે.

**ફૂટબોલ** // **આસામમાં ફૂટબોલનો ઉત્સવ, સરહદી યુવતીઓને મળી તક**

# ઉડાલગુરીમાં ઉડાન અંડર-20 ફૂટબોલ ચેમ્પિયનશિપ



(એજન્સી) ઉડાલગુરી (આસામ) । તા. 26

આસામના ઉડાલગુરી જિલ્લાના ભૂતેચાંગ ટી એસ્ટેટ ખાતે 'ઉડાન અંડર-૨૦ બોર્ડર ગર્લ્સ ફૂટબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે. મહિલા સશક્તિકરણ, રમતગમતનો વિકાસ અને સરહદી તેમજ ચા બગીચાના વિસ્તારોની યુવતીઓને પ્રોત્સાહન આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉદઘાટન સમારોહમાં ઉડાલગુરીના ડેપ્યુટી કમિશનર જોય બિકાશ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત ઢોલ-મંડલ પ્રસ્તુતિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવી હતી. ભારતીય સેનાના રેડ હોર્ન્સ આર્ટિલરી બ્રિગેડના ડેપ્યુટી કમાન્ડર કર્નલ વિવેક શર્માએ રિબન કાપીને ચેમ્પિયનશિપનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું. આ તકે સ્થાનિક વહીવટીતંત્ર અને ૩૭ એસએસબી બટાલિયનના અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટની પ્રથમ મેચ બામુનજુલી ટીમ અને હાતિગઢ ટીમ વચ્ચે રમાઈ હતી, જેમાં બામુનજુલી ટીમે ૫-૨ થી શાનદાર જીત નોંધાવી હતી. હાર્યા હોવા છતાં હાતિગઢ ટીમના ખેલાડીઓના રમત પ્રત્યેના જુસ્સાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બિરદાવવામાં આવ્યો હતો. આધુનિક ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા તમામ ખેલાડીઓને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ચેમ્પિયનશિપ સરહદી વિસ્તારોની યુવતીઓ માટે પોતાની ફૂટબોલ પ્રતિભા દર્શાવવા માટેનું એક ઉત્તમ મંચ બની રહી છે. કાર્યક્રમના અંતે આધુનિક ઈન્ડિયા ફાઉન્ડેશને ભારતીય સેના, ૩૭ એસએસબી બટાલિયન, સ્થાનિક વહીવટીતંત્ર અને તમામ સ્વયંસેવકોનો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ ટુર્નામેન્ટ માત્ર એક રમત નથી, પરંતુ દૂરના અને પછાત વિસ્તારોમાં રહેતી દીકરીઓના સપનાઓને પાંખો આપવાનું એક માધ્યમ બની છે. આવનારા દિવસોમાં આ ચેમ્પિયનશિપ દ્વારા અનેક નવી પ્રતિભાઓ બહાર આવશે તેવી આશા છે.



**ટી-૨૦ વિશ્વકપની તૈયારી તેજ**

## ભારતની મહિલા ટીમની વોર્મ-અપ મેચમાં શાનદાર જીત

(એજન્સી) ચેન્નાઈ । તા. 26

આગામી સમયમાં રમાનાર મહિલા ટી-૨૦ વિશ્વકપ માટે ભારતીય ટીમની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે. ઈંગ્લેન્ડના પ્રવાસના ભાગરૂપે રમાયેલી પ્રથમ વોર્મ-અપ મેચમાં ભારતીય મહિલા ટીમે ઈસીબી ડેવલપમેન્ટ ઈલેવન સામે સાત વિકેટે આસાન વિજય મેળવીને પોતાના અભિયાનની આક્રમક શરૂઆત કરી છે.

મીડિયા અહેવાલ મુજબ, પ્રથમ બેટિંગ કરતા ઈસીબી ડેવલપમેન્ટ ઈલેવનની ટીમ ભારતીય ઝડપી બોલરોની સામે શરૂઆતમાં જ ફસાઈ ગઈ હતી. અરુંધતી રેડ્ડીએ પાવરપ્લેમાં ઘાતક બોલિંગ કરીને શરૂઆતની ઓવરોમાં જ ટીમને બે બેક-ટુ-બેક સફળતા અપાવી હતી. જોકે, ત્યારબાદ એરિયાના ડાઉસ અને ફ્લોરેન્સ મિલરની ભાગીદારીને કારણે યજમાન ટીમ ૧૫૪ રનનો સ્કોર ખડો કરી શકી હતી. ભારતીય બોલિંગમાં અરુંધતી રેડ્ડીનું પ્રદર્શન સૌથી પ્રભાવશાળી રહ્યું હતું, જ્યારે શ્રેયાંકા પાટીલે પણ મધ્યમ ઓવરોમાં મહત્વની વિકેટ ઝડપી હતી.

૧૫૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત આક્રમક રહી હતી. કાર્યકારી સુકાની સ્મૃતિ મંધાનાએ પહેલી જ ઓવરમાં ૧૫ રન ફટકારીને દબાણ ઓછું કર્યું હતું. ત્યારબાદ શેફાલી વર્મા અને લાંબા સમય બાદ ટીમમાં વાપસી કરી રહેલી યસ્તિકા ભાટિયા વચ્ચે ૪૨ બોલમાં ૭૭ રનની ભાગીદારીએ મેચને એકતરફી બનાવી દીધી હતી.

શેફાલીએ માત્ર ૨૫ બોલમાં અડધી સદી ફટકારીને પોતાની આક્રમકતા દર્શાવી હતી. ભારતીય સુકાની હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ મંધાનાએ કર્યું હતું. હરમનપ્રીત હાલમાં દિલ્હીમાં પદ્મશ્રી પુરસ્કાર સ્વીકારવા માટે ઉપસ્થિત હોવાથી ટીમમાં ભારતી ફૂલમાલીને તક આપવામાં આવી હતી.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ માં તણાવ વધ્યો, ઈરાની મિસાઈલ સાઈટ પર હુમલાની આગ

# સીઝફાયર વચ્ચે ફરી યુદ્ધ, USનો ઈરાન પર હુમલો

(એજન્સી) તેહરાન । તા. 26

મધ્ય પૂર્વમાં શાંતિની આશા અત્યારે કાચની દીવાલ જેવી સાબિત થઈ રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયરની સમજૂતી હોવા છતાં, સોમવારે થયેલી લશ્કરી કાર્યવાહીએ સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. અમેરિકાના સૈન્યની સેન્ટ્રલ કમાન્ડ દ્વારા દક્ષિણ ઈરાનના સંવેદનશીલ વિસ્તારોમાં હવાઈ હુમલા કરવામાં આવ્યા છે, જેમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને બંદર અબ્બાસના મહત્વના ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે.



## હોર્મુઝની ખાડીમાં ઈરાની બોટનો વિનાશ

આ ઘટના ત્યારે બની જ્યારે ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની બે બોટ્સ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ માં દરિયાઈ માઈન્સ બિછાવવાનું કામ કરી રહી હતી. અમેરિકન સૈન્યને જેવી આ હિલચાલની જાણ થઈ, તેમણે ત્વરિત કાર્યવાહી કરતા આ બંને બોટ્સને પાણીમાં જ ગરકાવ કરી દીધી હતી. આ કાર્યવાહી એટલી ઝડપી હતી કે ઈરાની દળોને પ્રતિકાર કરવાની તક પણ મળી ન હતી.

માત્ર દરિયાઈ સીમા પર જ નહીં, પરંતુ જમીની હુમલામાં પણ અમેરિકાએ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. ઈરાનના બંદર અબ્બાસ ખાતે આવેલી એક મહત્વપૂર્ણ સરફેસ-ટુ-એર મિસાઈલ સાઈટ પરથી અમેરિકી ફાઈટર જેટ્સને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વળતા પ્રહારમાં અમેરિકાએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આખી મિસાઈલ લોન્ચ સાઈટને બોમ્બમારો કરીને નેસ્તનાબૂદ કરી દીધી છે. દક્ષિણ ઈરાનના આ તટીય વિસ્તારોમાં એક પછી એક થયેલા પ્રચંડ ધડાકાઓને કારણે સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

અમેરિકાના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ લશ્કરી કાર્યવાહી સીઝફાયર તોડવાના હેતુથી કરવામાં નથી આવી. અમેરિકાના અધિકારીઓનું કહેવું છે કે આ માત્ર આત્મરક્ષામાં લેવાયેલું પગલું હતું, જેનો મુખ્ય હેતુ પોતાના સૈનિકો અને સંપત્તિનું રક્ષણ કરવાનો હતો. હાલ પૂરતી આ લશ્કરી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

આ હુમલા પાછળ માત્ર તાત્કાલિક લશ્કરી સુરક્ષા જ નહીં, પરંતુ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કડક વિદેશ નીતિ પણ જવાબદાર છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક અત્યંત કડક ચેતવણી આપી છે. તેમણે ઈરાનના સંવર્ધિત યુરેનિયમને "ન્યૂક્લિયર ડસ્ટ" ગણાવીને અલ્ટીમેટમ આપ્યું છે કે ઈરાને આ તમામ જથ્થો કાં તો અમેરિકાને સોંપવો પડશે અથવા આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ તેને સંપૂર્ણપણે નષ્ટ કરવો પડશે.

## શાંતિના પ્રયાસો સામે નવો પડકાર

ટ્રમ્પનો આ પ્લાન માત્ર ઈરાનને દબાવવા પૂરતો મર્યાદિત નથી. તેઓ 'અબ્રાહમ એકોર્ડ્સ'નો વિસ્તાર કરીને ભવિષ્યના પ્રાદેશિક શાંતિ માળખામાં ઈરાનને પણ સામેલ કરવા ઈચ્છે છે, પરંતુ આ માટે ઈરાનને પરમાણુ હથિયારો બનાવવાનો મોહ છોડવો પડશે તેવી શરત મૂકવામાં આવી છે. નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી પરમાણુ મુદ્દાઓ અને પ્રાદેશિક સુરક્ષા અંગે કોઈ નક્કર સમજૂતી નહીં થાય, ત્યાં સુધી મધ્ય પૂર્વમાં આ પ્રકારના તણાવ યથાવત રહેશે.

### ઈરાની સંસ્કૃતિ ના સન્માન પર અમેરિકાના વાર

# ઈરાની સ્થાપત્ય પર USના બેવડા વલણનો વિસ્ફોટ

(એજન્સી)આગ્રા । તા. 26



વિશ્વના સાત અજાયબીઓમાં સ્થાન પામેલા તાજમહેલની સુંદરતાને નિહાળવા પહોંચેલા અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો માટે ભારતની આ યાત્રા એક કૂટનીતિક સંઘર્ષનું કારણ બની ગઈ છે. સોમવારે પત્ની જેનેટ રુબિયો સાથે તાજમહેલના દીદાર કર્યા બાદ રુબિયોએ આ સ્મારકને પ્રેમની સૌથી સુંદર નિશાની ગણાવી હતી. જોકે, તેમના આ નિવેદન બાદ હૈદરાબાદ સ્થિત ઈરાની વાણિજ્ય દૂતાવાસે સોશિયલ મીડિયા પર અત્યંત આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપીને અમેરિકાની આકરી ઝાટકણી કાઢી છે.

ઈરાની દૂતાવાસે 'એક્સ' પર એક તસવીર શેર કરીને માર્કો રુબિયોને ઈતિહાસ અને વાસ્તુશિલ્પની સમજ મેળવવાની સલાહ આપી હતી. દૂતાવાસે સીધો પ્રહાર કરતા લખ્યું કે, જો રુબિયોને ખબર હોત કે તાજમહેલ મૂળભૂત રીતે ઈરાની સ્થાપત્ય ની મિસાલ છે, તો તેઓ ત્યાં ફોટો પડાવવા માટે ઊભા રહેતા અચકાયા હોત. વાસ્તવમાં, આ ઐતિહાસિક ઈમારત મુગલ બાદશાહ દ્વારા તેમની ઈરાની પત્ની મુમતાઝ મહલના સ્મરણમાં બંધાવવામાં આવી હતી, જેના નિર્માણમાં ઈરાની વાસ્તુકારો ની અદભૂત પ્રતિભા અને કલાનો ફાળો સર્વોપરી છે.

ઈરાની દૂતાવાસે અમેરિકા પર ઈરાની સંસ્કૃતિ અને સભ્યતાને મિટાવી દેવાની ધમકી આપવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. એક તરફ અમેરિકાના ઉચ્ચ અધિકારીઓ ભારતની ધરતી પર આવીને ઈરાની કળાના આ નમૂનાને પ્રેમની નિશાની ગણાવે છે, તો બીજી તરફ વોશિંગ્ટનથી તેમની જ સરકાર ઈરાનની સમગ્ર સભ્યતાનો અંત લાવવાની વાતો કરી રહી છે. ઈરાની દૂતાવાસે આ બાબતને અમેરિકાનો બેવડો ચહેરો ગણાવતા કહ્યું છે કે એક બાજુ ઈરાની વાસ્તુકારો ની કળાને નિહાળવાનો ઉત્સાહ છે, તો બીજી બાજુ ઈરાની સંસ્કૃતિ નું અપમાન કરવાનો ઈરાદો છે.

આ આંતરરાષ્ટ્રીય વિવાદ પાછળના કારણો ૨૮ ફેબ્રુઆરીની ઘટનાઓ સાથે જોડાયેલા છે, જ્યારે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત હુમલા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વળતા હુમલામાં ઈરાને પણ પોતાની તાકાત બતાવી હતી. જોકે, હાલમાં બંને દેશો વચ્ચે સીઝફાયર સમજૂતી થઈ છે, પરંતુ તણાવની ગરમી હજુ પણ ઓછી થઈ નથી. હાલમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી ચેતવણી કે, 'જો કોઈ સમજૂતી નહીં થાય તો આજે રાત્રે એક આખી સભ્યતાનો અંત આવી જશે', તે નિવેદનને ઈરાની દૂતાવાસે તાજમહેલના મુદ્દા સાથે જોડીને અમેરિકાને અરીસો બતાવ્યો છે.

### વૈશ્વિક રાજકારણ અને કલાનું હથિયાર

આ વિવાદ સ્પષ્ટ કરે છે કે વર્તમાન સમયમાં કળા અને સ્થાપત્ય પણ રાજકીય હથિયાર બની ગયા છે. તાજમહેલના માધ્યમથી ઈરાને એ સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે કે અમેરિકા ઈરાનની સભ્યતાના વારસાનો આનંદ તો લઈ શકે છે, પણ તેની અસ્તિત્વની લડાઈમાં હજુ પણ શત્રુતાપૂર્ણ વલણ અપનાવી રહ્યું છે. નિષ્ણાતો માને છે કે ઈરાની દૂતાવાસનો આ કટાક્ષ અમેરિકાની વિદેશ નીતિ સામે એક પડકાર છે. આ દરમિયાન રશિયા દ્વારા કિવ શહેરને ખાલી કરવા માટેનું અલ્ટિમેટમ પણ વૈશ્વિક અશાંતિમાં વધારો કરી રહ્યું છે, જેના કારણે અમેરિકાના વિદેશ મંત્રીની મુલાકાત વધુ સંવેદનશીલ બની ગઈ છે.

### તણાવના વાદળો અને ભવિષ્યની દિશા

માર્કો રુબિયોની ભારત યાત્રાનો મુખ્ય હેતુ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો છે, પરંતુ ઈરાની દૂતાવાસના આ હુમલાએ નવી મુશ્કેલી ઊભી કરી છે. હવે જોવાનું એ રહેશે કે શું અમેરિકા આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરે છે કે પછી આ વિવાદને અવગણીને પોતાની યાત્રા પૂર્ણ કરે છે. અત્યારે તો સમગ્ર વિશ્વની નજર આ રાજદ્વારી ખેંચતાણ પર ટકેલી છે.

## ન્યૂઝ બ્રીફ

### દલાઈ લામા મામલે ચીનની ભારતને ફરી ચેતવણી



નવી દિલ્હી | ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ફરી એકવાર દલાઈ લામા નો મુદ્દો કેન્દ્રસ્થાને આવ્યો છે. ચીની દૂતાવાસે તાજેતરમાં એક સત્તાવાર નિવેદન બહાર પાડીને ભારતને તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામા ના મામલે દૂર રહેવાની કડક સૂચના આપી છે. ચીનના પ્રવક્તા યૂ જિંગે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, દલાઈ લામા ના ઉત્તરાધિકારીની પસંદગી એ સંપૂર્ણપણે ચીનનો આંતરિક મામલો છે અને તેમાં ભારત કે અન્ય કોઈ બાહ્ય શક્તિની દખલગીરી સહન કરવામાં આવશે નહીં. ચીની દૂતાવાસના પ્રવક્તા યૂ જિંગે દાવો કર્યો છે કે, દલાઈ લામા ના ઉત્તરાધિકારીની પસંદગી સદીઓ જૂની ધાર્મિક પરંપરાઓ અને ઐતિહાસિક રિવાજોને આધારે થાય છે, જેમાં ચીનની કેન્દ્ર સરકારની મંજૂરી હોવી અનિવાર્ય છે. તેમણે કહ્યું કે, ૧૪મા દલાઈ લામા ને પણ આ જ પ્રક્રિયા હેઠળ માન્યતા મળી હતી. ચીન ભારત પાસે એવી માંગ કરી રહ્યું છે કે, ભારતીય ધરતીનો ઉપયોગ 'તિબેટની સ્વતંત્રતા'ની માંગણી કરતા સંગઠનો કે નેતાઓ પ્લેટફોર્મ તરીકે ન કરે.

### ક્વાડ દેશોની બેઠકમાં ઉર્જા અને ખનીજ સુરક્ષા પર ભાર



નવી દિલ્હી | ભારતની રાજધાની નવી દિલ્હી ખાતે આયોજિત ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સુરક્ષા અને સહયોગને લઈને મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં જાપાન, ભારત, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાના વિદેશ મંત્રીઓએ ક્ષેત્રીય સ્થિરતા અને સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે એકમત વ્યક્ત કર્યો છે. બેઠક દરમિયાન બળજબરીથી યથાસ્થિતિ બદલવાના કોઈપણ પ્રયાસનો મજબૂતીથી વિરોધ કરવાનો નિર્ધાર પણ કરવામાં આવ્યો છે. જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોતેગીએ બેઠક બાદ જણાવ્યું હતું કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ઉર્જાનો સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા માટેની પહેલ અત્યંત સમયસર છે. આ ઉપરાંત, મહત્વપૂર્ણ ખનીજોની સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટેના નવા માળખાને તેમણે ક્ષેત્રના હિતમાં એક મોટું પગલું ગણાવ્યું છે.

### અલ-અક્સા મસ્જિદ ને મલ્ટી-ફેથ સેન્ટર બનાવવાની ચર્ચા

# અલ-અક્સા મસ્જિદના ભવિષ્યને લઈને આંતરરાષ્ટ્રીય ખળભળાટ, ઈઝરાયલનો વિવાદાસ્પદ માસ્ટરપ્લાન

(એજન્સી) યરૂસલેમ । તા. 26

યરૂસલેમમાં સ્થિત ઈસ્લામ ધર્મના ત્રીજા સૌથી પવિત્ર સ્થળ એવી અલ-અક્સા મસ્જિદ ને લઈને એક આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલે મધ્ય પૂર્વના રાજકારણમાં ભારે હોબાળો મચાવી દીધો છે. 'મિડિલ ઈસ્ટ આઈ' ના દાવા મુજબ, અમેરિકા અને ઈઝરાયલ મળીને અલ-અક્સા મસ્જિદ ના સંચાલન અને તેની જોર્ડન દ્વારા વર્ષોથી ભજવવામાં આવતી સંરક્ષક તરીકેની ભૂમિકાને બદલવાની યોજના બનાવી રહ્યા છે. જોકે, અમેરિકાએ આ તમામ અહેવાલોને પાયાવિહોણા અને ખોટા ગણાવીને સત્તાવાર રીતે ફગાવી દીધા છે.



## મલ્ટી-ફેથ સેન્ટરનો વિવાદાસ્પદ પ્રસ્તાવ

રિપોર્ટમાં દાવો કરાયો છે કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર અને ઈઝરાયલમાં અમેરિકી રાજદૂત માઈક હકાબી એક નવી વ્યવસ્થા પર કામ કરી રહ્યા છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અલ-અક્સા મસ્જિદ ની માત્ર મુસ્લિમ ઓળખને મર્યાદિત કરીને તેને મુસ્લિમ, ખ્રિસ્તી અને યહૂદીઓ માટે એક 'મલ્ટી-ફેથ સેન્ટર' તરીકે વિકસાવવાનો છે. જો આ પ્રસ્તાવ અમલી બને, તો આ પરિસરમાં યહૂદીઓને પણ સમાન અધિકાર અને મોટા સમૂહમાં સત્તાવાર રીતે પ્રાર્થના કરવાની મંજૂરી મળી શકે છે, જેને ઈઝરાયલીઓ 'ટેમ્પલ માઉન્ટ' તરીકે ઓળખે છે.

## દેખરેખની બદલાતી વ્યવસ્થા

રિપોર્ટ મુજબ, પ્રસ્તાવિત યોજના હેઠળ મસ્જિદના ઈમામ અને ધાર્મિક વક્તાઓની નિમણૂક તેમજ શુક્રવારના ધાર્મિક પ્રવચનો (ખુત્બા)ની સામગ્રી પર પણ ઈઝરાયલની મંજૂરી લેવી પડી શકે છે. હાલમાં જોર્ડન સમર્થિત જે ઈસ્લામિક વક્ફ આ સ્થળની દેખરેખ રાખે છે, તેને દૂર કરીને બહેરીન, ઈજિપ્ત, મોરોક્કો અને યુએઈ જેવા દેશોને વારાફરતી આ પરિસરની દેખરેખ સોંપવાનો પણ પ્લાન હોવાનું કહેવાય છે.

## સાઉદી અરેબિયાનો સખત વિરોધ

આ અહેવાલો સામે આવ્યા બાદ મધ્ય પૂર્વના દેશોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા આ પ્રકારના કોઈપણ પ્રસ્તાવની સખત વિરુદ્ધમાં છે. સાઉદીનું માનવું છે કે, આ ક્ષેત્રની શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે જોર્ડનની સંરક્ષક તરીકેની ભૂમિકા અત્યંત અનિવાર્ય છે. જો જોર્ડનને આ ભૂમિકામાંથી હટાવવામાં આવે, તો મધ્ય પૂર્વમાં તણાવ અને હિંસાની નવી લહેર શરૂ થવાની ભીતિ છે.

## હાલની વ્યવસ્થા અને ઈતિહાસ

ઐતિહાસિક રીતે, જોર્ડનનો હાશેમી શાહી પરિવાર વર્ષ ૧૯૨૪થી યરૂસલેમના મુસ્લિમ અને ખ્રિસ્તી ધાર્મિક સ્થળોનો સંરક્ષક રહ્યો છે, જેને ૧૯૯૪ની જોર્ડન-ઈઝરાયલ શાંતિ સંધિમાં પણ વૈશ્વિક માન્યતા મળી હતી. ૧૯૬૭ના યુદ્ધ પછીની વ્યવસ્થા મુજબ, મસ્જિદની અંદરની વ્યવસ્થા ઈસ્લામિક વક્ફ સંભાળે છે અને બહારની સુરક્ષા ઈઝરાયલ પાસે છે. વર્તમાન નિયમ અનુસાર બિન-મુસ્લિમોને ત્યાં જવાની મંજૂરી છે, પરંતુ પ્રાર્થના કરવાનો વિશેષાધિકાર માત્ર મુસ્લિમો પાસે જ છે.

## અમેરિકાની સત્તાવાર સ્પષ્ટતા

આ સનસનાટીભર્યા અહેવાલો પછી, વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે અમેરિકા જોર્ડન પાસેથી અલ-અક્સાની સંરક્ષક તરીકેની ભૂમિકા છીનવવાનો કોઈ પ્રયાસ કરી રહ્યું નથી. તેમણે આ અહેવાલને સંપૂર્ણપણે ખોટો અને અફવા ગણાવ્યો છે. તેમ છતાં, આ વિષય એટલો સંવેદનશીલ છે કે ટ્રમ્પની નવી વિદેશ નીતિ અને સંભવિત શાંતિ કરારો સામે પાકિસ્તાન જેવા અન્ય મુસ્લિમ દેશો પણ દ્વિધામાં મુકાયા છે. અલ-અક્સા મસ્જિદ નો મુદ્દો માત્ર ધાર્મિક જ નહીં પરંતુ રાજકીય રીતે પણ અત્યંત ગંભીર છે. વિશ્વના ધાર્મિક સમુદાયો અને રાજદ્વારી વર્તુળો આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચેના સંબંધોમાં આવી રહેલા બદલાવ વચ્ચે આ પ્રકારના અહેવાલો શાંતિની પ્રક્રિયામાં અવરોધરૂપ બની શકે છે. અત્યારે તો દરેકની નજર આગામી દિવસોમાં આવનારા સત્તાવાર નિવેદનો પર ટકેલી છે.

# ઈરાન ડીલ માટે ટ્રમ્પની નવી શરતે મચાવી ખળભળાટ, મુસ્લિમ દેશો માટે નવો પડકાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 26

વિશ્વના સૌથી શક્તિશાળી નેતા અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવાના બહાને એક એવી રાજકીય ચાલ ચાલી છે, જેણે પાકિસ્તાન સહિત સમગ્ર મુસ્લિમ વિશ્વને એક ગંભીર ધર્મસંકટમાં મૂકી દીધા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા અને યુદ્ધ વિરામ લાવવા માટેની વાટાઘાટો હાલ અંતિમ તબક્કે છે, ત્યારે ટ્રમ્પે અચાનક એક નવી અને આકરી શરત મૂકીને આખી રમત બદલી નાખી છે.

ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે જો ઈરાન સાથે કોઈપણ પ્રકારનો કરાર કરવો હોય, તો બાકીના મુસ્લિમ દેશોએ ઈઝરાયલ સાથેના સંબંધો સામાન્ય કરવા પડશે. અમેરિકાના પ્રમુખે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ અંગે પોતાનો કડક મત રજૂ કર્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, ટ્રમ્પે સાઉદી અરેબિયા, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત, જૉર્ડન અને બહેરીનને તાત્કાલિક અસરથી 'અબ્રાહમ કરાર' પર હસ્તાક્ષર કરવા માટે આદેશ આપ્યો છે. આ માંગણીએ ખાસ કરીને પાકિસ્તાનના રાજકારણમાં ભારે ફફડાટ વ્યાપી દીધો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પની આ ચાલ પાછળનો મુખ્ય હેતુ મધ્ય પૂર્વમાં ઈઝરાયલની સ્થિતિ મજબૂત કરવાનો અને આ પ્રદેશમાં અમેરિકન પ્રભુત્વ સ્થાપિત કરવાનો છે. ઈરાન સાથેની ડીલને અબ્રાહમ કરાર સાથે જોડીને ટ્રમ્પે ઈસ્લામિક દેશોને એક જટિલ પરિસ્થિતિમાં ધકેલી દીધા છે. એક તરફ ઈરાન સાથેના સંબંધો સુધારવાની લાંબા સમયથી ચાલી આવતી માંગ છે, તો બીજી તરફ ઈઝરાયલ સાથેના સંબંધો સામાન્ય કરવા પાછળના ધાર્મિક અને રાજકીય અવરોધો છે.

# કિવ ખાલી કરવા રશિયાનું આકરા પાણીનું અલ્ટિમેટમ, યુક્રેન યુદ્ધ વધુ ભડક્યું, વિદેશી રાજદ્વારીઓને ચેતવણી

(એજન્સી) કિવ । તા. 26

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા સાડા ચાર વર્ષથી ખેલાઈ રહેલા લોહિયાળ ખેલમાં હવે અત્યંત ભયાનક વળાંક આવ્યો છે. યુક્રેનની રાજધાની કિવ પર રશિયાએ કરેલા વ્યાપક હવાઈ હુમલા બાદ હવે ક્રેમલિન દ્વારા આખા શહેરને ખાલી કરવા માટે સીધી ધમકી આપવામાં આવી છે. રશિયાના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ શબ્દોમાં તમામ વિદેશી નાગરિકો અને રાજદ્વારીઓને તાત્કાલિક અસરથી કિવ છોડી દેવા જણાવ્યું છે.

રશિયાએ ચેતવણી આપી છે કે હવે પછીના હુમલાઓ માત્ર લશ્કરી મથકો સુધી સીમિત નહીં રહે, પરંતુ મુખ્ય વહીવટી અને નિર્ણય લેનારા કેન્દ્રો પર નિશાન સાધવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, રશિયાએ કિવની નજીક આવેલા બિલા ત્સેર્કવા વિસ્તારમાં પોતાની ઘાતક હાયપરસોનિક 'ઓરેશ્નિક' મિસાઈલનો પ્રયોગ કરીને પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું છે. શનિવાર



અને રવિવારની રાત્રે ડ્રોન અને મિસાઈલોના આ મારોમાં કિવના અનેક ઐતિહાસિક મ્યુઝિયમ અને રહેણાંક ઈમારતો રાખમાં ફેરવાઈ ગઈ છે. અત્યાર સુધીના અહેવાલો મુજબ, આ હુમલામાં ચાર નાગરિકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

આ ગંભીર સ્થિતિ વચ્ચે રાજદ્વારી સ્તરે પણ હલચલ તેજ બની છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ, સોમવારે સાંજે રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લાવરોવે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ વાતચીતમાં રશિયાએ અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે તેઓ પોતાના રાજદ્વારી સ્ટાફને સુરક્ષિત બહાર કાઢી લે, કારણ કે આગામી દિવસોમાં હુમલાઓ વધુ વિનાશક બની શકે છે. બીજી તરફ, રુબિયોએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે અમેરિકા આ સંઘર્ષને શાંત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરશે.

હાલમાં કિવની આસપાસની સ્થિતિ અત્યંત તંગ છે. નાગરિકોમાં ભયનો માહોલ છે અને રશિયા દ્વારા આપવામાં આવેલા અલ્ટિમેટમના પગલે વિદેશીઓ કિવમાંથી પલાયન કરી રહ્યા છે. રશિયાના આ પગલાને યુદ્ધના ઈતિહાસનો સૌથી મોટો અને નિર્ણાયક હુમલો માનવામાં આવી રહ્યો છે. યુક્રેનના શાસકો માટે હવે સૈન્ય વ્યૂહરચના બદલવી અનિવાર્ય બની છે. આગામી સમયમાં આ સંઘર્ષ કેટલો વિકરાળ સ્વરૂપ ધારણ કરશે તે જોવું રહ્યું.

**એઆઈ** | **આધુનિક યુદ્ધ પ્રણાલીઓ હવે મનુષ્યોના સીધા નિયંત્રણની બહાર જતી રહી છે**

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવજાત પર હાવી ન થાય

(એજન્સી) રોમ । તા. 26

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના વધતા પ્રભુત્વ વચ્ચે વેટિકન તરફથી અત્યંત મહત્વપૂર્ણ અને ગંભીર ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. પોપ લિયોએ એક વિશેષ દસ્તાવેજ 'મેગ્નિફિકા હ્યુમાનિટાસ' જાહેર કરીને ટેકનોલોજીના અનિયંત્રિત વિકાસ સામે વિશ્વને સાવધ કર્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવજાત માટે આશીર્વાદરૂપ બની શકે છે, પરંતુ જો તેના પર યોગ્ય અંકુશ નહીં હોય તો તે માનવ અસ્તિત્વ માટે ખતરો સાબિત થઈ શકે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત હથિયારો અંગે ચિંતા વ્યક્ત કરતા પોપ લિયોએ કહ્યું છે કે, કેટલીક આધુનિક યુદ્ધ પ્રણાલીઓ હવે મનુષ્યોના સીધા નિયંત્રણની બહાર જતી રહી છે. આ પ્રકારની ટેકનોલોજી વિશ્વમાં અનંત યુદ્ધ જેવી સ્થિતિ ઊભી કરી શકે છે, જ્યાં નિર્ણય લેવાની ક્ષમતા માનવીના હાથમાંથી છીનવાઈ જશે. વેટિકનની આ ઘોષણા એવા સમયે આવી છે જ્યારે આખું વિશ્વ એઆઈના સંભવિત જોખમો વિશે ચર્ચા કરી રહ્યું છે.



પોપ લિયોના મતે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના અનિયંત્રિત વિકાસથી સમાજમાં વ્યાપક પાયે રોજગારીના ક્ષેત્રે ઉથલપાથલ સર્જાઈ શકે છે. આ ઉપરાંત, ખોટી માહિતીના પ્રસાર દ્વારા લોકશાહી અને શાંતિ માટે ગંભીર પડકારો ઊભા થઈ શકે છે. જો કોઈ પણ પ્રકારના નૈતિક માળખા વગર એઆઈ આગળ વધશે, તો તે ખોટી માહિતી ફેલાવવાનું સૌથી મોટું માધ્યમ બની શકે છે, જે સમાજમાં અસ્થિરતા લાવવા માટે પૂરતું છે.

### માનવીય સંવેદનાઓનું સ્થાન ટેકનોલોજી ન લઈ શકે

પોપ લિયોએ પોતાના દસ્તાવેજમાં ભારપૂર્વક કહ્યું છે કે માનવીય સર્જનાત્મકતા, લાગણીઓ અને પરસ્પરના સંબંધોનું સ્થાન ક્યારેય કોઈ પણ ટેકનોલોજી લઈ શકતી નથી. જો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માત્ર ડેટા અને અલ્ગોરિધમ આધારિત દુનિયાનું નિર્માણ કરશે, તો સમાજમાં વિચારશક્તિનો અભાવ સર્જાશે અને લોકો માત્ર માહિતીના નિષ્ક્રિય ઉપભોક્તા બનીને રહી જશે. તેમણે સરકારોને આ ટેકનોલોજીની ગતિ ધીમી પાડવા અને તેના માટે કડક વૈશ્વિક નિયમો બનાવવા માટે આહ્વાન કર્યું છે.

# ઉત્તર કોરિયાનો પીળી સમુદ્રમાં મિસાઈલનો મારો

(એજન્સી) સિયોલ । તા. 26

ઉત્તર કોરિયાએ મંગળવારે ફરી એકવાર પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરતા પીળી સમુદ્રની દિશામાં અજ્ઞાત મિસાઈલ છોડી હોવાના સમાચાર સામે આવ્યા છે. દક્ષિણ કોરિયાની સમાચાર એજન્સી દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ત્યાંના સંયુક્ત ચીફ ઓફ સ્ટાફે આ ઘટનાની પુષ્ટિ કરી છે અને હાલમાં મિસાઈલના પ્રકાર અને તેની ક્ષમતાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર કોરિયન દ્વીપકલ્પમાં સુરક્ષાનો પ્રશ્ન ઊભો કર્યો છે.

ઉત્તર કોરિયા અગાઉ એપ્રિલ મહિનામાં પણ અદ્યતન ટેક્ટિકલ બેલિસ્ટિક મિસાઈલોનું સફળ પરીક્ષણ કરી ચૂક્યું છે, જેનું નિરીક્ષણ ખુદ કિમ જોંગ ઉને કર્યું હતું. તે સમયે સિનપો વિસ્તારમાંથી છોડવામાં આવેલી આ મિસાઈલોએ લગભગ ૧૩૬ કિલોમીટર દૂર આવેલા લક્ષ્યાંકને નિશાન બનાવ્યું હતું. આધુનિક શસ્ત્રોના પ્રદર્શન છતાં, આ મિસાઈલો જમીન પરથી છોડવામાં આવી હતી કે સબમરીનમાંથી, તે અંગે હજુ પણ તજજ્ઞોમાં મતભેદ જોવા મળે છે. નોંધનીય છે કે ઉત્તર કોરિયા ક્લસ્ટર મ્યુનિશન્સ પરના આંતરરાષ્ટ્રીય કરારનો ભાગ નથી, જે આવા શસ્ત્રોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.

એક તરફ ઉત્તર કોરિયાનું આ સૈન્ય પ્રદર્શન ચાલુ છે, તો બીજી તરફ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી માટેના પ્રયાસો તેજ થયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે ઈરાનનું સંવર્ધિત યુરેનિયમ કાં તો અમેરિકાને સોંપવું પડશે અથવા તો તેને નિર્ધારિત જગ્યાએ નષ્ટ કરવું પડશે. હાલમાં કતારમાં ઈરાની પ્રતિનિધિમંડળની હાજરીને વાટાઘાટો માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યા છે.

# AI દ્વારા આદિવાસી ભાષાઓમાં સંવાદ: સમાવેશી વિકાસનું પ્રતીક

આપણા દેશભરના જંગલો, ટેકરીઓ અને દૂરની વસાહતોમાં, એક શાંત પરંતુ સફળ પરિવર્તન ચાલી રહ્યું છે. આદિવાસી સમુદાયો લાંબા સમયથી ભારતની વિકાસગાથાના કેન્દ્રમાં તેમના યોગ્ય સ્થાનની રાહ જોઈ રહ્યા છે. આજે તેઓ રાષ્ટ્રની પ્રગતિના સક્રિય શિલ્પી તરીકે ઉભરી રહ્યા છે. આ આદિવાસી ગૌરવ મહોત્સવની ભાવના છે: વિકસિત રાષ્ટ્ર તરફ ભારતની યાત્રાની રાષ્ટ્રીય ઉજવણી, જ્યાં પ્રગતિ ભૂગોળ કે પરિસ્થિતિનો વિશેષાધિકાર નથી, પરંતુ દરેક નાગરિકનો સમાન અધિકાર છે.

મહત્વાકાંક્ષાનું પ્રમાણ : આદિવાસી વિકાસ માટે ટેકનોલોજી કેમ અનિવાર્ય બની ગઈ છે તે સમજવા માટે, સૌ પ્રથમ પડકારની તીવ્રતાને સમજવી જોઈએ. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN), ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DAJGUA), સિકલ સેલ એનિમિયા નાબૂદી માટે રાષ્ટ્રીય મિશન અને સંબંધિત પહેલોએ 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 549 જિલ્લાઓ અને 2,911 બ્લોકના 63,000 થી વધુ ગામડાઓને આવરી લીધા છે, જેનાથી 55 મિલિયનથી વધુ આદિવાસી નાગરિકોને લાભ થયો છે. ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTGs) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, આ પ્રયાસોનો હેતુ આવાસ, પીવાનું પાણી, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્યસંભાળ, કનેક્ટિવિટી અને આજીવિકા જેવી આવશ્યક સેવાઓનો સંપૂર્ણ કવરેજ સુનિશ્ચિત કરવાનો છે. આવા વૈવિધ્યસભર અને વિશાળ ભૂપ્રદેશમાં દરેક ઘર સુધી પહોંચવા માટે ડેટા-આધારિત, જોડાયેલ અને પ્રતિભાવશીલ સિસ્ટમોની જરૂર છે, અને તે જ અમે બનાવી રહ્યા છીએ.

આ વર્ષે આદિવાસી ગૌરવ મહોત્સવ ચાર વિષયગત અઠવાડિયામાં યોજાઈ રહ્યો છે, જે એકસાથે આદિવાસી વિકાસના સંપૂર્ણ આયામને પ્રતિબિંબિત કરે છે. ઉદ્ઘાટનનો વિષય, 'વિકાસના ચાલક તરીકે ટેકનોલોજી', એ દર્શાવે છે કે ડિજિટલ સિસ્ટમ્સ, વિજ્ઞાન અને નવીનતા ભારતના કેટલાક દૂરના સમુદાયો સુધી શાસન અને તકને વિસ્તૃત કરવામાં કેવી રીતે મદદ કરી રહી છે. આ અભિગમના કેન્દ્રમાં એક સરળ સિદ્ધાંત રહેલો છે: વિકાસ છેલ્લી માઇલ સુધી પહોંચવો જોઈએ, જ્યારે આદિવાસી ભાષાઓ, સંસ્કૃતિઓ, વારસો અને પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓનો પૂરતો આદર કરવો જોઈએ.

આદિવાસી ગૌરવને પ્રોત્સાહન આપતી ટેકનોલોજી : હેતુ સાથે નિર્દેશિત કરવામાં આવે તો ટેકનોલોજી શું પ્રાપ્ત કરી શકે છે તેનું એક ઉત્તમ ઉદાહરણ બિરસા 101 છે, જે ભારતની પ્રથમ સ્વદેશી CRISPR-આધારિત સિકલ સેલ રોગ માટે જનીન થેરાપી છે. સિકલ સેલ રોગ લાંબા સમયથી આદિવાસી વસ્તી માટે એક મોટો આરોગ્ય પડકાર ઉભો કરે છે, અને ભારત હવે સમાનતા અને સુલભતા પર આધારિત અદ્યતન વિજ્ઞાન સાથે તે પડકારનો જવાબ આપી રહ્યું છે. આદિવાસી બાબતોના મંત્રાલયે, કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR), CSIR-ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીનોમિક્સ એન્ડ ઇન્ટિગ્રેટિવ બાયોલોજી (IGIB) અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી, સંશોધન, ક્લિનિકલ ટ્રાયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી ટ્રાન્સફરને ટેકો આપવા માટે નાણાકીય સહાય પૂરી પાડી છે. CSIR-IGIB ખાતે તાજેતરમાં યોજાયેલા એક પરિસંવાદમાં વૈજ્ઞાનિકો, નીતિ નિર્માતાઓ અને સિકલ સેલ યોદ્ધાઓને એકસાથે લાવવામાં આવ્યા હતા, જેમાં વૈજ્ઞાનિક પ્રગતિ અને પ્રયાસો પાછળની માનવતાવાદી તાકીદ બંને દર્શાવવામાં આવી હતી. સહિયારો ધ્યેય સ્પષ્ટ છે: એક સસ્તી, એક વખતની ઉપચારાત્મક સારવાર



શ્રીમતી રંજના ચોપરા
સચિવ, આદિજાતિ બાબતોના મંત્રાલય, ભારત સરકાર

વિકસાવવી જે દરેક જરૂરિયાતમંદ આદિવાસી પરિવાર સુધી પહોંચી શકે. બિરસા 101 એ માત્ર એક મોટી તબીબી સિદ્ધિ કરતાં વધુ છે. તે એક ઘોષણા છે કે ભારતનું સૌથી અદ્યતન વિજ્ઞાન તેના સૌથી લાયક સમુદાયોની સેવા કરશે.

આ પ્રતીતિ એકલ પહેલ કરતાં ઘણી ઊંડી છે. ટ્રેડિશનલ નોલેજ ડિજિટલ લાઈબ્રેરી (TKDL) અને આયુર્જેનોમિક્સ જેવા પ્રયાસો દર્શાવે છે કે આધુનિક ટેકનોલોજી આદિવાસી સમુદાયો દ્વારા લાંબા સમયથી સચવાયેલા સમૃદ્ધ ઔષધીય અને પર્યાવરણીય જ્ઞાનને દસ્તાવેજીકરણ, માન્યીકરણ અને સંરક્ષણમાં કેવી રીતે મદદ કરી શકે છે.

આ સમાવેશની ભાવના આદિવાસી વિકાસ સાથે કૃત્રિમ બુદ્ધિમત્તાને કેવી રીતે સંકલિત કરવામાં આવી રહી છે તે આકાર આપી રહી છે. ઇન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026માં, મંત્રાલયે એઆઈ-સક્ષમ પ્લેટફોર્મ્સની શ્રેણી રજૂ કરી હતી જે એક સરળ છતાં મજબૂત માન્યતા પર આધારિત હતી કે ભાષા એ કોઈ અવરોધ નથી, જેને દૂર કરવો પડે, પરંતુ એક ઓળખ છે જેને ઉજવવી જોઈએ. આદિવાસી ભાષાઓ માટે એઆઈ-સંચાલિત અનુવાદક, આદિવાસી ભાષાઓ માટે ટેક્સ્ટ-ટુ-ટેક્સ્ટ અને ટેક્સ્ટ-ટુ-સ્પીચ અનુવાદ, OCR અને આદિવાસી ભાષાઓમાં સરકારી યોજનાની માહિતી પહોંચાડવાનું સમર્થન કરે છે, જેનાથી નાગરિકો ઘરે બોલાતી ભાષામાં જાહેર સેવાઓ સાથે જોડાઈ શકે છે. બહુભાષી વાર્તાલાપ એઆઈ સહાયક, ટ્રાઈબોટ, દૂરના વિસ્તારોમાં નાગરિકોને તાત્કાલિક માર્ગદર્શન અને ફરિયાદ નિવારણ સહાય પૂરી પાડીને આ પ્રયાસને વધુ મજબૂત બનાવે છે. ભગવાન બિરસા મુંડા સેલ અને IIT દિલ્હીના સહયોગથી આયોજિત રાષ્ટ્રીય સેમિનાર દરમિયાન પણ આ પ્રયાસોની ચર્ચા કરવામાં આવી હતી, જેમાં આદિવાસી ભાષાઓના લાંબા ગાળાના સંરક્ષણ અને મજબૂતીકરણ સહિત એઆઈના સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ અને સમુદાય-કેન્દ્રિત ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ટેકનોલોજી સાંસ્કૃતિક સમર્થન અને આર્થિક સશક્તિકરણ માટે એક શક્તિશાળી માધ્યમ બની રહી છે. આગામી TribeX પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય આદિવાસી કલા, ભાષાઓ, પરંપરાગત જ્ઞાન, સંગીત, હસ્તકલા અને સાંસ્કૃતિક અનુભવોને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવવાનો છે. આ પ્રયાસને પૂરક બનાવતા, પ્રસ્તાવિત GI પોટેન્શિયલ આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ એટલાસ ઓફ ટ્રાઈબલ ઇન્ડિયા આદિવાસી હસ્તકલા, વન ઉત્પાદનો અને પરંપરાગત કલા સ્વરૂપોને ભૌગોલિક સંકેત ક્ષમતા સાથે ડિજિટલી મેપ કરશે, જે બ્રાન્ડિંગ, બજાર પહોંચ અને આદિવાસી બૌદ્ધિક વારસાની ઓળખને મજબૂત બનાવવામાં મદદ કરશે. પાંચ રાજ્યોમાં આદિવાસી સંશોધન સંસ્થાઓમાં પાયલોટ ધોરણે ઈનોવેશન હબનું આયોજન કરવામાં આવ્યું છે, જે ડિઝાઈન અને ઉત્પાદન વિકાસ સપોર્ટ, GIS-આધારિત આયોજન ડેશબોર્ડ અને નવીનતા-આધારિત આદિવાસી ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સ માટે ઈન્ક્યુબેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરીને નવીનતાને વધુ વધારશે.

ટેકનોલોજી આદિવાસી સમુદાયો સુધી શાસન પહોંચવાની રીતને પણ એટલી જ બદલી રહી છે. PVTG ઘરેલૂ સર્વેક્ષણો માટે PM-JANMAN હેઠળ સર્વે સેતુ દૂરના વિસ્તારોમાં કલ્યાણ વિતરણનું તાત્કાલિક, જીઓ-ટેગ કરેલ દેખરેખ સક્ષમ બનાવે છે. 18 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં કાર્યરત, પ્લેટફોર્મ 8,552 સર્વેયરોના સમર્થન સાથે 3.43 લાખ ઘરગથ્થુ સબમિશન રેકોર્ડ કરી ચૂક્યું છે. આવી ડેટા-આધારિત સિસ્ટમો ખાતરી કરવામાં મદદ કરે છે કે દરેક પાત્ર પરિવારને ઓળખવામાં આવે અને આવશ્યક સેવાઓ સાથે જોડવામાં આવે. મંત્રાલય દાવા સબમિશન, GIS-આધારિત મેપિંગ, વર્કફ્લો મોનિટરિંગ અને ફરિયાદ નિવારણને સુવ્યવસ્થિત કરવા માટે AI-સક્ષમ વન અધિકાર અધિનિયમ શાસન પ્લેટફોર્મ પણ વિકસાવી રહ્યું છે. એકસાથે, આ પહેલો આદિવાસી નાગરિકો માટે શાસનને વધુ પારદર્શક, જવાબદાર અને સુલભ બનાવી રહી છે.

આદિવાસી સમુદાયો: વિકસિત ભારતના ચાલકબળ :
એક એવી ક્ષણ હોય છે જે તેના સારને સમજે છે, જેના માટે આપણે કામ કરી રહ્યા છીએ તે કોઈ નીતિ દસ્તાવેજ કે મંત્રી સમીક્ષામાં જોવા મળતી નથી. તે ત્યારે જોવા મળે છે જ્યારે દૂરના વસાહતમાં રહેતી એક આદિવાસી મહિલા, ટેકનોલોજી, ભાષા અને રાષ્ટ્ર તેની વાત સાંભળી રહ્યું છે તેવી ભાવનાથી સશક્ત બને છે, પોતાની શરતો પર સરકારી સેવાઓમાં જોડાય છે અને ગૌરવ સાથે પ્રતિભાવ મેળવે છે. તે ક્ષણ કોઈ યાત્રાનો અંત નથી. તે ભારતની રાષ્ટ્રીય વાર્તામાં એક નવા પ્રકરણની શરૂઆત છે.

આદિવાસી ગૌરવ મહોત્સવ આ સંદેશને ગર્વ સાથે લઈ જાય છે. આદિવાસી સમુદાયો, તેમની સ્થિતિસ્થાપકતા, તેમના પર્યાવરણીય જ્ઞાન, તેમની કલાત્મક પરંપરાઓ અને આ ભૂમિમાં તેમના ઊંડા મૂળ સાથે, વિકસિત ભારતના ઉંબરે રાહ જોઈ રહ્યા નથી, પરંતુ તેના સૌથી શક્તિશાળી અને પ્રેરણાદાયી ડ્રાઈવરોમાંના એક છે. જેમ-જેમ ટેકનોલોજી અંતરને દૂર કરે છે, જેમ-જેમ વિજ્ઞાન ઉપચાર પ્રદાન કરે છે, જેમ-જેમ AI જંગલો અને ટેકરીઓની ભાષાઓ બોલે છે, અને જેમ-જેમ શાસન દૂરના ગામના છેલ્લા પરિવાર સુધી પહોંચે છે, તેમ-તેમ આપણે દરરોજ એક એવા ભારતની નજીક આવીએ છીએ જે ફક્ત તેની વ્યાપકતામાં જ વિકસિત નથી, પરંતુ માનવતાથી ભરપૂર પણ છે. આ તે વિકસિત ભારત છે જે માનનીય પ્રધાનમંત્રીના વિઝનથી પ્રેરિત થઈને આપણે સાથે મળીને બનાવી રહ્યા છીએ.

## News Brief

### ગુલમર્ગમાં રોપ-વે ખોરવાતા 300 પ્રવાસીઓ હવામાં ફસાયા



શ્રીનગર: કાશ્મીરના પ્રખ્યાત પ્રવાસન સ્થળ ગુલમર્ગમાં એક મોટો અકસ્માત ટળી ગયો છે. એશિયાના સૌથી ઊંચા રોપ-વે સર્વિસમાં એકાએક ટેકનિકલ ખામી સર્જાતા ૩૦૦થી વધુ પ્રવાસીઓ જમીનથી ૫૦૦ ફૂટની ઊંચાઈએ અધવચ્ચે ફસાઈ ગયા હતા. આ અચાનક આવેલી આફતને કારણે હવામાં ૬૫ કેબિન ઠપ થઈ ગઈ હતી, જેને પગલે પ્રવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો.મળતી માહિતી મુજબ, ભરબપોરે રોપ-વે સિસ્ટમમાં ટેકનિકલ એરર આવતા સેવા ખોરવાઈ ગઈ હતી. ટેકનિશિયનો દ્વારા ખામી દૂર કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને આર્મી, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) અને પોલીસની ટીમોએ તાત્કાલિક સંયુક્ત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

### નાશિકના જ્યોતિષ અશોક ખરાતને ન્યાયિક કસ્ટડીમાં મોકલાયા

મુંબઈ: મુંબઈની પીએમએલએ (PMLA) કોર્ટે મંગળવારે નાશિકના સ્વયંભૂ જ્યોતિષી અશોક ખરાતને ૯ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની કસ્ટડી પૂરી થયા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ખરાતને ૧૯ મેના રોજ કથિત નાણાકીય ગેરરીતિઓ અને મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવ્યા હતા અને તેઓ છેલ્લા છ દિવસથી ઈડીની કસ્ટડીમાં હતા.સુનાવણી દરમિયાન ઈડીના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે હાલમાં ખરાતની વધુ પૂછપરછની જરૂર નથી. જોકે, તપાસ એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં તપાસ દરમિયાન જરૂર પડશે, તો તેમને ફરીથી કસ્ટડીમાં લઈ શકાય છે. અદાલતના આદેશ બાદ હવે તેમને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવે તેવી શક્યતા છે.આ કેસ ખંડણી, ધાર્મિક છેતરપિંડી, નાણાકીય ફ્રોડ અને આધ્યાત્મિક માર્ગદર્શનના નામે બળાત્કાર અને શોષણના ગંભીર આરોપો સાથે સંકળાયેલો છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે ખરાતે નાશિકની સહકારી ક્રેડિટ સોસાયટીઓ દ્વારા અન્ય વ્યક્તિઓના નામે અનેક બેંક ખાતાઓ ખોલાવ્યા હતા. આ ખાતાઓ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવા માટે તેમણે પોતાનો મોબાઈલ નંબર લિંક કર્યો હતો અને ખાતામાં પોતે જ નોમિની રહ્યા હતા.તપાસકર્તાઓના મતે, ખરાત સામાન્ય ચીજવસ્તુઓને "દિવ્ય શક્તિવાળી" અને "આશીર્વાદિત" વસ્તુઓ તરીકે વેચીને ભોળા અનુયાયીઓ પાસેથી મોટી રકમ પડાવતા હતા. ઈડીનો આક્ષેપ છે કે આ રીતે એકત્રિત કરવામાં આવેલી રકમનો ઉપયોગ બાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રકાશ પોફાલે અને ખરાતના પુત્રોના માધ્યમથી જમીન ખરીદવામાં કરવામાં આવ્યો હતો.

### તમિલનાડુના CM વિજય પદ સંભાળ્યા બાદ પ્રથમવાર દિલ્હી જશે

ચેન્નાઈ: તમિલનાડુના નવા મુખ્યમંત્રી સી. જોસેફ વિજય પદ સંભાળ્યા બાદ પ્રથમ વખત બુધવારે દિલ્હીની મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાત રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી વિજય દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી શકે છે, જેમાં રાજ્યના વિવિધ વિકાસકાર્યો અને કેન્દ્ર સરકાર સાથેના સહયોગ પર ચર્ચા થવાની પ્રબળ શક્યતા છે. સીએમ વિજય બુધવારે સવારે ચેન્નાઈથી દિલ્હી જવા રવાના થશે. તેમની સાથે રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ, જેમાં ગૃહ સચિવનો પણ સમાવેશ થાય છે, તે આ મુલાકાત માટેની વ્યવસ્થા પર દેખરેખ રાખી રહ્યા છે. દિલ્હી પ્રવાસ દરમિયાન, વડાપ્રધાન સાથેની મુલાકાત ઉપરાંત, તેઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે પણ મુલાકાત કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત, વિજય જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) ખાતે તમિલ કવિ-સંત તિરુવલ્લુવરની પ્રતિમાનું અનાવરણ પણ કરશે. ૧૦ મેના રોજ તમિલનાડુના ૧૩મા મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર વિજયે રાજ્યના રાજકારણમાં દાયકાઓથી ચાલી આવતા ડીએમકે અને એઆઈએડીએમકેના વર્ચસ્વનો અંત લાવીને મોટું રાજકીય પરિવર્તન આણ્યું છે. તેમની પાર્ટી 'તમિલગા વેત્રી કઝગમ' (TVK) એ વિધાનસભા ચૂંટણીમાં ૧૦૮ બેઠકો જીતીને બહુમતી હાંસલ કરી હતી, જેમાં કોંગ્રેસ, ડાબેરી પક્ષો, વીસીકે અને આઈયુએમએલના સમર્થનથી સરકાર રચાઈ છે.મુખ્યમંત્રી વિજયે પોતાની કેબિનેટમાં વિભાગોની વહેંચણી કરી છે, જેમાં તેમણે ગૃહ, પોલીસ, મહાનગરપાલિકા વહીવટ અને જળ પુરવઠા જેવા મહત્વના વિભાગો પોતાની પાસે રાખ્યા છે. ખાસ વાત એ છે કે, તેમણે રાજ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માટે અલગ વિભાગ બનાવ્યો છે.

## પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ આગ

# ખિસ્સા ખાલી કરવા તૈયાર થઈ જાઓ! CNGમાં 11 દિવસમાં ત્રીજી વખત ભાવવધારો

(એજન્સી) નવી દિલ્હી | તા 26

દિલ્હી-NCR સહિત દેશના મુખ્ય શહેરોમાં રહેતા મિડલ ક્લાસ અને વાહનચાલકો માટે આજની સવાર આવી જ કંઈક આંચકાજનક રહી છે. ગ્લોબલ એનર્જી માર્કેટમાં ચાલી રહેલી ઉથલપાથલને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ફરી એકવાર સીએનજી (CNG) ના ભાવમાં મોટો વધારો ઝીંકી દીધો છે. છેલ્લા બે અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં આ ત્રીજો ભાવવધારો છે, જે દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતી સૈન્ય અસ્થિરતા આપણા રસોડા અને પ્રવાસના બજેટને કેવી રીતે પ્રભાવિત કરે છે. નવા દરો મંગળવાર સવારે 6 વાગ્યાથી લાગુ થઈ ગયા છે. દિલ્હીમાં હવે સીએનજીના ભાવમાં પ્રતિકિલો રૂ. 2નો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારા સાથે હવે દિલ્હીમાં CNGની કિંમત રૂ. 83.09એ પહોંચી ગઈ છે. માત્ર 11 દિવસના ગાળામાં આ ત્રીજો ઝટકો છે. આ પહેલા શનિવારે પ્રતિકિલો રૂ. 1 અને 15 મેના રોજ રૂ.2નો વધારો કરવામાં આવ્યો હતો. એટલે કે 15મે થી અત્યાર સુધીમાં સીએનજી પૂરા રૂ. 5 મોંઘું થઈ ચૂક્યું છે. માત્ર દિલ્હી જ નહીં, નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં પણ કિંમતો વધીને રૂ. 88.70 થઈ ગઈ છે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પણ સીએનજીના ભાવ હવે રૂ. 84 એ પહોંચી ગયા છે. આ માત્ર સીએનજી પૂરતી મર્યાદિત આફત નથી. ત્રણ દિવસ પહેલા જ શનિવારે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આ મહિનાનો ત્રીજો વધારો ઝીંકાયો હતો.

## દેશની હજારો શાળાઓમાં હજુ પણ શૌચાલય અને અન્ય સુવિધાનો અભાવ

# માસિક ધર્મ સ્વચ્છતા માટે સુપ્રીમ કોર્ટનો રાજ્યોને કડક આદેશ

નવી દિલ્હી: શાળાઓમાં ભણતી દીકરીઓના સ્વાસ્થ્ય અને તેમના શિક્ષણના અધિકારને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે અત્યંત મહત્વનો આદેશ આપ્યો છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પષ્ટ સૂચના આપી છે કે આગામી ૧૫ ઓગસ્ટ સુધીમાં તમામ શાળાઓમાં માસિક ધર્મ સ્વચ્છતા (મેન્સ્ટ્રુઅલ હાઈજીન) ને લગતી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવે. આ આદેશનું પાલન કર્યા બાદ સરકારે તેનો રિપોર્ટ પણ કોર્ટમાં રજૂ કરવાનો રહેશે. આ સમગ્ર મામલો કોંગ્રેસ નેતા જયા ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) સાથે જોડાયેલો છે. અરજદારે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ સામે વાંધો ઉઠાવતા જણાવ્યું હતું કે, સરકાર માત્ર ભવિષ્યના રોડમેપની વાતો કરી રહી છે, પરંતુ જમીની સ્તરે શું કામ થયું છે તેનો કોઈ નક્કર અહેવાલ નથી. અત્યાર સુધી દેશભરમાંથી માત્ર ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશે જ નિર્ધારિત સુવિધાઓ પૂરી પાડી હોવાનો અહેવાલ રજૂ કર્યો છે. અરજીમાં નીતિ આયોગના વર્ષ ૨૦૨૬ ના અહેવાલનો સંદર્ભ આપવામાં આવ્યો છે, જે અત્યંત ચિંતાજનક છે. રિપોર્ટ મુજબ, દેશની ૯૮,૫૯૨ સરકારી શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે કાર્યરત શૌચાલય જ નથી, જ્યારે ૬૧,૫૪૦ શાળાઓમાં એક પણ શૌચાલય ઉપયોગ કરી શકાય તેવી સ્થિતિમાં નથી. આ સ્થિતિમાં રાજ્ય સરકારો દ્વારા આ યોજના માટે પૂરતું બજેટ ન ફાળવવું એ પણ એક મોટો અવરોધ છે. દાખલા તરીકે, મધ્યપ્રદેશ સરકારે સમગ્ર વર્ષ માટે માત્ર ૬૦ લાખ રૂપિયાની નજીવી રકમ ફાળવી છે. સુપ્રીમ કોર્ટે અગાઉના પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે બંધારણની કલમ ૨૧ હેઠળ માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા અને જરૂરી સુવિધાઓ મેળવવી એ દરેક દીકરીનો મૂળભૂત અધિકાર છે.

## સુપ્રીમ કોર્ટ, હવે કેસની તપાસ સીબીઆઈ કરશે

# યુવતીનો જીવ ગયો, કારણની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી : ટ્વિશા કેસમાં સુપ્રીમ

નવી દિલ્હી : અભિનેત્રી ટ્વિશા શર્માના શંકાસ્પદ મોતના કિસ્સામાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો લઈને સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી. મુખ્ય ન્યાયધીશ સૂર્યકાંત અને ન્યાયધીશ જોયમાલ્યા બાગચીની બેંચે આ મુદ્દે સુનાવણી કરી ત્યારે સોલિસિટર જનરલે પેરેન્ટ્સને ટકોર કરતાં કહ્યું હતું કે આવી સ્થિતિ આવે તેના કરતાં દીકરી છૂટાછેડા લઈ લે તે વધારે સારી સ્થિતિ ગણવી જોઈએ. મોડલમાંથી અભિનેત્રી બનેલી ટ્વિશા શર્માનું મધ્યપ્રદેશમાં શંકાસ્પદ મોત થયું હતું. તેનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં સાસરીમાંથી મળી આવ્યો હતો. તેના લગ્ન વકીલ સમર્થ સિંહ સાથે પાંચ મહિના પહેલાં થયા હતા અને તેની સાસુ ગિરિબાલા સિંહ જિલ્લા કોર્ટના નિવૃત્ત જજ છે. આ મામલે મધ્યપ્રદેશની પોલીસે ફરિયાદ કરી હતી કે તેમના સાસુ અને પતિ તપાસમાં સહકાર આપતા નથી. એ પછી મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ નોટિસ પાઠવી હતી. હવે આ કેસમાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો લઈને સીબીઆઈ તપાસની ભલામણ કરવાની સાથે ટકોર કરી હતી કે એક યુવતી મૃત્યુ પામી છે, કારણ જે પણ હોય, પરંતુ તેની નિષ્પક્ષ તપાસ થાય તે જરૂરી છે. તેની સાસુને તુરંત જામીન મળી ગયા તે સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ કેસમાં એવું ચિત્ર ઉપસી રહ્યું છે કે કોર્ટ જ આરોપીઓને કવચ આપી રહ્યું છે તે ચિંતાજનક બાબત છે. સુપ્રીમ કોર્ટે મીડિયાને પણ આ કેસના કવરેજમાં સંયમ રાખવાની સલાહ આપતા કહ્યું હતું કે આરોપીઓના ઈન્ટરવ્યૂ ન થાય તે જોવું જોઈએ. કેસમાં જે ડેવલપમેન્ટ હોય તેનું કવરેજ થાય તેમાં સંયમ રાખવાની જરૂર છે. તે ઉપરાંત કોર્ટે બંને પરિવારોને મીડિયામાં નિવેદનો ન આપવાની તાકીદ પણ કરી હતી. સરકારના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં જણાવ્યું હતું કે આ કેસની તપાસ સીબીઆઈ કરશે.

# યુપીના બાંદા, મહારાષ્ટ્રના બ્રહ્મપુરીમાં 48 ડિગ્રીની બળબળતી ગરમીનો હાહાકાર

નવી દિલ્હી : ઉત્તર ભારતના શહેરો ગરમીથી શેકાઈ રહ્યા છે. બે ડઝનથી વધુ શહેરોનું તાપમાન ૪૪થી ૪૮ની વચ્ચે નોંધાયું હતું. આકરી લૂથી લોકો પરેશાન થઈ ગયા હતા. દિવસ ઉપરાંત દેશના અસંખ્ય શહેરોમાં રાતનું તાપમાન પણ ૩૦ ડિગ્રીથી નીચે ન જતું હોવાથી પરેશાની બમણી થઈ ગઈ છે. એમાં વળી અલ નીનોની વ્યાપક અસર શરૂ થઈ ચૂકી છે. યુરોપમાં તરખાટ મચાવ્યા પછી હવે ભારતમાં પણ અલ નીનોના કારણે ઉભા પાક સામે જોખમ સર્જાયું છે.ઉત્તર પ્રદેશનું બાંદા અને મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી ૪૭.૬ ડિગ્રી તાપમાનથી શેકાયા હતા. આ વિસ્તારમાં ઓનલાઈન વેધર પ્લેટફોર્મ્સના કહેવા પ્રમાણે તાપમાન ફીલ તો ૪૮ ડિગ્રીથી વધારે થતું હતું. એર મોનિટરિંગ પ્લેટફોર્મ્સ એક્યૂઆઈના કહેવા પ્રમાણે ઉત્તર પ્રદેશનું ઈટાવા ૪૮ ડિગ્રી સાથે વિશ્વનું સૌથી ગરમ સ્થળ બન્યું હતું. ઉત્તર પ્રદેશના છ શહેરોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી વધારે નોંધાયું હતું. ૪૫ ડિગ્રી તાપમાન હોય ત્યારે હવામાન વિભાગ હિટવેવની આગાહી કરે છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ, હમીરપુર, આગ્રા, ઓરાઈ જેવા શહેરોમાં તાપમાનનો પારો ૪૫ કે એનાથી વધારે ઉપર ગયો હતો.મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, દિલ્હી જેવા રાજ્યોમાં પણ તાપમાન ઊંચું ગયું હતું. ઉત્તર ભારત, મધ્ય ભારત અને પશ્ચિમ ભારતના રાજ્યોના ઓછામાં ઓછા ૨૦ શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીની નજીક જતાં જનજીવનને વ્યાપક અસર થઈ હતી. મધ્યપ્રદેશના ખજુરાહોમાં તાપમાન ૪૭.૨ નોંધાતા ગરમીનો રેકોર્ડ તૂટયો હતો.હરિયાણાના સિરસામાં ૪૬, રાજસ્થાનના અલ્વરમાં ૪૪ ડિગ્રી તાપમાન દર્જ થયું હતું. આગામી ચાર દિવસ હજુય હીટવેવની હવામાન વિભાગે ચેતવણી આપી છે.

**ઈટાવા દુનિયાનું સૌથી ગરમ શહેર : વેધર મોનિટરિંગ પ્લેટફોર્મ એક્યૂઆઈ**

## ઉત્તર ભારતમાં આકાશી આફત: ત્રણ રાજ્યોમાં યલો એલર્ટ

# આવ રે વરસાદ...! કેરલમમાં વહેલું આગમન, સેટેલાઇટમાં દેખાયો વાદળોનો ઘેરાવો, આ રાજ્યોમાં યલો એલર્ટ



(એજન્સી) નવી દિલ્હી | તા 26

ભારતમાં હાલમાં હવામાનનો બેવડો મિજાજ જોવા મળી રહ્યો છે. સેટેલાઇટ તસવીરો (INSAT-3DS) પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે દેશમાં એકસાથે બે મોટી સિસ્ટમ સક્રિય થઈ છે. એક તરફ ઉત્તર ભારતમાં ભારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે પહાડી રાજ્યોમાં આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. જ્યારે બીજી તરફ અરબી સમુદ્રમાં ચોમાસાના વાદળો તેજીથી આગળ વધી રહ્યા છે.હવામાન વિભાગ (IMD) દ્વારા આ બંને ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લેટેસ્ટ સેટેલાઇટ ઈમેજરીમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ પર વાદળોનો એક વિશાળ સ્પ્રિંગ આકારનો ઘેરાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.જેના કારણે જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડ પર ભારે વરસાદનો ખતરો છે. હવામાન વિભાગના અનુસાર ભારે વરસાદ, વીજળીના કડાકા, વાવાઝોડું અને કેટલાક પહાડી વિસ્તારોમાં સ્થાનિક સ્તરે કરા પડી શકે છે. મેદાની વિસ્તારોની કાળઝાળ ગરમી અને પહાડોની ઠંડી હવા વચ્ચે થઈ રહેલા ટકરાવને કારણે આ તોફાની વાદળો બંધાયા છે.દક્ષિણ ભારતમાંથી સામાન્ય રીતે 1 જૂનની આસપાસ શરૂ થતું ચોમાસું આ વર્ષે વહેલું દસ્તક દઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 26 મે (આજની આસપાસ) કેરળમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત થઈ શકે છે. કેરળના દરિયાકાંઠે અને લક્ષદ્વીપ નજીક ખૂબ જ ઘાટા અને ઊંડા વાદળો જામ્યા છે, જે દર્શાવે છે કે હિંદ મહાસાગરમાંથી ભેજયુક્ત પવનો તેજીથી ભારત તરફ આગળ વધી રહ્યા છે. ચોમાસાના પ્રારંભિક તબક્કાને કારણે કેરળમાં 28 મેથી 3 જૂન દરમિયાન અત્યંત ભારે વરસાદ પડવાની સંભાવના છે, જેના માટે તંત્ર સજ્જ થઈ ગયું છે.જ્યારે ઉત્તર અને દક્ષિણમાં વાદળો ઘેરાયા છે, ત્યારે મધ્ય ભારત અને વાયવ્ય ભારત (જેમાં ગુજરાતના કેટલાક ભાગો પણ સામેલ છે) હજુ પણ ગરમીની લપેટમાં છે. જોકે, હવામાન વૈજ્ઞાનિકોના મતે આ સ્થિતિ ઉનાળા અને ચોમાસા વચ્ચેના સંક્રમણ કાળની ક્લાસિક નિશાની છે, જે દર્શાવે છે કે ટૂંક સમયમાં જ સમગ્ર દેશના હવામાનમાં મોટો પલટો આવશે.

# વિસ્તૃત અને નવી ઉનાળાની ખાસ ટ્રેન સેવાઓ મુસાફરોની સુવિધામાં વધારો કરે છે



(એજન્સી) માલીગાંવ | તા 26

ઉનાળાના ધસારાને ઓછો કરવા માટે, ટ્રેન નં. 07046/07047 (સિકંદરાબાદ - નાહરલગુન - સિકંદરાબાદ) સેવાઓ બંને દિશામાં પાંચ વધારાની ટ્રીપ દ્વારા લંબાવવામાં આવી છે.ટ્રેન નં. 07046 (સિકંદરાબાદ - નાહરલગુન) સાપ્તાહિક વિશેષ ટ્રેન 29 મે, 2026 થી 26 જૂન, 2026 સુધી લંબાવવામાં આવી છે. પરત ફરતી વખતે, ટ્રેન નં. 07047 (નાહરલગુન - સિકંદરાબાદ) સાપ્તાહિક વિશેષ ટ્રેન 1 જૂન, 2026 થી 29 જૂન, 2026 સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેનો તેમના હાલના સમયપત્રક, અવધિ, રચના અને સ્ટોપેજ મુજબ ચાલશે.આ ઉપરાંત, કટિહાર અને ભાગલપુર વચ્ચે ઉનાળુ વિશેષ ટ્રેન ચલાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન 27 મે થી 1 જૂન, 2026 સુધી બંને દિશામાં દરરોજ દોડશે. ટ્રેન નં. 03407 (ભાગલપુર - કટિહાર) સ્પેશિયલ ભાગલપુરથી 07:00 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 13:00 વાગ્યે કટિહાર પહોંચશે. પરત ફરતી દિશામાં, ટ્રેન નં. 03408 (કટિહાર - ભાગલપુર) સ્પેશિયલ કટિહારથી 14:10 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 20:20 વાગ્યે ભાગલપુર પહોંચશે. આ ટ્રેન 13 જનરલ કોચ સાથે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન તરીકે કાર્યરત રહેશે.સિકંદરાબાદ - નાહરલગુન - સિકંદરાબાદ સમર સ્પેશિયલનું વિસ્તરણ અને કટિહાર - ભાગલપુર સમર સ્પેશિયલ શરૂ કરવાથી ઉનાળાની મુસાફરીની મોસમમાં મુસાફરોને નોંધપાત્ર રાહત મળશે. સિકંદરાબાદ અને નાહરલગુન વચ્ચેની આ વધારાની ટ્રિપ્સ ઉત્તરપૂર્વીય ક્ષેત્રને દક્ષિણ ભારત સાથે જોડતા આ મહત્વપૂર્ણ રૂટ પર મુસાફરોની વધતી માંગને પહોંચી વળવા, રાહ જોવાની યાદી ઘટાડવા અને અનામત બેઠકોની ઉપલબ્ધતામાં સુધારો કરવામાં મદદ કરશે. આ વિસ્તૃત સેવાઓ અરુણાચલ પ્રદેશ અને અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં મુસાફરી કરતા મુસાફરોને વધુ સુગમતા અને સુવિધા પણ પ્રદાન કરશે. તેવી જ રીતે, દૈનિક કટિહાર-ભાગલપુર સમર સ્પેશિયલ ટ્રેન આ બે શહેરો અને વચ્ચેના સ્ટેશનો વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે એક વધારાનો મુસાફરી વિકલ્પ પૂરો પાડશે. એકંદરે, આ ખાસ ટ્રેન સેવાઓ કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને મુસાફરોની અવરજવરને સરળ બનાવશે, જેનાથી ઉનાળાની ઋતુ દરમિયાન વધુ આરામદાયક મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત થશે. આ ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રક અંગે વિગતવાર માહિતી IRCTC વેબસાઈટ અને NF રેલ્વેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. મુસાફરોને તેમની મુસાફરી શરૂ કરતા પહેલા આ વિગતોની પુષ્ટિ કરવા વિનંતી કરવામાં આવે છે.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 27 MAY-2026
AHMEDABAD

## ખારવાળા મેલડી માતાના મંદિર પાસે અકસ્માત

ઉમરાળા તાલુકાના પરવાળા ગામ નજીક કાર અને મોટરસાયકલ વચ્ચે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક ફોર વ્હિલર કારના ચાલકે મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક સવાર આધેડ વયના યુવકનું માથાના ભાગે ગંભીર ઇજાઓ થવાના કારણે કરૂણ મોત નીપજ્યું છે. આ અંગે મૃતકના ભાઈએ ઉમરાળા પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. ગોરધનભાઈ રોડ પર ફગવાઈ ગયા હતા અને તેમના માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર લોહીલુહાણ ઈજાઓ પહોંચી હતી.

## પાર્કિંગમાં બેઠેલા 4 યુવકો પર અચાનક સ્લેબ પડ્યો

ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં આવેલી રૂવા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મોડી રાત્રે પાર્કિંગમાં સ્લેબનો ભાગ તૂટી પડતા બાઈક પર બેઠેલા ત્રણ યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આવાસ ધારકો દ્વારા આ સંદર્ભે અનેક રજૂઆતો બાદ પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા રહિશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભાવનગરના સુભાષનગર વિસ્તારના પ્લોટ નં.- 28 રૂવા પ્રધાનમંત્રી આવાસ યોજના જે માત્ર 4.5 વર્ષ પહેલા બનેલા આવાસ ધારકોને સોંપાયા છે.



# અમદાવાદ મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ હેઠળ વ્યાપક જનજાગૃતિ અને સ્વચ્છતા અભિયાન આયોજિત





પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક ઉપયોગમાં ઘટાડો કરવા માટે વ્યાપક જનજગૃતિ અભિયાન અને વિશેષ કાર્યક્રમ સંચાલિત કરવામાં આવી રહ્યા છે. પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જનભાગીદારી વધારવાના ઉદ્દેશથી મંડળ દ્વારા 15.05.2026 થી 05.06.2026 સુધી વિવિધ કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન રેલવે કર્મચારીઓ, યાત્રીઓ, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ તથા સ્ટૉલ સંચાલકોને સ્વચ્છતા અને સતત વિકાસ પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે. મંડળના તમામ મુખ્ય સ્ટેશનો પર 15.05.2026 થી 19.05.2026 સુધી "સ્વચ્છતા શપથ" કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા, જેમાં રેલવે કર્મચારીઓ અને યાત્રીઓએ સ્વચ્છતા જાળવી રાખવાના તથા પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ લીધા. યાત્રીઓને પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ કરવા અને યાત્રા દરમિયાન પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરવા તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. રેલવે સ્ટેશનો પર ાર્વજનિક ઉદઘોષણા સિસ્ટમથી સતત ઘોષણાઓ પ્રસારિત કરીને યાત્રીઓને સ્વચ્છતા જાળવી રાખવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા, પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરવા તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. રેલવે અધિકારીઓ દ્વારા સ્ટૉલ સંચાલકો અને વિતરકોને બિન-પ્લાસ્ટિક અને પર્યાવરણ અનુકૂળ કટલરી અપનાવવા માટે સલાહ આપવામાં આવી. તારીખ 19.05.2026 થી 22.05.2026 સુધી સ્વચ્છતા અને કચરો વ્યવસ્થાપન અભિયાન હેઠળ રેલવે સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યા. પ્લેટફોર્મો પર કચરા પૃથક્કરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે વિશેષ અભિયાન સંચાલિત કરવામાં આવ્યા તથા યાત્રીઓને કચરાના યોગ્ય નિકાલ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. આ અભિયાનોમાં સ્થાનિક સમુદાયો અને બિન-સરકારી સંગઠનો (NGOs) ની પણ ભાગીદારી રહી. રેલવે કર્મચારીઓને વિશેષ રૂપે પ્લાસ્ટિક ઉપયોગમાં ઘટાડા અને જૈવિક કચરા વ્યવસ્થાપન પર સંવેંદનશીલ બનાવવામાં આવ્યા. આ ઉપરાંત, તારીષ 23.05.2026 થી 26.05.2026 સુધી "પ્લાસ્ટિક ઘટાડા અને ટકાઉ પ્રથાઓ" વિષય પર વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા. રેલવે સ્ટેશનો પર સ્થાપિત પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનોની જાળવણી અને કામ કરવાની પદ્ધતિની સમીક્ષા કરવામાં આવી. સાથે જ, સ્ટેશનો પર વિક્રેતા સ્ટૉલોનું નિરીક્ષણ કરીને સિંગલ યૂઝ પ્લાસ્ટિક પ્રતિબંધના પ્રભાવી પાલનની દેખરેખ રાખવામાં આવી. રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ વૉટર કૂલર સુવિધાઓનું નિરીક્ષણ કરી યાત્રીઓને પોતાની બોટલો ફરી ભરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા, જેનાથી એકલ ઉપયોગ પ્લાસ્ટિક બોટલોનો ઉપયોગ ઓછો થઈ શકે. સાર્વજનિક ઉદ્ઘોષણા સિસ્ટમથી યાત્રીઓથી પ્લાસ્ટિક બોટલો અને અન્ય પ્લાસ્ટિક વસ્તુઓના મર્યાદિત ઉપયોગ માટે સહયોગની અપીલ કરવામાં આવી તથા આ સંબંધમાં યાત્રીઓથી ફિડબેક પણ મેળવવામાં આવ્યું. કેટરીંગ અને ટ્રેન સેવા આપનારાઓને વર્જિન પ્લાસ્ટિક ઉત્પાદનોને બદલે રિસાઈકલ્ડ અને પર્યાવરણ અનુકૂલ વિકલ્પ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. બિન-સરકારી સંગઠનો અને અન્ય સંસ્થાઓના સહયોગથી સંવાદાત્મક કાર્યક્રમ આયોજિત કરીને પ્લાસ્ટિક પ્રદૂષણ અને તેની આડઅસરો પ્રત્યે જાગૃતિ ફેલાવવાની પહેલ પણ કરવામાં આવી.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં થયેલા 'અતુલ્યમ ૧ થી ૪ બ્લોક'ના નુકસાન પેટે ટાટા એરલાઈન્સે આરોગ્ય વિભાગને રૂ.૫૩.૧૨ કરોડ ચૂકવશે

# અમદાવાદ સિવિલ નજીક ન્યૂ મેન્ટલ કેમ્પસમાં રૂ.૧૦૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ અને કેન્ટીન બ્લોક બનાવવામાં આવશે : પ્રફુલ પાનશેરીયા

(એજન્સી) અમદાવાદ | તા. 26

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં સિવિલ હોસ્પિટલ -અસારવા નજીક આવેલ ન્યૂ મેન્ટલ કેમ્પસ ખાતે થયેલા 'અતુલ્યમ ૧ થી ૪ બ્લોક'ના નુકસાન પેટે આરોગ્ય વિભાગ દ્વારા ટાટા એરલાઈન્સ પાસે રૂ. ૫૩.૧૨ કરોડની માંગણી કરવામાં આવી હતી. જેના સંદર્ભમાં સકારાત્મક અભિગમ દાખવીને ટાટા એરલાઈન્સે રૂ. ૫૩.૧૨ કરોડની પૂરેપૂરી રકમ આગામી સમયમાં આરોગ્ય વિભાગને ચૂકવશે તેમ, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.આ અંગે વિગતો આપતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગત તા. ૧૨ જૂન ૨૦૨૫ના રોજ મેઘાણીનગર ખાતે થયેલી અમદાવાદ પ્લેન ક્રેશ વિમાન દુર્ઘટનાના કારણે આરોગ્ય વિભાગ હસ્તકના 'અતુલ્યમ ૧ થી ૪' બ્લોક્સ, કેન્ટીન અને સબ-સ્ટેશન બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું. દુર્ઘટના સમયે આ હોસ્ટેલમાં કુલ ૯૨ વિદ્યાર્થીઓ રહેતા હતા. વિમાન દુર્ઘટના બાદ કરાયેલા સ્ટ્રક્ચરલ ઓડિટમાં આ બિલ્ડિંગ્સ રહેવા માટે અસુરક્ષિત જાહેર થતાં તેને તોડી પાડવાની ફરજ પડી હતી. આમ, વિદ્યાર્થીઓની રહેવાની સુવિધા ખોરવાય નહીં અને તેમના હિતમાં તાત્કાલિક નવીન હોસ્ટેલ બનાવવાનો નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.સિવિલ હોસ્પિટલ કેમ્પસ પાસે નવી બનનારી આધુનિક હોસ્ટેલ અંગે મંત્રીશ્રીએ માહિતી આપતા કહ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ -અસારવા



નજીક આવેલ ન્યૂ મેન્ટલ કેમ્પસ ખાતે ડૉક્ટર્સ માટે અંદાજિત રૂ.૧૦૫ કરોડના ખર્ચે નવીન અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી મેરીડ પી. જી. હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે. મેડિકલ ક્ષેત્રે સુપર સ્પેશિયાલિટીની નવીન ૪૮ બેઠકોના વધારાને ધ્યાનમાં રાખીને, આગામી ત્રણ વર્ષના કુલ ૧૪૪ વિદ્યાર્થીઓ સહિત કુલ ૨૩૬ સુપર સ્પેશિયાલિટી મેરીડ



પી.જી. ડોક્ટર્સ રહી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ન્યૂ મેન્ટલ કેમ્પસ - આઈ.જી.પી. કમ્પાઉન્ડ, મેઘાણીનગર ખાતે નવીન સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ બ્લોક ઉપરાંત એક આધુનિક કેન્ટીન બ્લોક અને નવું સબ-સ્ટેશન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે પૂરતી જગ્યા પણ ફાળવી દીધી છેઆ કામગીરીને વધુ વેગ આપવા માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં અંદાજિત રકમ રૂ. ૫૧.૮૪ કરોડની સામે રૂ. ૩૪.૬૫ કરોડની બજેટ જોગવાઈ મંજૂર કરવામાં આવી છે. આગામી સમયમાં પણ આરોગ્ય ક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું.

### અતુલ્યમ હોસ્ટેલનું માળખું

નવીન આયોજિત 'અતુલ્યમ ૧ થી ૭' પી.જી. હોસ્ટેલ જી+૮ માળના સ્ટ્રક્ચર સાથે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. આ પ્રોજેક્ટમાં કુલ ૨૩૬ સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી.ડોક્ટરો માટે રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જે અંતર્ગત પ્રત્યેક ફ્લેટને સ્ટુડિયો એપાર્ટમેન્ટ શૈલીમાં તૈયાર કરવામાં આવશે, જેમાં એક લિવિંગ રૂમ -એટેચ કિચન સાથે, એક બેડરૂમ અને ટોયલેટની સુવિધા ઉપલબ્ધ હશે. આ ઉપરાંત, સુરક્ષા અને પ્રાથમિક સુવિધાઓ જેવી કે ફાયર ફાઈટીંગ સિસ્ટમ, આર.ઓ. પ્લાન્ટ અને સુદ્રઢ ડ્રેનેજ વ્યવસ્થાનો પણ સમાવેશ કરાયો છે.વિદ્યાર્થીઓની સુખાકારી માટે હોસ્ટેલ કેમ્પસમાં પાર્કિંગ માટે વિશાળ બેઝમેન્ટ તેમજ અપરિણીત પી.જી. વિદ્યાર્થીઓ માટે અલગ નિવાસસ્થાન, અધ્યતન મેસ, જીમ, રીક્રીએશન રૂમ અને આકર્ષક લેન્ડસ્કેપિંગ જેવી સુવિધાઓનું પણ પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

## વડોદરા ડિવિઝન દ્વારા નિવૃત્ત રેલવે કર્મચારી શ્રી ઉમેદભાઈ પટેલને તેમના શતાબ્દી નિમિત્તે સન્માનિત



પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા આજે પ્રતાપનગર સ્થિત ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ ખાતે એક ભાવનાત્મક અને ગૌરવપૂર્ણ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં નિવૃત્ત ડિવિઝનલ કર્મચારી શ્રી ઉમેદભાઈ બેચરભાઈ પટેલને તેમની શતાબ્દી નિમિત્તે ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, શ્રી ઉમેદભાઈ બેચરભાઈ પટેલ વડોદરા સ્થિત સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર ઓફિસમાંથી એકાઉન્ટ આસિસ્ટન્ટ તરીકે નિવૃત્ત થયા હતા. તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે વફાદારી, પ્રામાણિકતા અને સમર્પણ સાથે રેલ્વે સેવામાં પોતાને સમર્પિત કરી દીધા હતા. તેમની શતાબ્દી માત્ર તેમના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર રેલવે સમુદાય માટે ગર્વ અને પ્રેરણાનો વિષય છે.આ પ્રસંગે, વડોદરાના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેએ શ્રી પટેલને ફૂલોનો ગુલદસ્તો, શાલ અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કર્યા. તેમણે તેમના સારા સ્વાસ્થ્ય, સુખી અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી. સમારંભ દરમિયાન, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર, શ્રી આર્ય કિર્નેન્દુએ પણ શ્રી પટેલને ફૂલોનો ગુલદસ્તો આપીને અભિનંદન આપ્યા અને તેમને સ્વસ્થ અને સક્રિય જીવનની શુભેચ્છા પાઠવી.તેમના સંબોધનમાં, શ્રી પટેલે રેલ્વે સેવામાં તેમના સમયના ઘણા પ્રેરણાદાયી અનુભવો અને યાદો શેર કરી.

# ગુજરાતમાં હિન્દુઓ સેકન્ડ ક્લાસ સિટીઝનની જેમ જીવવા મજબૂર : અરવિંદ કેજરીવાલ

## અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં હિન્દુઓની સ્થિતિ મુદ્દે આપ્યું મોટું નિવેદન

(એજન્સી) અમદાવાદ | તા. 26

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ આજે એક અત્યંત ગંભીર મુદ્દા પર પોતાનો વિચાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભાજપ ૩૦ વર્ષથી ગુજરાતમાં રાજ કરી રહી છે પરંતુ આ 30 વર્ષમાં ભાજપે સૌથી વધુ દગો હિન્દુ લોકોને આપ્યો છે. ભાજપે જેટલો દગો હિન્દુઓને આપ્યો છે એટલો દગો આજ સુધી ઈતિહાસમાં કોઈએ નથી આપ્યો. હિન્દુઓએ ભાજપને પ્રેમ આપવામાં, વિશ્વાસ આપવામાં અને વોટ આપવામાં કોઈ કસર બાકી રાખી નથી. પરંતુ હિન્દુઓને



બદલામાં શું મળ્યું? 30 વર્ષમાં આ લોકોએ હિન્દુઓની પીઠમાં છરો મારવાનું કામ કર્યું અને દગો આપ્યો. 30 વર્ષ પહેલા ગુજરાતમાં હિન્દુઓની જે સ્થિતિ હતી એના કરતાં આજે બદતર સ્થિતિ હિન્દુઓની થઈ ગઈ છે. હિન્દુઓ આજે ગુજરાતમાં સેકન્ડ ક્લાસ સિટીઝનની સ્થિતિમાં જીવવા માટે મજબૂર છે.વધુમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલજીએ જણાવ્યું હતું કે, ઘણા હિન્દુઓ એવા છે જેમણે જીવનમાં ખૂબ જ પૈસા કમાયા પરંતુ એમને ઈજ્જત નથી મળી, આજે એક બીજેપીનો નાનો કાર્યકર્તા પણ જઈને અમીરથી અમીર અને મોટા હિન્દુને ધમકી આપી આવે છે. ગુજરાતમાં પૈસા કમાયા બાદ પણ આજે હિન્દુ ડરની અને અપમાનની જિંદગી જીવવા માટે મજબૂર છે. હિન્દુઓના બાળકો બેરોજગાર ફરી રહ્યા છે, જો આજે કોઈની તરક્કી થઈ છે તો ફક્ત ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓની તરક્કી થઈ છે. ભાજપના નાના કોર્પોરેટરની પણ મોટી ગાડીઓ આવી જાય છે અને મહેલ જેવા બંગલા બની જાય છે, અને હિન્દુઓના બાળકો બેરોજગાર છે, તેમને શિક્ષા પણ નથી મળી રહી અને હિન્દુઓના બાળકોને પકડી પકડીને જેલમાં નાખવામાં આવે છે, તેમને લાઠીઓ મારવામાં આવે છે. ગુજરાતમાં હિન્દુઓને શું મળ્યું? ફક્ત અપમાન, જેલ, દંડાઓ સિવાય કંઈ મળ્યું નથી. હિન્દુઓને પોતાના ગુલામ બનાવીને રાખ્યા છે. આમ આદમી પાર્ટી હિન્દુઓને તેમની ઈજ્જત પાછી અપાવશે અને એમનું માન સન્માન પાછું અપાવશે.

## અમદાવાદમાં ઝોનલ નિરંકારી બાળ સંત સમાગમનું સફળ આયોજન




(એજન્સી) અમદાવાદ | તા. 26

સતગુરુ માતા સુદીક્ષા મહારાજ ની અસીમ કૃપા થી અમદાવાદ ખાતે તા. ૨૪.૦૫.૨૦૨૬ રવિવાર ના રોજ સંત નિરંકારી સત્સંગ ભવન, ઇન્ડિક્વિપ ખાતે સાંજે ૫.૩૦ થી ૯ દરમિયાન નિરંકારી મિશનના તત્વાવધાન અનુસાર 'ઝોનલ નિરંકારી બાળ સંત સમાગમ' શ્રદ્ધા, ઉલ્લાસ અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ માં અમદાવાદ ઝોનમાં આવેલ વટવા, બોપલ, ચાંદખેડા, ડીફેન્સ કોલોની, મણીનગર અને સુરેન્દ્રનગર વિગેરે વિસ્તાર ના બાળ સંતોએ મોટી સંખ્યા માં ભાગ લીધો હતો અને ગીત, કવિતા, સ્કિટ, પોડકાસ્ટ અને કવિ દરબાર જેવી પ્રેરણાદાયી પ્રસ્તુતિઓ દ્વારા ભક્તિ, સંસ્કાર અને માનવતાનો સંદેશ આપ્યો હતો. આ આયોજનમાં પુણેથી ખાસ ઉપસ્થિત રહેલા જ્ઞાન પ્રચારક મહાત્મા આદરણીય અશોક આહુજા જી એ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, બાળકોમાં બાળપણથી જ રોપવામાં આવેલા સંસ્કારો જ ઉજ્જવળ સમાજનો પાયો બને છે. તેમણે ખેડૂત અને બીજનું ઉદાહરણ આપતા સમજાવ્યું હતું કે, જે રીતે ઉત્તમ બીજ અને ધીરજપૂર્વકની દેખભાળથી શ્રેષ્ઠ પાક તૈયાર થાય છે, બરાબર તે જ રીતે પ્રેમ, શિસ્ત અને આધ્યાત્મિક મૂલ્યોથી બાળકોનું વ્યક્તિત્વ ખીલે છે. તેમણે સદગુરુ માતા સુદીક્ષા જી મહારાજના સંદેશ દ્વારા વાલીઓને આગ્રહ કરતા કહ્યું હતું કે તેઓ બાળકોને બ્રહ્મજ્ઞાન, નૈતિકતા અને માનવીય મૂલ્યો સાથે જોડે. કાર્યક્રમના અંતમાં ઝોનલ ઈન્ચાર્જ મહાત્મા આદરણીય ધર્મપાલ મોટવાણીએ તમામ બાળ સંતો, વાલીઓ અને શ્રદ્ધાળુ ભક્તોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને બાળ સંત સમાગમને સંસ્કાર, ભક્તિ અને પ્રેમનો અનુપમ સંગમ ગણાવ્યો હતો.

# મહાઠગ ઉત્પલે ઠગાઈમાંથી 50 કરોડથી વધુનો ટેક્સ ભર્યો

## ગિફ્ટ સિટીની શૂટ સ્પેસ વિદેશ પ્રવાસની લાલચ આપતી, IPO લાવવાનો પ્લાન બનાવ્યો, ઈન્વેસ્ટર્સના 300 કરોડ ડૂબ્યા?

(એજન્સી) ગાંધીનગર | તા. 26

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં કાર્યરત શૂટસ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા ડેટા સ્ટોરેજ અને ટેરાબાઈટ સ્પેસમાં રોકાણના નામે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી મામલે મુખ્ય સૂત્રધાર ઉત્પલ પટેલ તેની પત્ની સહિત છ સંચાલકો વિરુધ પોલીસે કાયદાનો ગાળિયો કસી દીધો છે.

જોકે આ ઠગાઈની પ્રાથમિક તપાસમાં જ ઉત્પલ પટેલે રોકાણની રકમના ટેક્સ પેટે 50 કરોડથી વધુ સરકારમાં નિયમો મુજબ ભરી દીધા હોવાનું જાણવા મળતા ઠગાઈનો આંકડો 100 નહીં પણ 300 કરોડ પહોંચે તો નવાઈ નહીં.



વિદેશ પ્રવાસની લાલચ આપી રોકાણકારો પાસેથી એકત્રિત કરવામાં આવેલી કરોડોની રકમને કંપનીએ પોતાના અન્ય વ્યવસાયો જેવા કે ક્લાઉડજી ટેકનોલોજી લિમિટેડ અને હેરી હોસ્પિટાલિટી એન્ડ લીઝર લિમિટેડમાં ટ્રાન્સફર કરી રોકાણકારોની મૂડી ઉચાપત કરી લીધી છે.

આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓમાં શૂટસ્પેસ ડિજિટલ પ્રા.લિ.ના ફાઉન્ડર અને ડાયરેક્ટર ઉત્પલ રામાભાઈ પટેલ, ડાયરેક્ટર અરૂણ રમેશચંદ્ર રાય, ક્લાઉડીજી ડિજિટલ પ્રા.લિ.ના બોર્ડ ઓફ ડાયરેક્ટર અરૂણ વીરચંદભાઈ પટેલ, શૂટસ્પેસ ડિજિટલ પ્રા. લિ.ના ઝોનલ મેનેજર સચિન અમૃતભાઈ પટેલ, હેરી હોસ્પીટાલીટી એન્ડ લીઝર લિ.ના બોર્ડ ઓફ ડાયરેક્ટર ભૂમિ ઉત્પલ પટેલ તથા શૂટસ્પેસ ડિજિટલ પ્રા. લિ.ના એડિશનલ ડાયરેક્ટર અને હેરી હોસ્પિટાલિટી એન્ડ લીઝર લિ.ના ડાયરેક્ટર ધ્રુવ જગદીશભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે.

આ ઠગાઈની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની (SIT) રચના કરી છે. એએસપી આયુષ જૈની આગેવાનીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરુણ પટેલ અને સચિન પટેલની ધરપકડ કરી દસ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

## વ્યાજબી ભાવના દુકાનદારોનો સરકાર સામે બળવો, "પૈસા લો અને માલ આપો", નહીં તો જૂનથી રાશન વિતરણ બંધ કરવાની ચીમકી




(એજન્સી) ગાંધીનગર | તા. 26

ગાંધીનગરમાં ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદી એ રાજ્ય સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. રાજ્યના અંદાજે 17 હજાર વ્યાજબી ભાવના દુકાનદારોની સમસ્યાઓ અંગે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

પ્રહલાદ મોદીએ જણાવ્યું કે 4 નવેમ્બર 2025ના રોજ સરકાર સાથે 20 માંગણીઓ મુદ્દે બેઠક યોજાઈ હતી, પરંતુ હજુ સુધી કોઈ અસરકારક ઉકેલ આવ્યો નથી. તેમના કહેવા મુજબ સરકાર દર મહિને 15થી 25 તારીખ દરમિયાન આગામી જથ્થા માટે દુકાનદારો પાસેથી અગાઉથી રૂપિયા લઈ લે છે, પરંતુ સમયસર અનાજ અને અન્ય જથ્થો પહોંચાડવામાં ભારે વિલંબ થાય છે.

તેમણે આક્ષેપ કર્યો કે હાલની સ્થિતિ એવી છે કે, હજુ સુધી દુકાનોમાં માલ પહોંચ્યો નથી, જેના કારણે 1 તારીખથી થનાર રાશન વિતરણ પ્રક્રિયા પર સીધી અસર પડશે. એસોસિએશને માંગ કરી છે કે સરકાર લેખિતમાં ખાતરી આપે કે 15થી 25 તારીખ દરમિયાન ભરેલા પૈસાનો જથ્થો સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પ્રહલાદ મોદીએ ચેતવણી આપતા જણાવ્યું કે, જો સ્થિતિ યથાવત રહેશે તો દુકાનદારો જૂન મહિનાનું પરમિટ અને રૂપિયા નહીં ભરે, જેના કારણે જૂન મહિનામાં રેશન વિતરણ સંપૂર્ણપણે અટકી શકે છે.

વધુમાં કહ્યું કે, "અમારી ચોખ્ખી વાત છે - પૈસા લો અને માલ આપો. સરકાર હજુ પણ નહીં જાગે તો વધુ કપરી પરિસ્થિતિ સર્જાઈ શકે છે, જેના માટે સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે."

# વિશ્વપ્રસિદ્ધ રૂપાલના વરદાયિની માતાના મંદિર પરિસરમાં તસ્કરોનો તરખાટ

## મુખ્ય મંદિરમાં નિષ્ફળ જતાં ખોડિયાર માતાના મંદિરમાંથી 3 દાનપેટી લઈને ફરાર; 15 લાખની ચોરી

(એજન્સી) ગાંધીનગર | તા. 26

સમગ્ર વિશ્વમાં પલ્લી ઉત્સવ માટે સુપ્રસિદ્ધ અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર એવા ગાંધીનગરના રૂપાલ ગામ સ્થિત વરદાયિની માતાના મંદિર પરિસરમાં તસ્કરોએ રાત્રિના અંધકારનો લાભ લઈ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. સુરક્ષા વ્યવસ્થાને ભેદીને મંદિર પરિસરમાં બનેલી આ ચોરીની ઘટનાને પગલે સમગ્ર પંથકના ભક્તોમાં ભારે ચકચાર અને આક્રોશ ફાટી નીકળ્યો છે. શ્રી વરદાયીની માતાના મંદિર પરિસરમાં સ્થિત ખોડીયાર માતાજીના મંદિરમાં અજાણ્યા શખ્સો દ્વારા ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. મંદિરના તાળા તોડીને અંદર પ્રવેશ કરી તસ્કરો મંદિરની ત્રણ દાનપેટીઓ ઉઠાવી ગયા હતા, જેમાં આશરે 10થી 15 લાખ રૂપિયા જેટલી રોકડ રકમ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. 24



મેની રાત્રે 9 વાગ્યાથી 25 મેની સવારના 3:55 વાગ્યાના સમયગાળા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. 2 તસ્કરો નદી તરફના માર્ગેથી વરદાયિની માતાના મંદિર પરિસરમાં પ્રવેશ્યા હતા.

આ તસ્કરોનો મુખ્ય ઈરાદો વરદાયિની માતાના મુખ્ય મંદિરમાં જ ચોરી કરવાનો હતો. જોકે, મુખ્ય મંદિર મજબૂત લોખંડી સુરક્ષા કવચ અને ચુસ્ત લોકીંગ સિસ્ટમથી સજ્જ હોવાને કારણે તસ્કરો ત્યાં ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આથી, પોતાનો ફેરો ફોગટ ન જાય તે માટે તસ્કરોએ પરિસરમાં જ આવેલા ખોડિયાર માતાના મંદિરને નિશાન બનાવ્યું હતું અને ત્યાં રાખેલી દાનપેટી ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા. વરદાયીની માતાના મંદિરના મેનેજર કનુભાઈ જેઠાભાઈ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, રાત્રિના સમયે મંદિરના પુજારીઓ અને અન્ય સ્ટાફ પોતપોતાના રૂમમાં સૂઈ રહ્યા હતા. દરમિયાન, વહેલી સવારે મંદિરના ચોકીદાર કનુભાઈ રાવળને જાણ થઈ હતી કે ખોડીયાર માતાના મંદિરના તાળા તૂટેલા છે.

# અમદાવાદમાં કુખ્યાત આરોપીના પગમાં પીઆઈએ ગોળી મારી : સાયન્સ સિટીમાં ધમા બારડનો ક્રાઈમ બ્રાન્ચ પર હુમલો



(એજન્સી) અમદાવાદ | તા. 26

અમદાવાદના કૃષ્ણનગરમાં હત્યાના પ્રયાસના ગુનામાં વોન્ટેડ આરોપી ધમા બારડના પગમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ચૌહાણે ગોળી મારી હતી. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ધમા બારડની ધરપકડ કરવા પહોંચ્યા હતા. તે દરમિયાન આરોપીએ પોલીસ અધિકારીઓ પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. જેથી સ્વબચાવમાં આરોપીના પગમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઘાયલ આરોપી ધમા બારડને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પીઆઈ મેહુલ ચૌહાણે આરોપી સંગ્રામસિંહ પર પણ ફાયરિંગ કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ બાતમી મળતા જ સાયન્સ સિટી વિસ્તારમાં ઓક્સિજન પાર્ક પાસે કુખ્યાત આરોપી ધર્મેન્દ્ર સિંહ ઉર્ફે ધમો અભેસિંહ બારડની ધરપકડ કરવા પહોંચ્યા હતા. આ ઓપરેશન દરમિયાન આરોપી ધમા બારડે પોલીસ પર પિસ્તોલ તાણી હિંસક હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ચૌહાણે આરોપીના પગમાં ગોળી ધરબી હતી.

પોલીસે ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતા ગુનેગારને સફળતાપૂર્વક કસ્ટડીમાં લઈ તાત્કાલિક સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જોકે, ઘટના બાદ ક્રાઈમ બ્રાન્ચના જેસીપી, ડીસીપી હર્ષદ પટેલ સહિતનો પોલીસ કાફલો પણ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતો.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...